


અફઘાની ઝંડો ફરકાવાતા ગોળીબાર, ૩નાં મોત

PAGE NO. 18

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ચીનની LAC પર ફરી અવળચંડાઇ, પેંગોંગ ત્સો લેકમાં સૈન્ય બળ વધાર્યું

PAGE NO. 16

FRIDAY, 20 AUGUST, 2021 Vol. 18, No. 34 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news

# અફઘાનિસ્તાનમાં શરિયા કાનૂન લાગુ થશે

## અરાજકતાના માહોલ વચ્ચે નવી સરકાર ન રચાય ત્યાં સુધી એક કાઉન્સિલ દેશનો વહિવટ સંભાળશે

**કાબુલ**

જ્યાં સુધી તાલિબાન અફઘાનિસ્તાનમાં પોતાની નવી સરકારની રચના ન કરી લે ત્યાં સુધી એક કાઉન્સિલ દ્વારા આખા દેશને ચલાવવામાં આવશે. તાલિબાનીઓ હાલ અફઘાનિસ્તાનના નેતાઓ, સેનાના ઓફિસર્સ સાથે ચર્ચા ચાલુ રાખશે અને નવી સરકારના ફ્રેમવર્ક પર કામ કરવામાં આવશે તેમ એક તાલિબાની નેતાએ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે તાલિબાન તમામ નેતાઓ ઓફિસર્સ સાથે વાત કરી રહ્યા છે અને બધા સાથે વાત કર્યા બાદ નવી સરકારની રચના કરવામાં આવશે. જોકે હાલ કાઉન્સિલ જ અફઘાનિસ્તાનને ચલાવશે અને હૈબાતુલ્લાહ અખુંડઝાડા તેની આગેવાની કરી શકે છે. તાલિબાની કમાન્ડરના કહેવા પ્રમાણે તેમની નવી સરકારને લઈ હજુ અનેક બાબતો સ્પષ્ટ કરવાની છે પરંતુ એક વસ્તુ નક્કી છે કે, અફઘાનિસ્તાનમાં લોકશાહી નહીં હોય. અમારા ત્યાં લોકશાહી સિસ્ટમનો બેઝ નથી. માટે એ સ્પષ્ટ છે કે, મુલ્કમાં ફક્ત શરિયા કાયદો જ લાગુ કરવામાં આવશે. તાલિબાની નેતાઓએ થોડા દિવસ પહેલા અફઘાનિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરજઈની મુલાકાત લીધી હતી. આગામી દિવસોમાં કતારના દોહા ખાતે યોજાનારી બેઠકમાં હામિદ કરજઈ પણ સામેલ થશે અને ત્યાં અફઘાનિસ્તાનમાં તાલિબાનની નવી સરકાર બનાવવાને લઈ ચર્ચા કરવામાં આવશે.



## આઝાદીની રેલી પર તાલિબાનો ત્રાટક્યા, અનેકનાં મોત

તાલિબાનોના શાસનનો ઈનકાર કરતાં અફઘાન દેખાવકારોએ સતત બીજા દિવસે રાષ્ટ્રીય ધ્વજ લહેરાવીને તાલિબાનોને પડકાર ફેંક્યો છે. જોકે, બ્રિટિશ શાસનમાંથી મુક્ત થવા બદલ ઊજવાતા આઝાદી દિનની ઊજવણી સમયે કાબુલમાં અનેક નાગરિકોએ અફઘાન રાષ્ટ્રધ્વજ ફરકાવતાં રેલી કાઢી હતી. પરિણામે કોઈની સામે બદલો નહીં લેવાની જાહેરાત કરનારા તાલિબાનોએ રેલી પર અંધાધૂંધ ગોળીબાર કરતાં અનેક લોકો માર્યા ગયા હતા. તાલિબાનો સામે હવે નાગરિકોએ બળવો પોકાર્યો છે અને ઠેરઠેર દેખાવો શરૂ કર્યા છે. કાબુલ એરપોર્ટ નજીક લોકોએ અફઘાનિસ્તાનનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. વધુમાં નાનગરહર પ્રાંતમાં પણ દેખાવો શરૂ થયા હતા. પરિણામે તાલિબાનોએ બંદૂકની અણીએ લોકોનો બળવો દબાવવા પ્રયાસ શરૂ કર્યા છે.

## કાબુલ એરપોર્ટ બહાર લોકો પર ફાયરિંગ, દંડા વરસાવ્યા

### સિવિલિયન ફ્લાઈટ્સ બંધ હોવા છતાં દેશ છોડવા માગતા હજારો લોકોની એરપોર્ટ ઉપર ભીડ જામી

**કાબુલ**

કાબુલમાં તાલિબાને અત્યાચાર શરુ કરી દીધો છે અને એરપોર્ટ બહાર એકઠા થયેલા લોકો પર તાલિબાનોએ ફાયરિંગ કરી હોવાના અહેવાલો સામે આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે હાલમાં સિવિલિયન ફ્લાઈટસ બંધ છે. આમ છતા દેશ છોડવા માંગતા હજારો અફઘાનો રોજ કાબુલ એરપોર્ટ તરફ જઈ રહ્યા છે. એરપોર્ટની બહાર બુધવારે હજારો લોકો એકઠા થયા હતા અને તેમના પર તાલિબાન દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યુ હતુ અને ડંડા વડે માર મારવામાં આવ્યો હતો. અમેરિકાના એક અખબારના પત્રકાર માર્કસ યામે આ કાર્યવાહીમાં ઘાયલ થયેલા અફઘાની નાગરિકોની તસવીરો પણ બહાર પાડી છે.



તાલિબાનો એરપોર્ટ પર પહોંચી રહેલા દરેક વ્યક્તિના કાગળીયા ચેક થઈ રહ્યા હતા અને બહુ ઓછો લોકોને અંદર જવા દેતા હતા. ઘણા લોકો પાસે પાસપોર્ટ પણ નહોતા. એરપોર્ટનો ગેટ જ્યારે ખુલતો ત્યારે ભીડ અંદર ઘૂસવાની કોશીશ કરતી હતી. જેમને વિખેરવા માટે તાલિબાનોએ ફાયરિંગ કર્યુ હતુ. જોકે એરપોર્ટ પર તૈનાત નાટો દેશના અધિકારીઓએ ફાયરિંગ થયુ હોવાની વાતનો ઈનકાર કર્યો હતો પણ એરપોર્ટ પર થયેલી ભાગદોડમાં કેટલાય લોકોના ઘાયલ થવાની વાતને સમર્થન આપ્યુ છે.

વધુ વિગત માટે વાંચો પેજ નં. 18

## તાલિબાને અત્યાધુનિક હથિયારો કબજે લઈ લીધા

અમેરિકન સૈનિકોની ઘર વાપસી બાદ તાલિબાને માત્ર દસ દિવસમાં અફઘાનિસ્તાન પર કબ્જો જમાવી દીધો છે. વધારે ચોંકાવનારી વાત એ છે કે, અફઘાન સેનાની પીછેહઠના કારણે તાલિબાનને અમેરિકા અને રશિયા જેવા દેશોના ઘાતક હથિયારો પણ કબ્જો કરવાનો મોકો મળી ગયો છે. આ હથિયારોમાં રશિયન બનાવટના એમઆઈ-૨૪ એટે હેલિકોપ્ટર, અમેરિકાના યુએચ-૬૦ બ્લેક હોક હેલિકોપ્ટર, રશિયન બનાવટના એમઆઈ ૮ પ્રકારના હેલિકોપ્ટર તેમજ બ્રાઝિલમાં બનેલા હળવા વજનના લડાકુ વિમાનોનો સમાવેશ થાય છે. સાથે સાથે તાલિબાનને બખ્તરબંધ વાહનો પણ મળી ગયા છે. જેમાં અમેરિકન હમવી પ્રકારના વાહનોનો સમાવેશ થાય છે. સૈંકડોની સંખ્યામાં લશ્કરી ટ્રકો પણ તાલિબાનને મળી ગઈ છે.
















# કેનેડામાં ૨૦મી સપ્ટેમ્બરે ચૂંટણી : ટ્રુડોની જાહેરાત

## વડાપ્રધાન અને લિબરલ પાર્ટીના નેતાઓએ ગવર્નરને મળી 43મી સંસદને ભંગ કરવા વિનંતી કરી

ઓટાવા : કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ ફેડરલ ચૂંટણી વહેલી યોજવાની તૈયારી કરી દીધી છે અને ૨૦મી સપ્ટેમ્બરે મતદાનની તારીખ જાહેર કરી દીધી છે. ચૂંટણીમાં ફરીથી ચૂંટાઈ આવવા માટે તેમણે કેનેડિયનોને પોતાનો અવાજ વ્યકત કરવાની તક ગણાવી હતી. વડાપ્રધાન અને તેમના લિબરલ પાર્ટીના નેતાઓએ રવિવારે ગવર્નર જનરલ મેરી સિમોનને રીડેઉ હોલ ખાતે મળી ૪૩મી સંસદને ભંગ કરવાની અને ઉનાળુ ચૂંટણીને લગતી ૩૩૮ અનિર્ણિત રહેલી અરજીઓનો નિકાલ લાવવા વિનંતી કરી હતી. મતદાનની તારીખ ૨૦મી સપ્ટેમ્બર નક્કી થઈ હોવાથી પ્રચાર માટે માત્ર ૩૬ દિવસ જ મળશે જે ફેડરલ કાનૂન મુજબ કદાચ અત્યાર સુધીની સૌથી ઓછો સમય છે.



કેનેડિયનોએ પાંચ અઠવાડિયાના સમયમાં એટલે કે મહામારીના બાકી રહેલા સમયગાળામાં દેશમાં કોનું શાસન હોવું જોઈએ એ નક્કી કરવાનું રહેશે. વડાપ્રધાને રાણી એલિઝાબેથના પ્રતિનિધી તરીકે એક માસથી ઓછો સમય રહેનારા અને કેનેડાના ૩૦માં ગવર્નર જનરલનું પદ સંભાળનારા મેરી સિમોન સાથેની મુલાકાત બાદ રિડાઉ હોલની બહાર પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેમણે મહામારી દરમિયાનની કામગીરી અને વેકસીનેશનની ચાલી રહેલી ઝુંબેશ વિશેની જાણકારી આપીને ચૂંટણી વહેલી યોજવાની રજુઆત કરી હતી. જેથી મહામારી બાદની રીઓપનીંગની પ્રક્રિયા સરળ બની શકે.

આને માટે તેઓ હાઉસ ઓફ કોમન્સમાં વિશ્વાસમત મેળવી શકશે એવી ખાતરી પણ આપી હતી. ત્યારબાદ તેમણે કેનેડાની જનતાને અપીલ કરતા કહ્યું હતું કે, હવે સમય આવી ગયો છે કે, ભવિષ્યમાં તમારા સંતાનો કેવા વાતાવરણમાં ઉછરે, એ નક્કી કરી લેવાનો. કેમકે આ નિર્ણાયક સમય છે અને ત્યારે તમારા અવાજને મહત્વ મળવું જોઈએ. કોવિડ-૧૯ સામેની લડાઈમાં કઈ રીતે જીતી શકાય અને પહેલા જેવી સ્થિતિ લાવી શકાય,

# અફઘાનમાં કેનેડાએ દૂતાવાસનું કામ સ્થગિત કર્યું

## અફઘાનિસ્તાનમાંથી કેનેડા પરત ફરવા માંગતા નાગરિકો મુશ્કેલીમાં મુકાયા

**કાબૂલ**

અફઘાનિસ્તાનમાંથી પોતાના સાથી કેનેડીયનોને સલામત બહાર કાઢવા મથી રહેલાઓને રવિવારે ભારે અંધાધુંધી, ભય અને નિરાશાનો સામનો કરવો પડયો હતો. કેમ કે, રાજધાની પર તાલિબાનોએ કબજો જમાવી દીધો અને કેનેડાએ કાબુલમાં પોતાના દૂતાવાસને બંધ કરી દીધો હતો.

આ સાથે જ આફઘાન સાથેના રાજદ્વારી સંબંધો સ્થગિત કરી દીધા હતા. કેનેડાની સરકારે કહ્યું હતુ કે, વર્તમાન સંજોગોને જોતા દૂતાવાસની સુરક્ષા સામે મોટો ખતરો છે એને પહોંચી વળવાની કોઈ ખાતરી નથી. અફઘાનિસ્તાન ખાતેના કેનેડાના રાજદૂત સાથેની ચર્ચા બાદ કામ સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, એમ વિદેશી બાબતોના મંત્રી, ઈમિગ્રેશન મંત્રી અને સંરક્ષણ મંત્રીએ સંયુકત નિવેદનમાં જણાવ્યુ હતું.

તેમણે કહ્યું હતું કે, કેનેડીયન અધિકારીઓની સુરક્ષાને પ્રાથમિકતા અપાશે અને તેમને સલામત રીતે કેનેડા પરત લાવવામાં આવશે. તાલિબાનોએ એક અઠવાડિયાના ટૂંકા ગાળામાં અફઘાનિસ્તાન પર કબ્જો જમાવી દીધો હતો અને રવિવારે રાજધાની પણ કબજે કરી લીધી હતી.

અધિકારીઓએ એપીને રવિવારે જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ અશરફ ઘની દેશ છોડીને જતા રહ્યા છે. રવિવારે જ અમેરિકા અને વેસ્ટર્ન મિશનના કાર્યાલયો બંધ કરી દેવામાં આવ્યા હતા. કેમ કે, સ્ટાફે સંવેદનશીલ દસ્તાવેજોનો નાશ કરી દીધો હતો. કેનેડિયન-અફઘાન ઈન્ટરપ્રિટર્સ ગૃપના અધિકારી અને નિવૃત્ત સેના અધિકારી ડેવ મોરોએ કહ્યું હતું કે, તેમને અને તેમના સાથીઓને અફઘાનો તરફથી દર્દનાક સંદેશાઓ મળતા હતા કે, સરકારે તેમને ભગવાનના ભરોસે છોડી દીધા છે. લોકોમાં ભયનો માહોલ એટલો વધી ગયો હતો કે, તેમના માટે કામ કરવું પણ મુશ્કેલ બની રહ્યું હતું.

# મોન્ટ્રીયલના શખ્સને સગીરાના શોષણ બદલ ૧૮ વર્ષની સજા

## શિક્ષણ આપવાને બહાને પૈસા આપી દિકરીને લઇ આવ્યો હતો

**મોન્ટ્રીયલ**

આફ્રિકાથી આઠ વર્ષની બાળકીને કેનેડા લઈ આવી છેલ્લા ત્રણ વર્ષથી એનું યૌન શોષણ કરનારા એક વ્યકિતને મોન્ટ્રીયલની સુપીરીયર કોર્ટના જસ્ટીસ પીયરી લાબેલે અદાલતની કાર્યવાહીને અંતે ૧૮ વર્ષની સજા ફટકારી હતી. કોર્ટના દસ્તાવેજો મુજબ એક શાળાના પૂર્વ કાઉન્સેલર સિલ્વીન વિલેમીરે બાળાની માતાને પૈસા આપી તેને કેનેડામાં સારૂં શિક્ષણ અપાવવાના બહાને લઈ આવ્યો હતો. ૬૦ વર્ષીય વિલેમીરેએ છોકરી ૧૧ વર્ષની થાય ત્યાં સુધી કેદમાં રાખી હતી અને ત્યારબાદ અનેકવાર તેણે એનું યૌન શોષણ કર્યું હતુ. આ કૃત્યમાં તેની સાથે એક અન્ય વ્યકિત પણ સામેલ હતી. એની સામેના અન્ય આરોપોમાં ચાઈલ્ડ પોર્નોગ્રાફીને લગતી સામગ્રી રાખવાનો અને એના વિતરણનો સમાવેશ થાય છે. આ ઘટના સપ્ટેમ્બર, ૨૦૨૦ની હતી. ૧૨મી ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ પોલીસે તેને ગુનેગાર ઠરાવી કેસ નોંધ્યો હતો. પ્રોસ્યુકેટર એમીલી રિવાર્ડે વિલેમારીને ખતરનાક ગુનેગાર જાહેર કરવા અપીલ કરી હતી. જેની સુનાવણી કોર્ટમાં ઓકટોબર માસમાં થઈ હતી. જેનો ચુકાદો હવે આવી ગયો હતો અને એને સજા ફટકારવામાં આવી છે.

# ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મીસીસાગાની મીટીંગ : બોલીવુડ - દેશભક્તિના ગીતો ગુંજ્યા

**મીસીસાગા**



## 15મી ઓગસ્ટ સ્વતંત્ર દિવસે શહીદોને યાદ કરી તેઓને શ્રદ્ધાંજલી અપાઈ હતી


ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મીસીસાગાની મીટીંગ 15 August રવિવાર બપોરના બે વાગે ઝૂમ પર યોજવામાં આવી હતી. સભ્ય પંકજભાઈ મહેતાએ સભ્યોને આવકાર આપ્યા બાદ મહેન્દ્રભાઈ ગોઢીયાએ પ્રથમ પ્રાર્થના રજુ કરી હતી. કાર્યક્રમની રૂપરેખા રેખાબેન ગોઢીયાએ જણાવી હતી. જયારે પ્રમુખ કલાબેન પટેલે બધાને આવકારતા પ્રથમ મહેન્દ્રભાઈ ગોઢીયા, પ્રવીણભાઈ મહેતા, પંકજભાઈ મહેતા તથા સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. જે બાદ સંસ્થાના દિવંગત જશવંતભાઈ ઠાકોરલાલ તથા કોકીલાબેન પટેલને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. આ સાથે 15મી ઓગસ્ટ સ્વતંત્ર દિવસે શહીદોને યાદ કરી તેઓને શ્રદ્ધાંજલી અપાઈ હતી.

૬ સપ્ટેમ્બરે સંસ્થા દ્વારા કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં વેકસીનના બંને ડોઝ લીધા હોય તેવા સભ્યો ભાગ લઈ શકશે. જે પછી 12 સપ્ટેમ્બરે સવારે walkathonનુ આયોજન કરવામાં આવ્યું છે અને ત્યારબાદ યોજાનારી પીકનીકમાં વેકસીનેટેડ હોય તેવા સભ્યોને સામેલ કરવાની જાહેરાત કરાઈ હતી. કેમ્પના આયોજક શ્રીકાંતભાઈ તથા મુકેશભાઈએ કેમ્પની માહિતી આપી હતી. વધુમાં ૧૭ ઓક્ટોબરે દિવાળીનો કાર્યક્રમ યોજવા પણ આયોજનની જાહેરાત થઈ હતી. જેમાં સરકાર જેટલા સભ્યોને એકસાથે મળવા માટે મંજૂરી આપશે તે પ્રમાણે આયોજન થશે. ઈલાબેન દેવાણીએ Bollyfit કસરત કરાવી હતી, જેમાં દેશભક્તિના ગીતો પર બધાએ કસરત કરી આનંદ મેળવ્યો હતો. તે બાદ રાષ્ટ્રગીત પણ ગાવામાં આવ્યું હતું. પ્રમુખ કલાબેને ઈલાબેનના આ સુંદર કાર્યક્રમ બદલ આભાર માન્યો હતો. ટ્રેઝરર જયેશભાઈ મહેતાએ રિપોર્ટ આપ્યો અને જેમની ફી બાકી હોય તેમને ફી ભરવા જણાવ્યું હતું. દિલીપભાઈ પટેલે જણાવ્યું કે walkathon માટેનો કાર્યક્રમ 12 સપ્ટેમ્બરના યોજવામાં આવશે. જેમાં મેમ્બરો તેમના પરિવાર મિત્રો સાથે ભાગ લઈ શકે છે. હોસ્પિટલને માટે ઓછામાં ઓછું ૨૫ ડોલરનું Donation સ્વીકારવામાં આવશે. ડોનેશનની રસીદો પણ મેળવી શકાશે. દાનની રકમ ચેક અથવા ટ્રાન્સફર પણ કરી શકશો. જે બાદ બર્થડે સેલિબ્રેશનમાં મહેન્દ્રભાઈ, રેખાબેન તથા અનિલભાઈ ગોઢીયાએ આ માસમાં આવતા બધા સિનિયર્સસોની birthday માટે - બર્થ ડે ગીત દ્વારા તથા ફોટાઓ મૂકી સુંદર રીતે ઉજવણી કરી હતી. ત્યારબાદ રેખાબેન ગોઢીયાએ કેરીઓકી કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું.



# કેનેડાની વૈભવી અને મોંઘીદાટ ટ્રેન સેવાના પ્રથમ યુએસ રૂટની શરૂઆત થવાના સંકેત

## વૈભવી ટ્રેનમાં શરાબ તથા ખાણીપીણીની ચીજવસ્તુના ભાવ વધુ હશે



**ઓન્ટેરિયો**

અમેરિકાની રેલ રોડ સિસ્ટમને એના ઉત્તરી પાડોશી તરફથી પ્રોત્સાહન મળી રહ્યું છે. પશ્ચિમ કેનેડાની જાણીતી વૈભવી ટ્રેન લાઈન રોકી માઉન્ટેનિયર પહેલા અમેરીકન રૂટની જાહેરાત નેમસેક માઉન્ટન રેન્જ નામથી ૧૫મી ઓગસ્ટે કરાઈ હતી. જેની પહેલી ટ્રીપ ડેનેવર, કોલો અને મોબ ઉતાહ વચ્ચેના રૂટને રોકીસ ટુ ધ રેડ રોકસ તરીકે ઓળખાવાશે. જે પશ્ચિમ કેનેડા (વાન્કુંવરથી બાનાફ, લેક લુઈસ અને જાસ્પર) અને પેસેન્જરોને કોલોરાડોના જુદા જુદા પ્રાંતોના સ્ટેશનોથી લઈને દક્ષિણ ઉતાહના વિસ્તાર સુધી પહોંચાડશે. અમેરિકામાં જયાં ટ્રેન પ્રવાસ વધુ પ્રચલિત નથી, એટલે ત્યાં વૈભવી ટ્રેનો ઓછી જોવા મળે છે. ધ ડુરાંગો એન્ડ સિલ્વરટન નેરોગેજ રેલ અમટ્રાકના દરિયાકાંઠે વોશિંગ્ટન અને કેલિફોર્નીયા વચ્ચે સીધી દોડે છે. જો કે, રોકી માઉન્ટેનિયર જેવી વિશિષ્ટતા ધરાવનારી બીજી કોઈ સેવા નથી. જયાં ખાણીપીણી અને શરાબ અને વૈભવી સેવાઓને મહત્વ વધુ અપાય છે. ૧૯૯૦થી શરૂ થયેલી આ કંપનીને વલ્ડ ટ્રાવેલ એવોર્ડ અત્યાર સુધીમાં આઠ વખત મળી ચુકયો છે. ૨૦૨૦માં એને ગ્લોબ ટ્રાવેલ એવોર્ડ બેસ્ટ રેલ કંપની તરીકે મળ્યો હતો. અમેરિકામાં વૈભવી ટ્રેનોમાં સ્લીપર કોચ હોતા નથી, એને બદલે પ્રવાસીઓ રાતવાસા માટે સ્થાનિક હોટેલોમાં જવાનું હોય છે. એની પાછળનો આશય એવો છે કે, પ્રવાસીઓને રાત્રીની સારી ઉંઘ આવે અને રાત્રીના અંધકારમાં કુદરતી સૌદર્યને નિહાળી પણ નથી શકાતું એ પણ છે.

વૈભવી ટ્રેનમાં ખાણીપીણી પણ ખાસી મોંઘી છે. જેમાં સિલ્વર લીફ અને સિલ્વરલીફ પ્લસ જેની રેંજ પ્રતિ વ્યકિત ૧૨૫૦ યુએસ ડોલર અને ૧૬૪૫ યુએસ ડોલર જેટલી છે. સારૂં ભોજન અને મોંઘો શરાબ એમાં મળી શકે છે.

# કેનેડામાં પ્રોપર્ટી વેચાણ ઘટી ગયું સરેરાશ કિંમત ૬૬૨૦૦૦ ડોલર થઈ

**ઓન્ટેરિયો**

કેનેડાના હાઉસિંગ માર્કેટમાં મંદીનો દોર આગળ વધી રહ્યો છે. જેમાં વેચાણભાવો અને પ્રમાણને અસર થઈ રહી છે. છેલ્લા થોડા મહિનાઓમાં અને ખાસ કરીને જુલાઈમાં આ ઘટાડો નોંધપાત્ર રહ્યો છે. ધ કેનેડિયન રીયલ એસ્ટેટ એસોસિયેશને સોમવારે જાહેર કર્યું હતુ કે, જુલાઈમાં વેચાણ ૧૫ ટકા ઘટી ગયું હતું, જે ગયા વર્ષના જુલાઈની સરખામણીમાં છે. એસોસિયેશનના વરિષ્ઠ અર્થશાસ્ત્રી શોન કેથકાર્ટ કહે છે કે, માર્ચમાં બજાર બરાબર ચાલતું થયા બાદ ફરીથી મંદીની અસર જોવા મળી છે. પરંતુ એ મહામારીની અસર જ છે. દેશભરના બજારના બે તૃતિયાંશ હિસ્સામાં આ મંદી અને વેચાણમાં ઘટાડો જોવા મળ્યો છે. એમાંય પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ, અલ્બર્ટા અને સાસ્કેચ્વાન એ નોંધપાત્ર રહ્યો હતો. જયારે ઓન્ટેરિયો, કયૂબેક અને બ્રિટીશ કોલંબિયામાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. કેનેડામાં સરેરાશ ઘરની કિંમત ૬૬૨૦૦૦ યુએસ ડોલર હતી, જે માર્ચ ૨૦૨૧ની ૭૧૬૮૨૮ યુએસ ડોલરની સરખામણીમાં ઘણી ઓછી ગણાય એવી હતી. માર્ચની સરખામણીમાં વેચાણ કિંમતમાં ઘટાડો જોવા મળ્યો એ ગયા વર્ષની સરખામણીમાં સારો એવો ગણાતો હતો. હાઉસ પ્રાઈસ ઈન્ડેકસમાં ૨૨ ટકાનો વધારો ત્યારે જોવા મળ્યો હતો. જે જુનના ૨૪ ટકાની સરખામણીમાં ઓછો હતો. ટીડી બેંકના અર્થશાસ્ત્રી રીશી સોંઢી કહે છે કે, જુલાઈના આંકડા દર્શાવે છે કે માર્કેટ ખરેખર ઠંડુ છે પણ એ લાંબો સમય રહેશે નહીં.

**માર્ચમાં બજાર ધમધમતુ થયા બાદ ફરીથી મંદીની અસર વર્તાઇ થોડા સમયમાં જ ફરી તેજી આવવાનો અર્થશાસ્ત્રીનો મત**

# એક મિલીયનથી વધુ સ્નોબર્ડસ દક્ષિણ તરફના પ્રવાસ માટે આતુર

**ટોરોન્ટો**

કેનેડાના સ્નો બર્ડસ સામાન્ય રીતે શિયાળામાં અમેરિકાના દક્ષિણ વિસ્તારમાં જતા હોય છે. જો કે, ગયા વર્ષે કોવિડ-૧૯ મહામારીને કારણે ૭૦ ટકા ઘરમાં જ રહ્યા હતા. હવે જયારે વધુને વધુ લોકો વેકસીન લઈ ચુકયા છે અને પ્રવાસ પ્રતિબંધો પણ હટાવી લેવાયા છે. ત્યારે કેનેડીયન સ્નોબર્ડસ પણ આ શિયાળામાં દક્ષિણ તરફ પ્રયાણ કરશે. કેનેડીયન સ્નોબર્ડસ એસોસિયેશનના ઈવાન રાકોવસ્કીએ કહ્યું હતું કે, મોટાભાગના વેકસીનેટેડ હોવાથી ફલોરિડા અને એરિઝોનામાં પોતાની પ્રોપર્ટીમાં રહેવા જવાનું તેઓ પસંદ કરશે. અમને આશા છે કે, ૯૦ ટકા સ્નોબર્ડસ જેમની સંપત્તિ અમેરિકામાં છે, એ આ વર્ષે દક્ષિણ તરફ જશે. કેનેડા અને અમેરિકા વચ્ચેની સરહદ બંધ છે, પણ હવે એ પણ ખુલી જશે. એટલે તેઓ પોતના વાહનો લઈને જઈ શકશે. ઘણા કેનેડીયનો શિયાળામાં અમેરિકા જવા માંગતા હોય છે, તેઓ પણ સરકારની નીતિની જાહેરાતની રાહ જોઈ રહ્યા છે. જો કે, ટ્રાવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ હંમેશા કેનેડાવાસીઓને વિદેશ પ્રવાસની ભલામણ કરે છે. પરંતુ મહામારીને પગલે બદલાતી નીતિને કારણે એમના અભિપ્રાયોમાં પણ તફાવત હોઈ શકે છે. ટ્રાવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ એસોસિયેશન ઓફ કેનેડાના એકઝીકયુટીવ ડાયરેકટર વિલ મેકએલીર કહે છે કે, ઘણા તમને વેકસીનના આધારે પ્રોટેકશન આપશે.

કેટલાક એમની મર્યાદામાં બાંધછોડ કરશે. કોઈ તમારી પાસેથી વધુ પ્રિમિયમ પણ લઈ શકે છે.

# મહામારી દરમિયાન ઈમિગ્રન્ટસ સંગઠનની સહાય માટે ૧૦૦ મિલિયન ડોલર ફાળવાયા

## આઈઆરસીસીએ 78 પ્રોજેકટસ પસંદ કર્યા, સમાધાન સુવિધાને વધુ સુચારું બનાવાશે

**ટોરોન્ટો**

ઈમિગ્રેશન, રેફયુજિસ એન્ડ સિટીઝનશીપ કેનેડા (આઈઆરસીસી)એ ૧૦૦ મિલિયન યુએસ ડોલરની ફાળવણી કેનેડામાં આવનારા નવા ઈમિગ્રન્ટસના સમાધાનને લગતી સેવાઓ માટે કરી છે. આ ફાળવણી મહામારી સમય અને ત્યારબાદના સમયને ધ્યાને રાખીને આવનારા ત્રણ વર્ષ સુધી લંબાવવામાં આવશે. આ ભંડોળ ઈમિગ્રેશન વિભાગના સર્વિસ ડીલીવરી ડેવલપમેન્ટ (એસડીઆઈ) પ્રોગ્રામ અંતર્ગત કરવામાં આવી છે.

જે નવા પ્રોજેકટસ માટેના સર્વિસ પ્રોવાઈડર્સની જુદી જુદી જરૂરિયાતોના આંકલન, માહિતી, ભાષાની તાલીમ, સ્કીલ ડેવલપમેન્ટ, રોજગારીને લગતી સેવાઓ અને સામાજિક સંબંધો જેવા ક્ષેત્ર માટે ઉપયોગમાં લેવાશે. ૨૦૨૦ ફંડીંગ પ્રોસેસ માટે આઈઆરસીસીએ ૭૮ પ્રોજેકટસ પસંદ કર્યા છે. આ જાણકારી આઈઆરસીસીએ એક નિવેદનમાં આપી હતી. મહામારી દરમિયાન ઘણી સમાધાન સેવાઓ ઓનલાઈન થઈ ગઈ હતી. એસડીઆઈ ફંડીંગ આઈઆરસીસીને નવાગંતુકો માટેની પોતાની સેવાઓને નવેસરથી ગોઠવવામાં મદદરૂપ બનશે. જેમાં ઓનલાઈન સેવાઓ મહત્વની ગણાશે. એક પ્રોજેકટ સમાધાન સેવાઓ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેટલી મહત્વની બનશે એ વિશેનો છે. જેમાં ઈમિગ્રન્ટસની જરૂરીયાતોને કેવી રીતે ધ્યાનમાં રાખવી એનો અભિગમ જોવા મળે છે. ગ્રામીણ વિસ્તારના નોકરીદાતાઓએ કર્મચારીઓના આગમન પહેલા કેવી તૈયારીઓ રાખવી અને ઈમિગ્રન્ટસની રહેવાની સગવડ કેવી રીતે કરવી એના પર ભાર મુકવામાં આવ્યો છે. કેનેડાની ઈમિગ્રેશન પદ્ધતિમાં સમાધાન સેવાઓની ભુમિકા મુખ્ય ગણાય છે. જેમાં નવા આવનારાઓને કામ, રહેઠાંણ, ભાષાની તાલીમ ઘણી ઉપયોગી બની રહે છે. આ સહાય સુવિધા બધા પરમેનન્ટ રેસીડન્ટસ અને સંરક્ષિત લોકોને આઈઆરસીસી ભંડોળમાંથી મળી શકશે. એપ્રિલ ૨૦૧૫થી માર્ચ ૨૦૧૯ દરમિયાન એક મિલિયનથી વધુ આગંતુકોને કેનેડામાં સમાધાન સેવાનો લાભ મળી ચુકયો છે.

# કેનેડાના સરઢવ પરિવારનો સ્નેહમિલન સમારંભ અને સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

## કેનેડા અને ભારતના રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રગીત ગવાયું, શહીદોને શ્રદ્ધાંજલી અપાઇ



ઓન્ટેરિયો : સરઢવ પરિવાર કેનેડાનો સ્નેહમિલન સમારંભ અને ભારતના સ્વાતંત્ર્ય પર્વની ઊજવણીનો કાર્યક્રમ ઓગસ્ટ 15, 2021ને રવિવારના રોજ યોજાયો હતો. ગાઈડલાઈન પ્રમાણે આ કાર્યક્રમમા સરઢવ (તા. જી. ગાંધીનગર)ના કેનેડામા વસતા 93 ભાઈઓ બહેનો તથા ભૂલકાઓએ ભાગ લીધો હતો. શૌર્યગીતોની રમઝટ સાથે કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. 11:15 કલાકે કેનેડિયન ધ્વજ ફરકાવીને કેનેડાનુ રાષ્ટ્રગીત ગાવામા આવ્યુ હતુ. ત્યારબાદ વંદેમાતરમ ગાવામા આવ્યુ હતુ. જશુભાઈ પટેલ (ગરવી ગુજરાત વાળા)ના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામા આવ્યો હતો. ધ્વજને સૌ ઉપસ્થિતોએ સલામી આપી ઝંડા ગીત ગાયું હતુ. જે બાદ શહીદોને શ્રદ્ધા સુમન અર્પણ કરી રાષ્ટ્રગીત ગાવામાં આવ્યુ હતુ. વંદેમાતરમ અને ભારત માતા કી જયના નારાઓથી વાતાવરણ ગાજી ઉઠયું હતુ. કાર્યક્રમ બાદ તુરંત બાળકો, બહેનો અને ભાઈઓના ગૃપ બનાવી દોડ, લીંબુ ચંમચો, લંગડીની રમતોની હરિફાઈ યોજવામા આવી હતી. આ સાથે જ સમુહમાં શેરબજારની રમતનો આનંદ મેળવાયો હતો. બપોરે 2 વાગે મીટીંગની શુરૂઆત સીમા, જુલી, નિમીષા વગેરે બહેનોની પ્રાર્થના અને ગણપતિ વંદનાથી થઈ હતી. સરઢવ ગામના અગ્રણી નવિનભાઈ પટેલે ગામના વિકાસ અને પ્રવૃતિઓની માહિતીઓ આપી હતી. આકાશ, રાહુલ, વિનય, હેનિસ વગેરેએ હાઉસિ (BINGO)રમાડી હતી. નીલા, હેમાએ મેમરી ગેમ તથા સીનીયરની રમત દ્વારા તેમને પણ આનંદ કરાવ્યો હતો. સરઢવ પરિવારના નવિનભાઈ, બળદેવભાઈ, ભૂપેનભાઈ વગેરેએ વડીલોના માર્ગદર્શન હેઠળ મેહૂલ, રાહુલ, આકાશ, બંદિત વગેરે યુવાનોએ ખૂબ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વૃદ્ધોની સરખામણીમાં યુવાનોમાં કોવિડ સંક્રમણ અંદાજ કરતા વધુ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોથી પ્રાપ્ત થયેલા ગયા વર્ષના કોવિડ-૧૯ વિશેના આંકડાઓનું વિશ્લેષણ જાહેર થયું હતું. એમાં જણાવવામાં આવ્યું છે કે, ટેસ્ટીંગ દરમિયાન યુવાનોમાં કોવિડ-૧૯ના સંક્રમણનો દર અગાઉની ધારણા કરતાં ઘણો વધારે હતો. મંગળવારે જાહેર થયેલા વસતિ આધારીત જર્નલ એનાલ્સ ઓફ ઈન્ટરનલ મેડીસીન અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, જયાં સંક્રમણ વધુ હતું ત્યાં તમામ વયજુથના લોકોના કરાયેલા ટેસ્ટમાં જુદા જુદા પરિણામો જોવા મળ્યા હતા.

યુનિર્વસીટી ઓફ ટોરોન્ટોના ડેલા લાના સ્કુલ ઓફ પબ્લિક હેલ્થ ઓન્ટેરિયોના સંશોધકોએ માર્ચ ૨૦૨૦થી ડીસેમ્બર, ૨૦૨૦ દરમિયાન પહેલા ફેઝમાં અંદાજે ૧૩૨૦૦૦ કેસ માત્ર ઓન્ટેરિયોમાં નોંધાયા હતા. એ બધાનો ડેટા સમિક્ષા માટે લઈને કરેલા સંશોધનમાં તેમણે ઓન્ટેરિયોની લેબોરેટરી ઈન્ફોર્મેશન સિસ્ટમ જેમાં પીસીઆર ટેસ્ટીંગનો પણ સમાવેશ થતો હતો અને સરકારી અને ખાનગી હોસ્પિટલના ડેટાનો પણ સમાવેશ થતો હતો. જેના અભ્યાસના તારણમાં જાણવા મળ્યું હતું કે, ૧૦થી ૩૯ વર્ષના વયજૂથમાં સંક્રમણનો દર વધુ હતો. એમાંય ખાસ ૨૦થી ૨૯ વર્ષના વયજુથમાં તો એ દર એકંદર વસતિના પ્રમાણમાં બમણાથીય વધુ હતો. જેમાં પ્રાણઘાતક કોવિડ-૨-ના વાયરસનો ચેપ વધુ જોવા મળ્યો હતો. મહામારી દરમિયાન દરેક પ્રાંતોમાં ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધ્યું હતું. માર્ચ ૨૦૨૦માં દર એક લાખે ૧૨. ૫ કેસનો દર હતો, જે પાનખર આવતા સુધીમાં ૨૦ ગણો વધી ગયો હતો. અને દરરોજ થતા એક લાખ ટેસ્ટમાં ૨૩૯ કેસ પોઝિટિવ આવતા હતા.

તંત્રી સ્થાનેથી

# અફઘાનમાં તાલીબાનોની ક્રુરતા સાથે ફરી કાળીરાત્રિની શરૂઆત

અફઘાનિસ્તાન દાયકાઓથી મહાસત્તાઓની કૂટનૈતિક રમતોનો ભોગ બનતુ રહેલું રાષ્ટ્ર છે. અમેરિકા અને સોવિયેત સંઘ વચ્ચેના શીત યુદ્ધ દરમિયાન સોવિયેત સેનાએ અફઘાનિસ્તાનમાં પગપેસારો કર્યો હતો. આ સમયથી જ અફઘાનિસ્તાનની માઠી દશાની શરૂઆત થઈ હતી. તે સમયે સોવિયેત સંઘના દબદબો ઘટાડવા માટે અમેરિકાએ જ અફઘાનિસ્તાનની ધરતી ઉપર આતંકી સંગઠનો ઊભા કરવામાં મદદ કરી હતી. સોવિયેત સંઘના વિઘટન બાદ રશિયન સેના અફઘાનિસ્તાનમાંથી હટી ગઈ હતી. જે બાદ તરત જ તાલિબાને કબજો જમાવવાની શરૂઆત કરી દીધી હતી. વર્ષોથી માઠી દશામાં રહેલા અફઘાનિસ્તાનના લોકોને આશા હતી કે, રશિયન સેના દૂર થયા બાદ તેમના દેશમાં શાંતિ સ્થપાશે અને તાલિબાન તેમને સુદૃઢ શાસન સ્થાપશે. પરંતુ તાલિબાને તો કડક ઈસ્લામિક કાયદા લાગુ કરવાને નામે પ્રજા ઉપર કેર વર્તાવવાનું શરૂ કર્યું, અને પ્રજાને સપના રોળાઈ ગયા. ત્યારબાદ અમેરિકા ઉપર ૯-૧૧ના હુમલા બાદ ઓસામા બિન લાદેન અફઘાનિસ્તાનમાં છૂપાયો હોવાના અહેવાલો મળતાં જ અમેરિકી સેના અફઘાનિસ્તાનમાં ઉતરી પડી હતી.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

લાદેનને મોતને ઘાત ઉતાર્યા પછી પણ ૨૦ વર્ષ સુધી અફઘાનિસ્તાનમાં રહીને અમેરિકાના સૈનિકો તાલિબાન સામે લડયા. પણ અનેક સંશાધનો અને હજારો લોકોના જીવની કિંમત ચૂકવ્યા બાદ પણ અમેરિકા આ યુદ્ધ જીતી શક્યું નહીં. તેને પુરાવો આજે અફઘાનમાં સર્જાયેલી ભીષણ સ્થિતિ આપી રહી છે. અફઘાનમાં અમેરિકાએ ૨૪૪૨ સૈનિકો અને ૩૮૦૦ ખાનગી સુરક્ષાકર્મીઓ ગુમાવ્યાં છે. આ ઉપરાંત નાટોના ૪૦ સભ્ય રાષ્ટ્રોના ૧૧૪૪ સૈનિકો પણ માર્યા ગયાં છે. એક રિપોર્ટ અનુસાર અમેરિકાએ આ યુદ્ધ પાછળ ૨૨૬૦ અબજ ડોલર ખર્ચી કાઢ્યાં છે. અમેરિકાના રક્ષા ખાતાના જણાવ્યા અનુસાર આમાંના ૮૧૫ અબજ ડોલર યુદ્ધ લડવામાં ખર્ચ થઈ ગયાં છે. યુદ્ધ બાદ અફઘાનિસ્તાનના નિર્માણ માટેની જુદી જુદી પરિયોજનાઓમાં ૧૪૩ અબજ ડોલરનો ખર્ચ થયો છે. યુદ્ધની સૌથી મોટી કિંમત અફઘાનિસ્તાનના લોકોએ ચૂકવી છે. છેલ્લા બે દાયકામાં અફઘાનિસ્તાનના આશરે ૪૭,૨૩૫ લોકોએ જીવ ગૂમાવ્યો છે.

આ ઉપરાંત આશરે ૬૯ હજાર અફઘાન સૈનિકો પણ આ યુદ્ધમાં શહીદ થયા છે. યુદ્ધને કારણે ૨૭ લાખ કરતા પણ વધારે અફઘાન લોકો બીજા દેશમાં જતાં રહ્યાં. જેમાંના મોટાભાગના ઈરાન, પાકિસ્તાન અને યુરોપ જતાં રહ્યાં. જે લોકો દેશમાં રહ્યાં એમાંનાં ૪૦ લાખ લોકો દેશની અંદર જ વિસ્થાપિત થઈ ગયાં. જયારે 20 વર્ષ બાદ આજથી બે મહિના પહેલાં જ અમેરિકાએ પોતાના સૈનિકોને પરત બોલાવવાનો નિર્ણય જાહેર કર્યો ત્યારથી જ તાલીબાનો ફરી આ વિસ્તારમાં કબજે જમાવવા મચી પડ્યા હતા. અમેરિકાની જાહેરાત બાદ આખી દુનિયાને ડર હતો કે અફધાનિસ્તાનમાં ફરીવાર તાલીબાનોનું ક્રુર શાશન સ્થપાશે, દુનિયાનો એ ડર હવે સાચો ઠરવા તરફ જઈ રહ્યો છે.

અફઘાનિસ્તાનમાં કાળરાત્રિની ફરી શરૂઆત થઈ ગઈ છે. રવિવારે તાલિબાનના લડાકુ આતંકીઓએ અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ ઉપર કબજો જમાવી દેતાં જ અફઘાનિસ્તાનમાં તાલિબાનની સત્તાવાપસીનું પહેલું ડગલું મંડાયું છે. તાલિબાન લડવૈયાઓ કાબુલના એક પછી એક વિસ્તારોને પોતાના કબજામાં લઈ રહ્યા છે. આ સાથે જ આખી દુનિયા સમક્ષ ૨૦ વર્ષ પહેલાના બર્બર તાલિબાની શાસનની યાદો તાજી થઈ છે. રવિવારે તાલિબાને અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં પ્રવેશ કર્યો એ પછી રાષ્ટ્રપતિ અશરફ ગની દેશ છોડીને ભાગી છુટ્યા હતા.

બીજી બાજુ તાલિબાનના પ્રવક્તાએ કહ્યું હતુ કે, યુદ્ધ પૂરું થઈ ગયું છે અને અફઘાનિસ્તાનના લોકોને ટૂંક સમયમાં જ નવી સરકાર મળી જશે. રવિવારે તાલિબાનના કાબુલમાં પ્રવેશવાની ખબર ફેલાતા જ ચારે તરફ અફરાતફરી મચી ગઈ હતી. જે ગુરુવારે પણ યથાવત રહી હતી. ભારત, અમેરિકા સહિતના અનેક દેશોએ આફઘાનમાં રહેતા પોતાના નાગરિકોને પોતાને ત્યાં પરત લાવવાની કવાયત આરંભી હતી. ખુદ કેનેડાએ પોતાના દૂતાવાસની કામગીરી સ્થગિત કરી દીધી હતી. હવે ચાર પાંચ દિવસથી કાબુલના એરપોર્ટ ઉપર તો ચાર દિવસથી મેળા જેવા માહોલ જામ્યો હતો. આફઘાનિસ્તાનમાં તાલીબાનોએ હુમલાઓ કરવાનુ અને નિર્દોષોને મારી નાંખવાની શરુ કરતા હજારો લોકોએ દેશ છોડવાની તૈયારી કરી છે. આ સાથે જ બેંકોમાં પૈસા ઉપાડવા માટે પણ લાંબી લાઈનો લગાવી હતી. બુધવારે જલાલાબાદમાં કેટલાક લોકોએ અફઘાનિસ્તારનનો ઝંડો ફરકાવતા જ તાલીબાની આતંકીઓએ અંધાધૂંધ ગોળીબાર શરુ કરી દીધો હતો. જેમાં 3 લોકોના મોત થયા હતા. જયારે ગુરુવારે કાબુલ એરપોર્ટ પરથી સિવિલયન ફલાઈટ્સ પર પ્રતિબંધ હોવા છતાં હજારો લોકો દેશ છોડવા ત્યાં પહોંચી જતાં ફાયરિંગ કરી દંડા વરસાવાયા હતા.

મીડિયાના અહેવાલો પ્રમાણે તો તાલિબાન કમાન્ડરોએ રવિવારથી રાષ્ટ્રપતિ ભવનમાં કબજો જમાવી દેવા સાથે અત્યાધૂનિક હથિયારો પણ પોતાની પાસે લઈ લીધા છે. આમ તો તાલિબાને ધરપત આપી છે કે તેઓ આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે સારા સંબંધો ઈચ્છે છે. ભલે તેઓ દેશમાં શરિયા કાનૂન લાગુ કરે, પરંતુ છોકરીઓને અભ્યાસ કરવાની પરવાનગી આપવામાં આવશે. તાલિબાને લોકોને ભૂતકાળને ભૂલી જવાની અપીલ કરી છે. પરંતુ અફઘાનિસ્તાનના લોકો હજુ પણ તાલિબાનના ક્રૂર શાસનને ભૂલ્યાં નથી.

છેલ્લાં 20 વર્ષમાં અફઘાનિસ્તાનમાં અફઘાનિસ્તાનમાં લોકોનું આયુષ્ય ૫૬થી વધીને ૬૪ વર્ષ થયું છે. માતૃત્વ મૃત્યુદર પણ અડધાથી વધારે ઓછો થયો છે. સાક્ષરતા દર આઠ ટકા વધીને ૪૩ ટકાએ પહોંચ્યો છે. બાળલગ્નમાં ૧૭ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત સ્વાસ્થ્ય, શિક્ષણ અને મહિલાઓના અધિકારોના ક્ષેત્રમાં થોડીઘણી પ્રગતિ થઈ છે. કિન્તુ તાલિબાનો સત્તામાં આવવાથી તે તમામ બાબતોમાં સ્થિતિ ફરી કથળી જવાનો ભય સ્થાનિકોને છે.

તાલીબાનો અફઘાનિસ્તાનની આ પ્રગતિને જારી રાખે તેવી આશા પણ રાખી શકાય તેમ નથી. આવા સંજોગોમાં અફઘાનિસ્તાનમાં હવે ભારતની પરિયોજનાઓ સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. કાબુલ ઉપર તાલિબાનના કબજા સાથે જ ડિપ્લોમેટિક એરિયાની સુરક્ષા વ્યવસ્થા પણ ખતમ થઈ ગઈ છે. ભારતે પણ પોતાના રાજદ્વારી કર્મચારીઓને પરત બોલાવી લીધા છે.

છેલ્લા બે દાયકા દરમિયાન ભારતે અફઘાનિસ્તાનમાં આશરે ૫૦૦ જેટલી નાની-મોટી પરિયોજનાઓમાં રોકાણ કર્યું છે. જેમાં સ્કૂલો, હોસ્પિટલો, સ્વાસ્થ્ય કેન્દ્રો, હોસ્ટેલ અને પુલ સામેલ છે. અફઘાનિસ્તાનમાં લોકશાહીની નિશાની સમાન સંસદભવન, સલમા બંધ અને ઝરાંજ-દેલારામ હાઈવેમાં પણ ભારતનું મોટું રોકાણ છે. હવે આ પરિયોજનાઓનું શું થશે એ નક્કી નથી. જો તાલિબાન આ યોજનાઓને નુકસાન પહોંચાડશે તો ભારતને મોટું નુકસાન થઈ શકે છે. હાલ તો તાલિબાને ભારત સાથે સંબંધો સારા રાખવાની વાત ઉચ્ચારી છે. પરંતુ ભૂતકાળને જોતાં તેના પર વધુ વિશ્વાસ થઈ શકે એમ નથી.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
647-339-3926 | aristopest@gmail.com | www.aristopestcontrol.com



✔ Mice
✔ Rat
SAME DAY SERVICE - RESIDENTIAL, COMMERCIAL, INDUSTRIAL



✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
✔ Bird Control
✔ WASPS and
✔ Hive Removal
WE SPEAK ENGLISH, GUJARATI & HINDI



24 HRS / 7 DAYS EMERGENCY SERVICES AND ANIMAL REMOVAL
We also provide No Obligation Inspection for Commercial and Residential Clients.
Written Guarantee And Discounted Rates
CPMA - ACGP
CALL SANKET TRIVEDI - 647.339.3926
Government Licensed Structural Exterminator

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
* NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
* CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
* MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

કથા, હવન, ગાયત્રી યજ્ઞ,
વાસ્તુ પૂજન, ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ અમો સેવા આપીએ છીએ.
કાલસર્પ યોગ શાંતિ, નક્ષત્ર શાંતિ, વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન, બેબી શાવર, જેવા કાર્યો માટે સંપર્ક કરો.



શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750

# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

---

દેશ-વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




**Quarantine Special Package**
**$73 Per Day**



Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# ભારતીય કિસાન સંઘે બુંગિયો ફૂંક્યો, MSP કાયદા મુદ્દે 8મીથી આંદોલન

**ગાંધીનગર**

કિસાન સંઘની ગુજરાત પાંખે બુધવારે ગાંધીનગરમાં વિશેષ કારોબારી બોલાવી હતી. જેમાં MSP થી આગળ વધીને પોષણક્ષમ ભાવોના કાનૂની પ્રાવધાન મુદ્દે સરકાર ૩૧ ઓગષ્ટ સુધી કોઈ નિર્ણય નહી લે તો આંદોલનની ચિમકી અપાઈ છે. બેઠકમાં ૮મી સપ્ટેમ્બરે જિલ્લા મથકોએ સાંકેતિક ધરણાં સહિતના કાર્યક્રમોની યોજના ઘડવામાં આવી છે.

આગામી વર્ષે ગુજરાત સહિત ઉત્તર ભારતમાં મહત્વના રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી છે. આ વર્ષે ડિસેમ્બરમાં રાજ્યમાં સૌથી મોટા ફલક ઉપર ગ્રામ પંચાયતોમાં પણ ચૂંટણી છે. તેવામાં ગાંધીનગર સ્થિત બલરામ ભવનમાં ૨૭ જિલ્લામાંથી કિસાન સંઘના ૧૨૭ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમની હાજરીમા જ ગુજરાતમાં જમીન રી-સર્વેમાં રહેલી ફરિયાદો,



ચૂકવવા પાત્ર પાકવિમો, વિમા કંપનીઓ દ્વારા ખેડૂતોને સહાય-વળતર ચૂકવવામાં થયેલા અક્ષમ્ય વિલંબ, સિંચાઈથી વંચિત વિસ્તારોમાં તળાવ ભરવાની કામગીરી જેવા અનેક મુદ્દે સરકારને ઘેરવા ચર્ચા થઈ. ખેડૂતોના આક્રોશની લાગણી અંગે સંઘના રાષ્ટ્રીય સહસંગઠન મંત્રી ગજેન્દ્રને અવગત કરવામાં આવ્યા હતા.

# પ્રેમલગ્ન કરનાર બહેનનું ભાઇએ કર્યું અપહરણ, ઘટના CCTVમાં કેદ

**રાજકોટ**

પડધરીના દેપાળીયાના અને હાલ રાજકોટ રહેતાં ગેરેજ સંચાલક યુવાને ત્રણ મહિના પહેલા મોટી પાનેલીની યુવતી સાથે લવમેરેજ કર્યા હતા. જેથી યુવતીના ભાઈને આ લગ્ન મંજુર ન હતા. આથી સગા ભાઈએ પોતાની સાથે 3 લોકોને રાખી રાજકોટ આવી બનેવીની હાજરીમાં પોતાની બહેનનું બળજબરીથી ઈકો કારમાં અપહરણ કર્યું હતું. રાજકોટના આલાપ ગ્રીન સીટી પાછળ દ્વારકેશ પાર્ક-7 સનરાઈઝ એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર 202માં રહેતાં ગેરેજ ચલાવતાં દિપેશ ખીમજીભાઇ પંચાસરા (ઉ.વ.26) નામના યુવાનની ફરિયાદ પરથી તેના સાળા નિતીન જસાભાઈ સરેણા તથા ત્રણ અજાણ્યા સામે દિપેશની પત્નીનું અપહરણ કરી જવાનો ગુનો નોંધ્યો છે.

ફરિયાદમાં દિપેશે જણાવ્યું હતું કે,'મેં ઉર્મિલા સાથે લવમેરેજ કર્યા હોઈ તે મારા સાળાને પસંદ ન હતું, મારા સાળાએ અગાઉ મને ધમકી પણ આપી હતી કે 'હું મારી બહેનને તારી સાથે રહેવા નહીં દઉ અને તેને લઈ જઈશ.' આ ધમકી મુજબ જ મારા સાળાએ કાવતરૂં ઘડી બીજા ત્રણ જણા સાથે મળી મારી ગેરહાજરીમાં મારા ઘરમાં ઘુસી જઈ ઉર્મિલાનું અપહરણ કરી ગયા હતાં.

# જામનગરમાં ધરા ધ્રૂજી: 4.3ની તીવ્રતાનો આંચકાથી દોડધામ

**ભાવનગર**

જામનગરમાં ગુરૂવારે સાંજે 4.3ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જામનગરથી 14 કિ.મી. દૂર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું. ભૂકંપના પગલે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. જામનગરમાં સાંજના સમયે 7.13 કલાકે ધરા ધ્રૂજતાં લોકોમાં ભારે ભય ફેલાઈ ગયો હતો. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા 4.3ની માપવામાં આવી હતી. જ્યારે ભૂકંપનું કેન્દ્રબિંદુ જામનગરથી 14 કિમી દૂરનું જણાવવામાં આવી રહ્યું છે. જો કે, ઓછી તીવ્રતાના ભૂકંપને કારણે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી.

# ચેકડેમમાં ન્હાવા ગયેલા રાજકોટનાં બે તબીબ ડુબી જતાં મોતને ભેટ્યા

## - શનિવારે સાંજે ડુબ્યા બાદ રવિવારે સવારે મૃતદેહો મળ્યા

**રાજકોટ**

જામનગર રોડ પર આવેલી પીજી હોસ્ટેલમાં રહેતા ડો. ચીરાગ પુનમભાઈ ડામોર (રહે. ધમાસણ, તા. ભીલોડા) એમ.ડી. (પેથોલોજીસ્ટ) હતાં. જયારે ડો. રવિ ગોપાલભાઈ રાઠોડ (રહે. ધુમલી, તા. માળીયા હાટીના) એમ.ડી. (પેથોલોજીસ્ટ)ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા હતાં. બન્ને મિત્રો હોવાથી ગત શનિવારે સાંજે બાઈક લઈ ખીરસરા તરફ ફરવા નિકળ્યા હતાં.

ત્યારબાદ બન્ને ડોકટર ખિરસરા - મોટા વડા રોડ પર આવેલા વાંછીયાવાળી તરીકે ઓળખાતી નદીનાં ચેકડેમમાં પહોંચ્યા હતાં. જયાં બન્ને ન્હાવા જતા ડુબી ગયા હતાં. રવિવારે ડો. ચિરાગનો મૃતદેહ તરતો દેખાતા તત્કાળ રાજકોટ ખાતેનાં ફાયરબ્રીગેડને જાણ કરી હતી. જેથી તેના તરવૈયાઓએ જઈ તત્કાળ ડો. ચિરાગનો મૃતદેહ બહાર કાઢયો હતો. કાંઠા પર લોક કરેલા બે મોબાઈલ ફોન, કપડા સાથેની બેગ, બે પર્સ, આઈકાર્ડ વગેરે પડયા હોવાથી બે જણા ડુબ્યાની શંકા ગઈ હતી. જેથી ફાયરબ્રીગેડનાં સ્ટાફે શોધખોળ ચાલુ રાખતા એકાદ કલાક બાદ ડો. રવિનો મૃતદેહ પણ મળી આવ્યો હતો.

# ભાવનગરને માથે જળસંકટ, ૮ ડેમો હજી અડધા ખાલી

**ભાવનગર**

ભાવનગર જિલ્લાના મુખ્ય જળાશયો ગત ચોમાસામાં પડેલા સારા વરસાદને લઈ છલકાઈ ગયા બાદ ચાલુ વર્ષે પડેલા વરસાદને પગલે જળાશયોમાં નવા પાણીની આવક થતા જીલ્લાના કાર્યરત ૮ ડેમોમાં હજુ ૫૦% કરતા વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જેમાં ભાવનગર સહિત ચાર તાલુકાને પાણી પૂરું પાડતા અને જીવાદોરી સમાન શેત્રુંજી ડેમમાં હજુ ૭૦.૪૩% પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ વર્ષે પીવાના પાણીની ખોટ નહિ પડે, પરંતુ પિયત માટે માત્ર ૩ થી ૪ પાણ આપી શકાય તેટલો જ જથ્થો ઉપલબ્ધ હોય જેથી સારા વરસાદની સૌ કોઈ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.



# સાબરમતીમાં પ્રદૂષણથી ખંભાતના અખાત સુધીના ગામોની અવદશા

## રિવરફ્રન્ટે શહેરની રોનક બદલી, પણ ગામડામાં સ્થિતિ બગડી

**અમદાવાદ**

અમદાવાદમાંથી પસાર થતી સાબરમતી નદીમાં વિશાલાથી પિરાણા તરફ જવાના રોડ પર ગ્યાસપુર ખાતે નદીના ખૂલ્લા પટમાં બેફામપણે ગટરનું અને ઔદ્યોગિક એકમોનું પ્રદુષિત પાણી ઠલવાઈ રહ્યું છે. જેના કારણે છેક ખંભાતના અખાત સુધીના ૮૦ કિ.મીના પટ્ટામાં આવતા જિલ્લાના ૬૭ જેટલા ગામો પ્રદુષણની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. દસક્રોઈ, ખેડા, માતર, ધોળકા અને ખંભાત તાલુકાના આ ગામો અમદાવાદ શહેરના પ્રદુષણનું પાપ ભોગવી રહ્યા છે. નદી અશુદ્ધ બની છે. નદીનું પાણી પશુઓને પણ પીવાલાયક નથી, જમીન બિનઉપજાઉ બની રહી છે. મચ્છર-માખીનો ત્રાસ, દુર્ગંધ અને ગંદકી વધતી જઈ રહી છે જેના કારણે ગ્રામજનોના આરોગ્યનો પણ પ્રશ્ન સર્જાયો છે. શહેરીકરણની દોટમાં ગ્રામ્યજીવનનો ભોગ લેવાઈ રહ્યો છે. સ્માર્ટસિટી અમદાવાદમાં આશરે ૬૫ લાખની વસ્તી રહે છે.



શહેરીકરણની દોટમાં પ્રદુષણનો પ્રશ્ન સામે આવ્યો છે અને આ સર્જાયેલું પ્રદુષણ અટકાવવામાં વહિવટી તંત્ર અને સરકારો નિષ્ફળ રહી છે. જેના માઠા પરિણામો પાંચ તાલુકાના ૬૭ ગામના હજારો લોકો ભોગવી રહ્યા છે. આરોગ્ય, જમીન, ખેતી અને ગ્રામ્ય જીવન સાબરમતી નદીના પ્રદુષણથી પ્રભાવિત બન્યા છે અને તેના માઠા પરિણામો પણ ભોગવી રહ્યા છે.

અમદાવાદમાં ડ્રેનેજનું પાણી ટ્રીટ કર્યા બાદ સાબરમતી નદીમાં ઠાલવવાનો નિયમ હોવા છતાંય મોટાભાગના કિસ્સામાં ટ્રીટમેન્ટ કર્યા વગરનું પાણી સીધેસીધું નદીમાં છોડાઈ રહ્યું છે.

# ઝડપી ટાઈપીંગ માટે ગાંધીનગરની કિશોરીનો રેકોર્ડ

**ગાંધીનગર**

ગાંધીનગર શહેરની ૧૬ વર્ષની કિશોરીએ મોબાઈલની ટચસ્ક્રીન ઉપર સૌથી ઝડપી ટાઈપીંગ કરીને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગાંધીનગર શહેરમાં વસવાટ કરતી અને માઉન્ટ કાર્મેલ શાળામાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતી ધ્વની ભુતે ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનો વિડિયો જોઈ રહી હતી ત્યારે તેણે ઝીયા યાનએ મોબાઈલ ફોનની સ્ક્રીન ઉપર ફાસ્ટેટ ટાઈપીંગનો રેકોર્ડ ૩.૯૧ સેન્કડનો પોતાના નામે કર્યો તે જોઈને ધ્વનિએ ફોનની સ્ક્રીન ઓપન કરી હતી અને તમામ આલ્ફાબેટ ટાઈપ કર્યા હતા જે અંદાજે પાંચ સેકન્ડનો ટાઈમ થયો હતો. આમ વારંવાર સ્ક્રીન ઉપર આલ્ફાબેટ ટાઈપ કરવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો હતો અને રેકોર્ડની બરાબરી કરવા માટેના પ્રયત્નો ચાલુ કરી દીધા હતા. રોજ અંદાજે બે થી ચાર કલાકની આકરી પ્રેક્ટીસ સતત બે સપ્તાહ સુધી કર્યા બાદ આખરે ટાર્ગેટ ઉપર પહોંચવા માટેની જરૂરી સ્પીડ મેળવી લીધી હતી.

# દુધ સાગર ડેરીમાં કોંગ્રેસ પક્ષના કાર્યકરની નિમણુંક કરાતા વિવાદ

## મહેસાણા જિલ્લા ભાજપના પ્રમુખ સમક્ષ રજુઆત

**મહેસાણા**

મહેસાણા દુધ સાગર ડેરી હસ્તકના જગુદણ પશુ સવંર્ધન કેન્દ્રની સમિતિમાં કોંગ્રેસના એક સ્થાનિક આગેવાનની નિમુણંક કરવામાં આવતા ભાજપમાં વિવાદ સર્જાયો છે. આ મુદ્દે ભાજપ શાસિત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખે જિલ્લા ભાજપના પ્રમુખ સમક્ષ રજુઆત કરી ડેરીના ચેરમેન સામે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. જ્યારે પક્ષ વિરોધી પ્રવૃતિના મામલે પગલા ભરવાની માંગ કરી છે.

મહેસાણા જિલ્લાને રાજકીય ક્ષેત્રનું એપી સેન્ટર કહેવામાં આવે છે પરંતુ આજે જિલ્લામાં હવે સહકારી ક્ષેત્રે પણ રાજકારણનો પગપેસારો થતા સહકારી સંસ્થાઓમાં પણ વિવાદો અને આક્ષેપો ઉભા થઈ રહ્યા છે ત્યારે મહેસાણા દૂધ સાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરી સામે મહેસાણા જિલ્લા પંચાયતમાં ભાજપના જ ઉપપ્રમુખ અંબારામ ઠાકોર દ્વારા પક્ષ વિરોધી પ્રવૃતિઓ કરવાના આક્ષેપો સાથે જિલ્લા ભાજપ પ્રમુખ ને રજૂઆતો કરાઈ છે.તેમણે કોંગ્રેસી એવા ભોપાજી ઠાકોરને ડેરીમાં હોદ્દો આપવાની બાબતે નારાજગી વ્યક્ત કરી જિલ્લા પંચાયતની ચૂંટણી સમયે પોતાના હરીફ ઉમેદવાર ભોપાજીએ અગાઉ કોંગ્રેસના ઉમેદવાર રહી ભાજપ વિરોધી કાર્યા કર્યા હોવાના આક્ષેપો કર્યા છે.ખેતી બેંકની ચૂંટણીમાં પણ અશોક ચૌધરીએ બળવખોર ઉમેદવારને જીતાડવા પ્રવૃતિઓ કરેલ અને પાટણ કોંગ્રેસના કાન્જી દેસાઈને ડેરીમાં ડિરેકટર તરીકે જોતાંડવા મદદ કરી હોવાના આક્ષેપો કરાયા છે, ભોપાજીને ડેરીમાં હોદ્દો આપવા મામલે નારાજ જિલ્લા પંચાયત ઉપપ્રમુખ અંબારામ ઠાકોરે ભોપાજી ઠાકોરને ડેરીમાં જો કોઈ હોદ્દો આપ્યો હોય તો તેમને દૂર નહિ કરાયા તો ભાજપ કાર્યાલય પર ભૂખ હડતાળ સહિતના વિરોધ પ્રદર્શન સાથે પ્રદેશ ભાજપ અધ્યક્ષને રજુઆત કરવાની તૈયારીઓ બતાવાઈ છે જોકે આ મામલે ડેરીના ચેરમેન અશોક ચૌધરીનો સંપર્ક કરતા તેઓએ માહિતી આપવાનું ટાળ્યું હતું.

# મણિનગરમાં માતા-કાકાની હત્યા બાદ પસ્તાવો થતાં 3 વાર આપઘાતનો પ્રયાસ

**અમદાવાદ**

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારના મણીનગરમાં સુમન સજની સોસાયટીમાં રહેતા એક યુવકે બે દિવસ પહેલા તેના માતા અને કાકાની હત્યા કરી હતી. બે દિવસ સુધી યુવક બન્નેની લાશ જોડે બેસી રહ્યો હતો. હત્યા કર્યા બાદ યુવક ગભરાઈ જતાં તેણે ત્રણ વખત આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. યુવકે તેના શરીર પર ચપ્પાના ઘા માર્યા હોવાથી લોહીલુહાણ હાલતમાં હતો. પોલીસે તાત્કાલિક યુવકને સારવાર અર્થે એલજી હોસ્પિટલમાં ખસેડયો હતો. મણીનગર વિસ્તારમાં આવેલ સુમન સજની સોસાયટીના મકાન નંબર-૭માં રહેતા રજનીભાઈ પંડયાનું થોડા સમય પહેલા અવસાન થયુ હતુ. તે બાદ તેમની પત્ની વંદનાબહેન અને પુત્ર વરૂણ તેમના ભાઈ અમૂલભાઈ પંડયા સાથે રહેતા હતા. જો કે, અમૂલભાઈ થોડા વર્ષો પહેલા કોર્પોરેશનમાંથી રિટાયર્ડ થયા હતા. વરૂણ પંડયા નોકરી કે કામધંધો કરતો ન હતો.

તા. ૧૬ ઓગસ્ટને સોમવાર બપોરના સમયે વરૂણ પંડયાએ કોઈ કારણોસર તેની માતા અને કાકાની હત્યા કરીને નાંખી હતી. હત્યા કર્યા બાદ બે દિવસ સુધી વરૂણ લાશ જોડે બેસી રહ્યો હતો. બાદમાં ગભરાઈ જતાં વરૂણે બે વખત ગળાફાંસો ખાઈને આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ વરૂણના વજનના કારણે પંખો નીચે પડયો હતો. જેથી તે બચી જતાં તેણે ચપ્પા વડે શરીરના અલગ અલગ ભાગે ચપ્પા મારીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ફરીથી તેમાં તેનું મોત થયુ ન હતુ.

# ગુજરાતમાં 4.16 કરોડથી વધુને કોરોનાની રસી મળી

**ગાંધીનગર**

ગુજરાતમાં વેક્સિનની પાત્રતા ધરાવતા ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજારથી વધુ નાગરિકોમાંથી ગુરૂવારે ૧ કરોડ ૧ લાખ ૪૮ હજાર ૬૭૦ને બંને ડોઝ મળી ચૂક્યા છે. જે પાત્રતા ધરાવતા કુલ વસ્તીના ૨૦ ટકા થવા જાય છે. રસીકરણના અભિયાનના ૨૧૪માં દિવસે ગુજરાતમાં ૪.૧૬ કરોડથી વધુને રસી મળી છે. જોકે, તેમાં મહિલાઓનું પ્રમાણ ઓછુ છે. દેશભરમાં થર્ડ વેવના ભણકારા વાગી રહ્યા છે ત્યારે અહીં ગુજરાતમાં હજીએ ૭૭.૦૫ લાખથી વધુ નાગરિકોનું વેક્સિનેશન બાકી છે. રાજ્યમાં બે ડોઝ વચ્ચે માત્ર ૨૮ દિવસના અંતરને કારણે નાગરિકોમાં ભારત બાયટેકની કોવેક્સિનની ડિમાન્ડ ખૂબ છે. જો કે, તેના બીજા ડોઝ માટે પણ જિલ્લા દીઠ રોજના બેથી ચાર જ સેન્ટરો ઓપન થઈ રહ્યા છે.

# ચૂંટણી પહેલા દલસાણિયાને બિહારની જવાબદારી સોંપાઈ

**ગાંધીનગર**

લાંબા સમયથી ગુજરાત ભાજપમાં સંગઠન મહામંત્રીની જવાબદારી નીભાવી રહેલા ભીખુ દલસાણિયાને તેમના પદ પરથી હટાવી લેવામાં આવ્યા હતા, જેમને હવે બિહારની જવાબદારી સોંપવામાં આવી છે. બીજી તરફ બિહાર ભાજપના વર્તમાન સંગઠન મહામંત્રી રત્નાકરને ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી તરીકે નિમણૂંક આપવામાં આવ્યા છે. ભીખુભાઈ દલસાણિયા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સમર્પિત કાર્યકર છે અને મોદી-શાહના અત્યંત વિશ્વાસુ મનાય છે. ભીખુભાઈ દલસાણિયા અગાઉ ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી તરીકેની જવાબદારી નિભાવી ચૂક્યાં છે. જો કે હવે તેમને બિહારનો હવાલો સોંપવામાં આવ્યો છે, જ્યારે બિહારના રત્નાકરને ગુજરાતની જવાબદારી સોંપવામાં આવી છે.




સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# કડોદરામાં અઢી વર્ષના પુત્રની હત્યા કરી ગર્ભવતી મહિલાએ ચોથા માળેથી ઝંપલાવ્યું

**પલસાણા**

કડોદરા નગરમાં શ્રીનિવાસ ગ્રીન સિટીમાં પરિવાર સાથે રહેતી એક ગર્ભવતી પરિણીતાએ તેના અઢી વર્ષનાં બાળકની હત્યા કરી બિલ્ડિંગના ચોથા માળેથી નીચે કૂદી આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ છે.

કડોદરા બારડોલી રોડ પર આવેલી શ્રીનિવાસ ગ્રીન સિટી સોસાયટીમાં બીજો માળ સાંઇ એવન્યૂ એપાર્ટમેન્ટમાં પતિ, બે બાળકો તેમજ સસરાની સાથે રહેતા વિનીતાબહેન મહેશભાઇ જીલાજી પાંડે (ઉ.વ. ૩૧)ને હાલ પાંચ માસનો ગર્ભ હતો. લગ્નજીવન દરમિયાન તેમને બે સંતાનો હતા. બુધવારે વહેલી સવારે વિનીતાબહેન પાંડેએ તેમના અઢી વર્ષનાં કિષ્ણા નામના બાળકની હત્યા કરી ઘરમાંથી બહાર નીકળી બિલ્ડિંગના ચોથા માળેથી ઝંપલાવીને આત્મહત્યા કરી હતી. કડોદરા પોલીસને જાણ થતા પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી.



ઘટના સમયે તેનો પતિ તેમજ તેના સસરા સૂતા હતા. પોલીસે તેના પતિ મહેશ પાંડે તેમજ તેના સસરા જીલાજી પાંડેનું નિવેદન પીએમ કરવા તજવીજ હાથ ધરી છે.

# ચૂંટણીમાં ગમે તેને મત આપજો, પણ પ્રજાહિતના પ્રશ્ને સાથ આપજો : હાર્દિક

**સુરત**

ચૂંટણી આવે ત્યારે તમે જેને મત આપવો હોય તેને આપજો પરંતુ અમે લોકો જે સાચા મુદ્દાઓ બેરોજગારી, મોંઘવારી, મોંઘુ શિક્ષણ, ખેડૂતોને પોષણક્ષમ ભાવો જેવા સાચા મુદ્દાઓ ઉઠાવીએ ત્યારે સાથ સહકાર આપજો. સુરતની મુલાકાતે આવેલા ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલે ખેડૂતો સાથે મુલાકાત દરમ્યાન વાતો રજૂ કરી હતી.

ઓલપાડ તાલુકાના એરથાણ ગામે ગત 12મી ઓગસ્ટના રોજ રાત્રીના સમયે આદિવાસી સમાજના મકાન ધરાસાઈ થતાં એક બાળકીનું અવસાન થયેલ હતું. અને અન્યોને ઈજા થયેલ હતી. આ દુઃખદ ઘટના ને લઈને સુરતની મુલાકાતે આવેલા હાર્દિક પટેલે પરિવારજનોના ખબર અંતર પૂછી સાંત્વના આપી હતી.

હાર્દિક પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે સમગ્ર દેશ માં અને ગુજરાત રાજ્યમાં ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેત ઉત્પાદ માંથી બનતી વસ્તુઓનો ભાવ વધી રહ્યો છે પરંતુ ખેત ઉત્પાદ નો જે ભાવ ખેડૂતો ને મળવો જોઈએ તેમાં વધારો થઈ રહ્યો નથી. જંતુનાશક દવાઓ,રાસાયણિક ખાતર અને બિયારણની કંપનીઓ દ્વારા ખેડૂતને મૂર્ખ બનાવવામાં આવી રહ્યા છે.

# મેઘરાજાની તોફાની ઈનીંગ: વાપીમાં 12 કલાકમાં સાડા ચાર ઈંચ વરસાદ

**વલસાડ**

વલસાડ જિલ્લામાં ચોમાસાની સેકન્ડ ઈનિંગમાં હવે વરસાદી માહોલ બરાબરનો જામ્યો છે. જિલ્લામાં ગતરોજ સાંજથી જે વરસાદની શરૂઆત થઈ છે, ત્યારથી લઈને અત્યાર સુધી ભારે ભારે વરસાદ વરસી ચૂક્યો છે. છેલ્લાં 12 કલાકમાં જિલ્લામાં ભારે વરસાદ પડ્યો છે. વલસાડ જિલ્લામાં સૌથી વધુ વરસાદ 12 કલાકમાં વાપી અને પારડીમાં પડ્યો છે. જિલ્લાનો સૌથી વધુ વરસાદ વાપીમાં 4.36 ઈંચ નોંધાયો છે. જિલ્લામાં બુધવારે સાંજથી જે વરસાદની શરૂઆત થઈ હતી, અન્ય તાલુકામાં ઉમરગામમાં - 2.16 ઈંચ, કપરાડા - 1.32 ઈંચ, ધરમપુર - 1.2 ઈંચ, પારડી - 3.38 ઈંચ, વલસાડમાં - 2.08 ઈંચ વરસાદ નોંધાયો હતો.

# સુરતના સંઘોમાં ચંદ્રશેખરવિજયજીની પૂણ્યતિથિની ભવ્ય ઉજવણી કરાઈ

**સુરત**

ચંદ્રશેખરવિજયજી મહારાજની પુર્ણ્યતિથીની વિવિધ જૈન સંઘોમાં ઉજવણી થઈ હતી.ચંદ્રશેખરવિજયજીને યુગપ્રધાનની પદવી સુરતમાં જ મળી હતી. ૩૪ શિષ્યો અને ૯૦ જેટલા પ્રશિષ્યો ધરાવતા પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજનાં જાણીતા શિષ્યરત્ન ઓજસ્વી પ્રવચનકાર પંન્યાસ પ્રવરશ્રી પદ્મદર્શનવિજયજી મહારાજે જણાવ્યુ કે ગુરૂમાની તેજસ્વી વ્યક્તિત્વ હતું તેમની આભામાં આવનાર કોઈપણ વ્યક્તિ તેનો થઈ જતો તેમના આબાલ વૃદ્ધ પ્રત્યેના નિર્દોષ અને સતત વાત્સલ્યને કારણે જ તેમને સૌ ગુરૂમા કહેતા. જૈન ઈતિહાસમાં એકમાત્ર એવા સાધુ છે જેમને યુગપ્રધાનની પદવી મળી છે. આ પદવી તેમને સુરતમાં આપવામાં આવી હતી. પાંચ વર્ષ અગાઉ ગચ્છાધિપતિ આચાર્ય જયઘોષસૂરિશ્વરજી મહારાજ સાહેબ અને અન્ય ભગવંતોએ ચંદ્રશેખરવિજયજી મહારજાની ગુણાનુવાદ બાદ તેમના ગુણો અને સમગ્રજીવનને ધ્યાનમાં રાખીને યુગપ્રધાન પદ આપ્યુ હતું.

**ચંદ્રશેખરવિજયજીને યુગપ્રધાનની પદવી સુરતમાં જ મળી હતી, ત્રણ ચાતુર્માસ કર્યા હતા**

# અફઘાનમાં અરાજકતા: કાપડના વેપારીઓને 400 કરોડ ડૂબી જવાનો ભય

**સુરત**

અફઘાનિસ્તાનમાં અંધાધૂંધીની અસર ટેક્સટાઈલના હબ ગણાતા સુરતમાં પણ જોવા મળી રહી છે. કાપડના પ્રોડક્ટના નિકાસકારો અને દલાલોનો દાવો છે કે અશાંતિના કારણે આશરે 400 કરોડ રૂપિયાનું પેમેન્ટ અટવાયું છે. અફઘાનિસ્તાનમાં જે પ્રકારની સ્થિતિ છે તે જોઈને તેમને ખૂબ જલ્દી 400 કરોડ રૂપિયાનું પેમેન્ટ નહીં મળે તેવો તેમને ડર છે. સુરતમાં બનતા પંજાબી સૂટ અને દુપટ્ટાની અફઘાનિસ્તાન તેમજ પાકિસ્તાનમાં વધારે માગ છે. કપડા ખરીદવા માટે અફઘાનિસ્તાનના વેપારીઓ અવાર-નવાર શહેરની મુલાકાત લેતા હતા. અને માલ ખરીદી દિલ્હીમાં તેમના ધંધાના સહયોગીઓના માધ્યમથી ચૂકવણી કરતા હતા.

# ભરૂચ નર્મદા માર્કેટમાં વેપારીની ૧૫થી ૧૭ ઘા ઝીંકી ઘાતકી હત્યા

## વેપારી બચવા ભાગીને દુકાનમાં ઘૂસ્યો પરંતુ ઉપરાછાપરી ઘા ઝીંકાયા

**ભરૂચ**

ભરૂચના નર્મદા માર્કેટમાં ફિલ્મી ઢબે એક વેપારીની ઘાતકી હત્યા કરાતા સમગ્ર નગરમાં ચર્ચાનો વિષય બન્યો છે. વેપારી પગપાળા જઈ રહ્યો હતો ત્યારે તેની પાછળ કેટલાક લોકોએ તિક્ષણ હથિયાર સાથે હુમલો કરી ૧૫થી ૧૭ ઘા ઝીંકી વેપારીની કરપીણ હત્યા કરી હત્યારાઓ ફરાર થઈ ગયા હતાં.

મળતી માહિતી અનુસાર ભરૂચના નર્મદા માર્કેટમાં એલિવેશન બોર્ડ બનાવવાનું કામ કરતો વેપારી હુસેન પોતાની ઓફિસ નજીકથી પગપાળા જતો હતો ત્યારે કેટલાક અજાણ્યા શખ્સોએ ધારદાર હથિયારો સાથે હુમલો કર્યો હતો જેના પગલે ઈજાગ્રસ્ત લોહીલુહાણ અવસ્થામાં બચાવો-બચાવોની બૂમો પાડી પોતાનો જીવ બચાવી ભાગવાના પ્રયાસો કર્યા હતા અને ભાગીને એક દુકાનમાં ઘુસી ગયો હતો છતાં પણ હુમલાખોરોએ ઈજાગ્રસ્તના શરીર ઉપર ઉપરા છાપરી ઘા ઝીકી હત્યા કરી હતી.

સ્થાનિકોએ એ ડિવિઝન પોલીસને જાણ કરતાં પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો સ્થળ પર આવેલી પોલીસે મૃતદેહની આજુબાજુ તપાસની સાથે હત્યારાઓને ઝડપી પાડવા માટે દોડાદોડી શરૂ કરી છે. હુસેનની હત્યા કયાં કારણોસર થઈ છે તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. નર્મદા માર્કેટમાં ઘાતકી હત્યાની ઘટના બનતા અન્ય વેપારીઓમાં પણ ભયનો માહોલ ઉભો થયો છે. હાલ તો પોલીસે લોહીથી લથપથ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ આરંભી છે. એક આરોપી પોલીસના શરણે થયો હોવાની પણ માહિતી મળી છે. આ શખ્સની પોલીસ દ્વારા ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરાઈ છે.

# કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામેના બદનક્ષી કેસમાં સાક્ષીઓ અંગે ફરી નિર્ણય લેવાશે

**અમદાવાદ**

કૉંગ્રેસ નેતા અને વાયનાડના સાંસદ રાહુલ ગાંધી સામે સુરતમાં ભાજપ ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ નોંધાવેલા બદનક્ષીના કેસમાં ચાર નવાં સાક્ષીઓને તપાસવાની પૂર્ણેશ મોદીની અરજી ટ્રાયલ કોર્ટે ફગાવી હતી. જેની સામે હાઈકોર્ટમાં અપીલ થતાં હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો આદેશ રદ કર્યો છે અને આ અરજી મુદ્દે નવેસરથી નિર્ણય કરવા આદેશ કર્યો છે.

૨૦૧૯માં ચૂંટણી પ્રચાર દરમિયાન કર્ણાટકમાં રાહુલ ગાંધીએ મોદી અટક પર બદનક્ષીભરી ટિપ્પણી કરી હોવાના આક્ષએપ સાથએ ભાજપ ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ સુરતની મેજિસ્ટ્રેટ કોર્ટમાં બદનક્ષીનો કેસ કર્યો છે. રાહુલ ગાંધીના ભાષણ અને વિવાદાસ્પદ ટિપ્પણીના વીડિયો રેકોર્ડિંગને લગતા ચાર સાક્ષીઓને તપાસવા પૂર્ણેશ મોદી દ્વારા ટ્રાયલ કોર્ટ સમક્ષ અરજી કરાઈ હતી. જો કે ટ્રાયલ કોર્ટે આ અરજી ફગાવતા નોંધ્યું હતું કે આ કેસમાં ફરિયાદીએ પૂરતા સાક્ષીઓ તપાસી લીધા છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West )
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, Opposite Vegetables Market.
Phone 647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM
Scarborough
WE ARE RE-OPENING
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-761-1317 647-657-9631 905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY CLOSED
: SAT-SUN :
11.00 AM to 6.00 PM
Mississauga
2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045
Great Punjab Plaza, Next to Malton Gurudwara.
: Phone :
905-673-9631
647-761-1317
647-657-9631
------: MON-FRI : ------
9.30 AM to 8.00 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

સ્વદેશ



## હિંદુત્ત્વની તુલના તાલિબાન સાથે થતાં FIR

હંમેશાં પોતાના વિવાદિત નિવેદનો અને ટ્વિટ્સને લઈને ચર્ચામાં રહેતી અભિનેત્રી સ્વરા ભાસ્કરે હિંદુત્ત્વની તુલના તાલિબાન સાથે કરતા તેની સામે FIR થઈ હતી. સ્વરા ભાસ્કરે લખ્યું હતું કે, 'આપણે હિંદુત્વના આતંકને સ્વીકારી શકીએ નહીં અને તાલિબાન આતંકથી હેરાન અને તબાહ થઈ ગયા છીએ. આપણે તાલિબાન આતંકથી શાંત નથી બેસી શકતા અને ફરી હિંદુત્વના આતંક સામે નારાજ થઈ જઈએ છીએ. આપણા માનવીય અને નૈતિક મૂલ્યો ઉત્પીડનની ઓળખાણ પર બિલકુલ પણ આધારિત ના હોવા જોઈએ.'

## પ્રિયંકા ચોપરા મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલની ચેરપર્સન બની



મુંબઈ : પ્રિયંકા ચોપરાએ સ્વંયને ગ્લોબલ સ્ટાર તરીકે સ્થાપિત કરી દીધી છે. હવે તે મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલની ચેરપર્સન બની છે. પ્રિયંકાએ આ જાણકારી સોશિયલ મીડિયા પર શેર કરી હતી. દીપિકા પદુકોણે આ પદ એપ્રિલ મહિનામાં છોડી દીધું હતું અને હવે તેના સ્થાને પ્રિયંકા ચોપરા ગોઠવાઈ ગઈ છે. પ્રિયંકાને મામી ના બોર્ડે ઓફ ટ્રસ્ટીઓએ એક જ નિર્ણયથી નિયુક્ત કરી હતી. જેમાં નીતાઅંબાણી, આનંદ મહેન્દ્ર, ફરહાન અખ્તર, ઈશા અંબાણી, રિતેશ દેશમુખ, સિદ્ધાર્થ રોય કપૂર, વિક્રમાદિત્ય મોટવાણી.જોયા અખ્તર તેમજ અન્યો સામેલ છે. પ્રિયંકએ પોસ્ટમાં ફિલ્મમેકર માર્ટિન સ્કોસેન્સના એક કોટને ટાંક્યો હતો, તેણે લખ્યું હતું કે, હવે આપણે પહેલાથી વધુ એક બીજા સાથે વાત કરવાની જરૂર છે. આપણે કઈ રીતે દુનિયાને સમજી રહ્યા છીએ તે નજરિયાની આપલે કરવાની જરૂર છે. આ માટે હું સિનેમાના માધ્યમને સર્વશ્રેષ્ઠ ગણું છું. તેણે વધુમાં લખ્યું હતું કે, હું આ વિચાર સાથે મારી નવી ભૂમિકા ભજવવા માટે તૈયાર છું. હું જિયો મામી ફિલ્મ ફેસ્ટિવલની ચેર પર્સન બન્યાનો મનેઆનંદ છે. આ ભારતનો અગ્રણી ફિલ્મ ફેસ્ટિવલ છે. જ્યાં એક વિચારધારા રાખનારાઓની ઉત્તમ ટીમ છે. અમે આ ફેસ્ટિવલને નવી રચનાત્મકતા સાથે નવું રૂપ આપીશું. વરસોથી દુનિયા જે રીતે બદલી છે તેને અનુરૂપ થઈશું. આ નવા અધ્યાય માટે હું ઉત્સાહિત છું.

## કેટરિના કૈફ અને વિક્કી કૌશલના સગપણ થઇ ગયાની અફવા



મુંબઈ : કેટરિના કૈફ અને વિક્કી કૌશલનું સગપણ થઈગયું હોવાની અફવા ચગી હતી. પરિણામે બન્નેના પ્રશંસકોએ તેમને સોશિયલ મીડિયા પર વધામણી પણ આપી હતી.જોકે આ યુગલમાંથી એકે પણ આ વાતની સ્પષ્ટતા કરી નહોતી. કેટરિના અને વિક્કી પ્રેમમાં ગળાડુબ છે, પરંતુ પોતાના સંબંધો વિશે ચુપકીદી સેવી રહ્યા છે. કેટરિના અને વિક્કી છેલ્લા બે વરસોથી રિલેશનશિપમાં છે. હવે કહેવાય છે કે આ યુગલે લગ્ન કરવાનો વિચાર કરી લીધો છે. વાત તો એવી પણ હતી કે, કેટરિનાએ વિકીનેપોતાની કો સ્ટાર્સ સાથે ઈન્ટીમેટ દ્રશ્યો ન કરવાનું પણ કહ્યું હતું. બન્નેએ ૨૦૨૧નું નવું વરસ સાથે સેલિબ્રેટ કર્યું હતું. કેટરિના સલમાન ખાન અને રણબીર કપૂર સાથે પ્રેમમાં ગળાડૂબ હતી અને લગ્ન કરવા માંગતી હતી. પરંતુ બેમાંથી એક પણ અભિનેતાએ તેની સાથે ઘરસંસાર માંડયો નહીં.

## આ પાત્ર મારા માટે ભેટ સમાનઃ નિમ્રત



અભિનેત્રી નિમ્રત કૌર આગામી ફિલ્મ દસવીંને કારણે ઉત્સાહી છે. તેણે આ ફિલ્મનું શુટીંગ પુરૂ કરી લીધું છે. આ ફિલ્મમાં તેની સાથે અભિષેક બચ્ચન અને યામી ગૌતમ પણ મુખ્ય ભુમિકામાં છે. દિનેશ વિજન નિર્મીત આ ફિલ્મનું નિર્દેશન નવોદિત નિર્દેશક તુષાર જલોટાએ કર્યુ છે. ફિલ્મની કહાની રિતેશ શાહે લખી છે. નિમ્રત કૌરને આ ફિલ્મમાં બિમલા દેવી ચૌધરી ઉર્ફ બિમ્મોનો રોલ મળ્યો છે. તેણે પોતાના લૂક સાથેનો ફોટો ઈન્સ્ટાગ્રામ પર મુકયો હતો અને લખ્યું હતું કે એકટરની જિંદગીમાં અનેક અવિસ્મરણીય પાત્રો હોય છે. એના માટે તમે એવા કેટલાય સ્થાનોનું નિરીક્ષણ કરતાં હોવ છો. બિમલા દેવી ચૌધરી ઉર્ફ બિમ્મોનું પાત્ર મારા માટે એક ભેટ સમાન છે, જે હંમેશાં મારા દિલમાં ખુશખુશાલ, ઉત્સાહવર્ધક અને મજેદાર પાત્ર બની રહેવાનું છે. મને પૂરા ઉત્સાહ અને પે્રમથી સોંપવામાં આવેલા પાત્રને ભજવવામાં ખુબ મજા આવી ગઈ હતી. દસ મહિનાની શુટીંગની સફર કયારે ખતમ થઈ ગઈ એ ખબર જ ન પડી.













હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## ભારતમાં એવી જેલ જયાં બંદીવાનોના કામ થકી થાય છે કરોડો રૂપિયાનું ટર્ન ઓવર

# 6 વર્ષમાં જ તેલંગાણાની જેલની કાયાપલટ

કર્મશીલ સ્ટેન સ્વામીના અવસાનને દોઢ મહિના કરતા પણ વધુ સમય વીતી ચૂક્યો છે. સ્ટેન સ્વામીના મૃત્યુના સમાચારની દેશભરનાં ન્યૂઝ-અખબારોએ નોંધ લીધી હતી. સ્ટેન સ્વામી 84 વર્ષના હતા અને તેમની ઉંમર જોતાં તેઓનું મૃત્યુ કુદરતી લાગે પરંતુ તેઓએ જીવનનાં છેલ્લાં વર્ષો જે રીતે જેલમાં વીતાવ્યાં તે કારણે તેમનું અકાળે અવસાન થયું એમ કહી શકાય. અનેક બીમારીથી ગ્રસ્ત હોવા છતાં તેઓને જામીન અપાયા ન હતા અને અંતે તેમનું મૃત્યુ થયું. ભારતીય જેલની અને ન્યાય વ્યવસ્થાની એ તાસીર રહી છે કે, તેમાં થતો વિલંબ અનેક લોકોના જીવ લે છે. જેમાં સ્ટેન સ્વામી જેવા કર્મશીલો પણ ભોગ બન્યા છે. સ્ટેન સ્વામીની 2018ની ભીમા કોરેગાંવ હિંસામાં અને માઓઈસ્ટ સાથેના જોડાણને લઈને ધરપકડ કરવામાં આવી હતી. તેમણે આજીવન આદિવાસીઓના અધિકાર અર્થે કામ કર્યું. આ આખી ઘટના અંગે ચર્ચા કરવાનો મુખ્ય ઉદ્દેશ ભારતીય જેલોમાં સુધારકાર્ય અંગેનો છે. ભારતમાં મહદંશે જેલોની સ્થિતિ જર્જરિત છે. તેમાં અપવાદરૂપ કહી શકાય તેવી તેલંગાણાની જેલો છે. તેલંગાણા જેલો આજે વિશ્વસ્તરની બની ચૂકી છે. માત્ર પાંચ વર્ષમાં તેલંગાણા જેલની કાયાપલટની નોંધ વિશ્વભરમાં લેવાઈ રહી છે.

તેલંગાણાની જેલમાં ઓગસ્ટ, 2015માં "પ્રોજેક્ટ મહાપરિવર્તન' લોન્ચ કરાયો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત તેલંગાણા જેલ તમામ પરિપ્રેક્ષ્યમાં સકારાત્મક બને તેવો ઉદ્દેશ હતો. આંધ્રની અન્ય જેલોની જેમ તેલંગાણા જેલની સ્થિતિ પણ સારી નહોતી. બજેટની મર્યાદા, ઓછો મેનપાવર અને માળખાગત સુવિધાની ખામીથી તેલંગાણાની તમામ જેલની હાલત અત્યંત ખરાબ હતી. 2014માં તેલંગાણા રાજ્ય સ્થપાયું તેના બીજા જ વર્ષે જેલને બહેતર બનાવવાની કામગીરી આરંભાઈ અને તે ઉદ્દેશથી વિઝન-2025ની બ્લૂપ્રિન્ટ તૈયાર કરવામાં આવી. સાથે સાથે જેલોની માળખાગત સુવિધાને દુરસ્ત કરવાનું કામ પણ હાથ ધરાયું, જેમાં તમામ જેલોની ઈમારતને સુદઢ અને સુંદર બનાવાઈ. જેલ સાથે સંકળાયેલી તમામ ઈમારતોને દુરસ્ત કર્યા બાદ વાહનવ્યવહાર માટે પણ નવી વ્યવસ્થા કરાઈ. અગાઉ જેલ પાસે વાહનોની સંખ્યા ખૂબ ઓછી હતી, જે કારણે જેલોમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું મુશ્કેલ રહેતું. ટેક્નોલોજી બાબતે આજે તેલંગાણાની જેલો વિશ્વની જેલોમાં ક્રમ લાવી શકે એમ છે. તેલંગાણાની તમામ સેન્ટ્રલ જેલ, ડિસ્ટ્રિક્ટ જેલ અને સબ જેલમાં વીડિયો કોન્ફરન્સિંગ સુવિધા ઊભી કરવામાં આવી.

કમાન્ડ કંટ્રોલ થાય તે રીતે સેન્ટ્રલથી લઈને સબ



જેલ સુધીમાં કેમેરાનું ઈન્સ્ટોલેશન કરવામાં આવ્યું છે. દરેક બંદીવાનોને ટેલિફોનિક સુવિધા મળી રહે તે માટે ફોનની સુવિધા અને ઈ-મુલાકાતની વ્યવસ્થા કરાઈ છે. માળખાગત સુવિધા ઊભી થયા બાદ તેલંગાણાના પ્રિઝન ડિપાર્ટમેન્ટમાં જે કામ થયું તે જેલના વહીવટને સુધારવાનું છે. આજે તેલંગાણાની જેલો "કરપ્શન ફ્રી જેલ્સ'થી ઓળખાય છે. ડિપાર્ટમેન્ટ દ્વારા ભ્રષ્ટાચારને ડામવા ચાર સ્તરીય પ્રક્રિયા ગોઠવાઈ છે. જેલો ભ્રષ્ટાચાર મુક્ત થઈ છે કે કેમ તે વિશે ખુદ ડિપાર્ટમેન્ટ જ પોતાના પર વૉચ રાખવાનું કાર્ય કરે છે. થર્ડ પાર્ટી દ્વારા તપાસ ઉપરાંત જે બંદીવાન પોતાની સજા કાપી ચૂક્યા છે તેમની પાસેથી પણ આ અંગે ફીડબેક લેવામાં આવે છે. તેલંગાણાની જેલમાં અગાઉ દેશની અન્ય જેલ જેવા જ પ્રશ્નો હતા. પરંતુ હવે તેલંગાણાની જેલોમાં મૃત્યુદરનું ચિત્ર બદલાઈ રહ્યું છે. 2013માં તેલંગાણાની જેલોમાં કુલ મૃત્યુઆંક 53 હતો, 2014માં 45 હતો પરંતુ પછીથી મહાપરિવર્તન પ્રોજેક્ટ અંતર્ગત આ આંકડો સતત ઘટી રહ્યો છે. 2015માં 32 બંદીવાનો મૃત્યુ પામ્યા હતા. 2016માં આ આંકડો 24 થયો અને પછીના વર્ષમાં 17. 2018માં માત્ર આઠ બંદીવાનોનું મૃત્યુ જેલમાં થયું હતું. આમ આ આંકડા દ્વારા જ કલ્પી શકાય કે તેલંગાણાની જેલમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું હશે! તેલંગાણાની જેલોમાં બંદીવાનોના ઘટી રહેલા મૃત્યુદરની નોંધ મીડિયાએ લીધી છે. જેલોના

**ઓફબીટ**
**ધવલ શુક્લ**

ડૉક્ટર્સની તમામ ખાલી પદો પર નવી નિયુક્તિ કરવામાં આવી છે. તમામ બંદીવાનોને વિનામૂલ્યે દવા આપવામાં આવે છે. જેલમાં બધું જ ચુસ્તદુરસ્ત કર્યા બાદ બંદીવાનો જેલમાં રહીને વધુ કામ કરી શકે અને કેવી રીતે તેમની પ્રતિભાને ઉપયોગી બનાવી શકાય તે અંગે પ્રિઝન ડિપાર્ટમેન્ટ દ્વારા કાર્ય થયું. તેલંગાણામાં જેલ સુધારણા કાર્યક્રમ શરૂ થયો તે અગાઉ માત્ર 5% બંદીવાનો માટે જ જેલોમાં કામ ઉપલબ્ધ હતું અને તેલંગાણાની માત્ર બે સેન્ટ્રલ જેલ - ચેરલાપલ્લી અને વેરાંગલમાં જ ઉદ્યોગો સ્થાપી શકાયા હતા.

બંદીવાનો દ્વારા થતાં ઉત્પાદનનું ક્યાંય માર્કેટિંગ થતું નહોતું, એટલે જ 2014માં ટર્નઓવર 49 કરોડ હતું અને તે સામે 3 કરોડનો જ નફો થતો. જો કે આ ટર્નઓવરના આંકડાને દેશની અન્ય જેલો હજુ સુધી સ્પર્શી શકી નથી. બંદીવાનોને કામ આપવા અને કામ લેવા અંગે જે નીતિ પ્રોજેક્ટ મહાપરિવર્તન અંતર્ગત ઘડવામાં આવી, ત્યાર બાદ આજે તેલંગાણાની જેલો આ બાબતે મોડલ બની ચૂકી છે અને 2021ના વર્ષમાં તેલંગાણાની જેલોનો નફાનો આંકડો 100 કરોડની પાર પહોંચશે તેવી આશા છે! જેલની ઈન્ડસ્ટ્રીઝને પુનર્જિવિત કરવા માટે પ્રિઝન ડેવલપમેન્ટ ફંડમાંથી યોગદાન લેવામાં આવ્યું છે. નવી મશીનરી ખરીદવામાં આવી. ઉપરાંત પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ દ્વારા નવી તકો ઉઘાડવામાં આવી. અલગ-અલગ ઈન્ડસ્ટ્રીઝ આજે તેલંગાણાના બંદીવાનો પાસેથી કામ લઈ રહી છે.

### રાજ્યની તમામ જેલમાં વીડિયો કોન્ફરન્સિંગ સુવિધા અને સીધી દેખરેખ માટે સીસીટીવી કેમેરા મુકાયા, બંદિવાનો માટે ટેલિફોન અને ઈ-મુલાકાતની પણ વ્યવસ્થા

તેલંગાણા પ્રિઝન ડિપાર્ટમેન્ટ આમ આયોજનબદ્ધ રીતે આગળ વધ્યું અને બંદીવાનોને પણ તેનો લાભ વળતરરૂપે મળે છે પણ સૌથી મોટું સાહસ તેલંગાણા પ્રિઝન ડિપાર્ટમેન્ટે કર્યું, તે તેલંગાણાના જુદા જુદા જિલ્લામાં 16 જેટલા પેટ્રોલપંપ શરૂ કરવાનું છે. હજુ પણ તેઓ વધુ પેટ્રોલ પંપ ખોલવાનો વિચાર કરી રહ્યા છે. આ રીતે તેલંગાણાનું પ્રિઝન ડિપાર્ટમેન્ટ અને બંદીવાનો સાથે સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યા છે. માત્ર પાંચ વર્ષના ગાળામાં આજે તેલંગાણાના બંદીવાનોમાં કામ કરવાનો જે રેશિયો 5%નો હતો, તે 73% સુધી પહોંચ્યો છે! હજુ પણ તે દર 90% સુધી પહોંચે તેવું ધ્યેય રાખવામાં આવ્યું છે.

જેલમાં બંદીવાનોના જીવનસુધારણા કાર્યક્રમનાં અદભુત પરિણામ તેલંગાણા પ્રિઝન ડિપાર્ટમેન્ટે લાવી બતાવ્યાં છે પણ આ પહેલમાં સૌથી અગત્યનું બને છે કે એક વાર ગુનો આચરીને જેલમાં આવનારી વ્યક્તિ ફરી ત્યાં ન આવવી જોઈએ. તે માટે પણ પ્રિઝન ડિપાર્ટમેન્ટ પહેલ કરી રહ્યું છે. જેમ કે 2014માં તેલંગાણાની જેલોમાં આવનારા બંદીવાનોની સંખ્યા 81,530 હતી, જે પછીના 2015ના વર્ષમાં 79,409 થઈ હતી. 2016માં આ સંખ્યા 62,608 થઈ હતી. 2017માં તે સંખ્યા 59,182 હતી જ્યારે 2018માં તે ઘટીને 55,734 થઈ છે ટૂંકમાં પ્રિઝન ડિપાર્ટમેન્ટે જે રાહે કામ કર્યું છે તેની અસર જેલોમાં તો દેખાય જ છે પણ સમાજના લોકોને પણ તેનો લાભ મળ્યો છે બંદીવાનો સાથે સાથે જેલ સાથે સંકળાયેલા તમામ કર્મચારીઓને પણ સુવિધા મળે, તેમનું જીવન બહેતર બનાવવાનું પણ કાર્ય આ પ્રકલ્પ હેઠળ થયું છે.

આ માટે જે વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે તેમાં જેલ સ્ટાફનાં બાળકોને સ્કૂલ બસ, પરિવાર માટે હેલ્થ ચેકઅપની સુવિધા, સારાં કામ બદલ એવોર્ડ-રિવોર્ડ, સ્ટાફનાં બાળકો માટે વિવિધ કેમ્પનું આયોજન, વિદ્યાર્થીઓ માટે સ્કૉલરશિપ, લોન, સ્પોર્ટસ-ગેમ્સની સુવિધા, તમામ જેલ સ્ટાફને જેલની ઉત્પાદિત ચીજ-વસ્તુઓ પર 20% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. બાંગ્લાદેશના એડિશનલ 16 ઓફ પ્રિઝન્સ ઈકબાલ હુસૈન અને હોમ મિનિસ્ટ્રીના ડેપ્યુટી સેક્રેટી શેખ શકીલ અહમદ સહિત બાર ડેલિગેટ્સ તેલંગાણાની જેલોની મુલાકાતે આવ્યા હતા. તેઓએ પણ તેલંગાણાની જેલોમાં થઈ રહેલા કાર્યને બિરદાવ્યું હતું. મેગ્સેસેય સન્માન મેળવનારા બેઝવાડા વિલ્સન પણ મહાપરિવર્તન પ્રોજેક્ટ અંતર્ગત તેલંગાણા જેલમાં થયેલા કાર્યને બિરદાવી ચૂક્યા છે.

SHARP
INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## Specialized in :

Job Offer & LMIA / Entrepreneur / Investor Business/ Self Employed / Farm Investor



## AMI MEHTA
IMMIGRATION PRACTIONER

- **LMIA/WORK PERMIT**
- EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS

**BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP**

**REJECTION CASES SPECIALIST**

**ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM**

**SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE**

**CANADA** 94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT. PH : 416-745-2466, 905-230-7855

**VADODARA** 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817

**AHMEDABAD** 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911

Email.: info@siis.ca Website.: www.siis.ca

# ભાઈ અને બહેનના નિઃસ્વાર્થ પ્રેમનો ઉત્સવ એટલે રક્ષાબંધન

રક્ષાબંધનનો તહેવાર પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ અનેક વખત ઉજવ્યો છે. શ્રીજીમહારાજને અનેક પ્રેમી ભક્તો રાખડીઓ બાંધતા. શાસ્ત્રોમાં ઉલ્લેખ જોવા મળે છે કે, કરસજીસણ ગામના ગોવિંદભાઈ સાહીઠ- સાહીઠ ગાઉ ચાલીને પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનને રાખડી બાંધવા ગઢપુર આવતા હતા.

શ્રાવણી પૂર્ણિમા એટલે ભાઈ-બહેનના પ્રેમના પ્રતિકનો ઉત્સવ. સમગ્ર ભારતમાં ‘રક્ષાબંધન’નું પર્વ ઉજવાય છે. આપણા વ્રતો અને તહેવારો ધાર્મિક અને આધ્યાત્મિક પરંપરા સાથે સંકળાયેલા છે. ભારતીય સંસ્કૃતિમાં તહેવારો અને વ્રતોનું મહત્વ અનેકાનેક સદીઓથી ચાલતું આવ્યું છે. શ્રાવણ સુદ-પૂનમને નારિયેળી પૂનમ પણ કહેવાય છે. જ્ઞાનનિષ્ઠ બ્રાહ્મણોને જનોઈ બદલવાનો ઉત્સવ અને વેપારીઓનો સમુદ્રપૂજન કરવાનો ઉત્સવ છે.



રક્ષાબંધનનો તહેવાર એટલે આજના સમય પ્રમાણે તેને સિસ્ટર્સ ડે કહેવાય. રક્ષાબંધન એ ભાઈ અને બહેનના પ્રેમ અને પરાક્રમના મિલનનું પર્વ છે. પરાક્રમી ભાઈની રક્ષા માટે બહેન પોતાના ભક્તિભીના હૃદયથી વણાયેલા પ્રેમના તાંતણાથી ભાઈના હાથે રક્ષાસૂત્ર બાંધે છે. જ્યારે સતત યુદ્ધો થતાં હતાં અને તલવાર યુગ ચાલતો હતો. ત્યારે બહેનની રાખડી ભાઈ માટે રક્ષાકવચ સાબિત થતું હતું. કાંડા ઉપર એક દોરો બાંધીને બહેન ભાઈની રક્ષા માટે પ્રભુને પ્રાર્થના કરતી અને સાચા દિલથી કરેલી પ્રાર્થના ભગવાન સાંભળતા અને આજે પણ સાંભળે છે. શાસ્ત્રોમાં રક્ષાબંધન અંગે જાણવા મળે છે કે, બલિરાજાએ ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને વશ કરી લીધા હતા. ત્યારે તેમને છોડાવા માટે લક્ષ્મીજીએ બલિરાજાને રાખડી બાંધીને પોતાનો ભાઈ બનાવ્યો અને ભગવાનને છોડાવ્યા હતા. રક્ષાબંધનના દિવસે બહેનને અનિષ્ટ તત્ત્વોથી રક્ષણનું છત્ર આપવાની બાંહેધરી આપતો ભાઈ આજે બહેન પાસે ‘રક્ષા’ રૂપે શુભેચ્છાઓ પ્રાપ્ત કરે છે. ભવિષ્ય પુરાણમાં રક્ષાબંધનની પૌરાણિક કથા આ રીતે વર્ણવામાં આવી છે કે, એક વખત દેવ અને દાનવોનો બાર વર્ષ સુધી મહાસંગ્રામ થયો હતો. એમાં દાનવોએ ઈન્દ્ર સહિત સર્વ દેવોને જીતી લીધા. પરંતુ ઈન્દ્ર સહિત તમામ દેવો ફરીથી દાનવો સાથે યુદ્ધ કરવા તત્પર થયા. તે સમયે ઈન્દ્રાણીએ પોતાના પતિ ઈન્દ્રને રક્ષાબંધન પર્વનો મહિમા સમજાવી રક્ષા બાંધી હતી. જેના પ્રતાપથી તેઓ દાનવોને પરાજિત કરી ફરીથી શ્રેષ્ઠ દેવ બની ગયા.

શ્રાવણી પૂનમના દિવસે સામવેદી સિવાયના બ્રાહ્મણો અને જે જનોઈ ધારણ કરતા હોય તે અન્ય વર્ણના લોકો જનોઈ બદલી નવી યજ્ઞોપવિત ધારણ કરે છે. શ્રાવણી પૂનમ-રક્ષાબંધનનો તહેવાર પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ અનેક વખત ઉજવ્યો છે. શ્રીજીમહારાજને અનેક પ્રેમી ભક્તો રાખડીઓ બાંધતા.

# ફ્લાયટ્રેપ એન્ડ્રોઇડ ટ્રોજન શું છે?



એક નવું એન્ડ્રોઈડ ટ્રોજનના લીધે માર્ચ 2021 થી અત્યાર સુધીમાં 10,000 થી વધુ યુઝર્સને હાની પહોંચી છે. આ ટ્રોજન ગૂગલ પ્લે સ્ટોર અને અન્ય થર્ડ પાર્ટી માર્કેટપ્લેસ પર છેતરપિંડીવાળી એપ્લિકેશન્સ માં જોવા મળ્યું. આ ટ્રોજન ડિવાઈસમાં ઈન્સ્ટોલ થયા બાદ ફેસબુક સાથે લીંક થઈ જાય છે. જેથી ફેસબુક યુઝર્સની માહિતીને નુકસાન પહોંચે છે.

ફ્લાયટ્રેપ તરીકે ઓળખાતું માલવેર ટ્રોજન ફેસબુક એકાઉન્ટ્સને હાઈજેક કરવા માટે સોશિયલ એન્જિનિયરિંગ યુક્તિઓનો ઉપયોગ કરે છે. આ હેકર ગ્રુપ વિયેતનામ થી એક્ટીવ છે. જેની માહિતી ઝિમ્પીરિયમની **zLabs** એ આપી છે. ત્યારબાદ ગૂગલ પ્લે સ્ટોર પરથી આ એપ્લિકેશન્સ હટાવી દેવામાં આવી છે. પરતું અન્ય થર્ડ પાર્ટી માર્કેટપ્લેસ પર આ એપ્લિકેશન્સ હજી ઉપલબ્ધ રહે છે. જેના કારણે મોબાઈલ એન્ડપોઈન્ટ્સ અને યુઝર્ડેસના ડેટા પર સાઈડલોડ કરેલી એપ્લિકેશન્સનું જોખમ વધે છે.

આ દુષિત એપ્લિકેશન્સ નેટફ્લિક્સ અને ગૂગલ એડવર્ડ્સ કૂપન કોડ ઓફર કરવાનો દાવો કરે છે અને યુઝર્સને તેમની મનપસંદ ટીમો અને ખેલાડીઓ માટે **UEFA EURO** 2020 પર મત આપવા દે છે, જે 11 જૂન અને 11 જુલાઈ 2021 ની વચ્ચે થઈ હતી. જેના ભાગરૂપ યુઝર્સ પાસે થી ફેસબુક એકાઉન્ટ લીંક કરવા કહે છે. ત્યારબાદ જ તેમને મત આપવા, અથવા કૂપન કોડ અથવા પોઈન્ટ્સ એકત્રિત કરવા દે છે.

એકવાર યુઝર્સનું ફેસબુક એકાઉન્ટ સાઈન ઈન થઈ જાય પછી ફ્લાયટ્રેપ ટ્રોજન એક્ટીવ થઈ જાય છે. જે ફેસબુક આઈડી, લોકેશન, ઈમેઈલ એડ્રેસ, આઈપી એડ્રેસ અને ફેસબુક એકાઉન્ટ સાથે સંકળાયેલ કૂકીઝ અને ટોકન્સ ચોરી કરવા માટે સજ્જ છે. યુઝર્સની **GPS** લોકેશન મેળવીને સોશિયલ એન્જિનિયરિંગ કરી આ એપ્લિકેશન્સ તમને લોકલ જાહેરાત પણ ઉપલબ્ધ કરે છે. વધુ માં તમને મેસેજ દ્વારા લીંક પણ મોકલવામાં આવે છે જેથી ફિશિંગ પણ થઈ શકે.

આ હેકર ગ્રુપ સામાન્ય યુઝર્સની ગેરસમજનો ફાયદો ઉઠાવી રહ્યા છે. જેનું દરેક યુઝર્સ એ ધ્યાન રાખવાની જરૂર છે. આ માલવેર ટ્રોજન અત્યાર સુધી 144 દેશના યુઝર્સને હાની કરી ચુક્યું છે. એન્ડ્રોઈડ ટ્રોજન ધરાવતી એપ્લિકેશન્સની વિગત મારા ટ્વીટર એકાઉન્ટ પર ઉપલબ્ધ છે.

@beinghumanmj






# નડિયાદ નગરપાલિકાને હવે મહાનગર પાલિકાનો દરજ્જો આપવા રજૂઆત

**નડિયાદ**

નડિયાદ નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાની માગણી ઊઠી છે. નિયમો પ્રમાણે મહાનગરપાલિકા બનવા માટે જરૂરી તમામ માપદંડો હોવા છતાં નડિયાદને મહાનગરપાલિકા જાહેર કરવામાં ન આવતા નગરવાસીઓ અસંતોષથી ભરાયા છે. જાગ્રત નાગરિકો દ્વારા આ બાબતે કોર્ટના દરવાજા ખખડાવવાથી લઈને મુખ્યમંત્રી-વડાપ્રધાન સુધી રજૂઆતો કરવાની ચહલપહલ જોવા મળી રહી છે. નડિયાદ સુધરાઈની સ્થાપના ૧૮૭૨માં થઈ હતી, જેને ૧૪૯ વર્ષ પૂર્ણ થઈ ગયાં છે. અત્યારે નડિયાદ ગુજરાત રાજ્યમાં અ વર્ગની સૌથી મોટી નગરપાલિકા છે. સરકારી વેબસાઈટ મુજબ ૨૦૨૧માં નડિયાદની સંભવિત વસતી ૩,૩૦,૪૦૦ છે. જ્યારે ૨૦૧૯ના આંકડા પ્રમાણે શહેરનો વિસ્તાર ૬૦.૫૮ચોરસ કિલોમીટર છે. આસપાસ પાંચ કિલોમીટરના વિસ્તારમાં આવેલા ગામડાઓની વસતી આશરે સવા લાખ જેટલી અને વિસ્તાર ૧૨૨.૫૮ ચોરસ કિલોમીટર જેટલો છે. શહેરનો ૭૧ ટકા જેટલો વિસ્તાર હાલમાં વિકસિત ગણાય છે. જ્યારે ૨૯ ટકા વિસ્તાર હજી અવિકસિત ગણાય છે. શહેરના નડિયાદ-ડભાણ રોડ ઉપર આવેલા જિલ્લા સેવા સદનમાં જિલ્લાની મુખ્ય કચેરીઓ આવેલી હોવાથી દરરોજ ત્રણથી પાંચ હજાર લોકો અહીં આવ-જા કરે છે. જાગ્રત નાગરિકોના જણાવ્યા પ્રમાણે નડિયાદને મહાનગરપાલિકા બનાવવામાં આવે તો આસપાસના ગામડાંઓને ઘણો લાભ થઈ શકે છે. શહેર અને આસપાસના વિસ્તારોના નાગરિકોને જરૂરી અને પાયાની સુવિધા અપાઈ શકે છે.

## નડિયાદમાં વિરાટ સંતસંમેલનમાં વીજ બીલ- ગૌવંશ અંગે રજુઆત

**નડિયાદ**

ખેડા જિલ્લાના વડામથક નડિયાદમાં ભવ્ય સંત સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાનું સન્માન કરવામાં આવ્યું હતું. સંમેલનમાં દેશના ૧૩૭ સંપ્રદાયોના ૫૦૦ જેટલા સંતો-મહંતો હાજર રહ્યા હતા. આ સંતસંમેલનમાં નડિયાદ સંતરામ મંદિરના વર્તમાન મહંત પૂ. રામદાસજી મહારાજે સંતો સંબોધતા જણાવ્યું હતું કે ધર્મસત્તા સત્ય થશે તો જ રાજસત્તાને બળ મળશે. સંતરામની પરંપરામાં બધા સંપ્રદાયોને હંમેશાં આવકાર રહ્યો છે. અધ્યક્ષસ્થાનેથી સ્વામી નતમપ્રકાશદાસજીએ વિવિધ સંતો દ્વારા સાતથી વધુ ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા. બેઠકમાં સમગ્ર ગુજરાતના અપૂજ્ય મંદિરોનો સર્વે કરાવીને તેના પુનરોત્થાન માટેની કાર્યવાહી સહિતના ખાસ ઠરાવ કરવામાં આવ્યા હતા. સંતસભામાં ગૃહમંત્રી સમક્ષ બે રજૂઆતો પણ કરાઈ હતી. હાલમાં ધાર્મિક સંસ્થાનોને વીજબીલ કમર્શિયલ ધોરણે આપવામાં આવે છે, તેમાં રાહત આપવાની રજૂઆત ગૃહમંત્રીને કરવામાં આવી હતી. ઉપરાંત ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં ગાયોને સાચવવામાં આવે છે. આ ઉપરાંત ગૌવંશના રક્ષણ માટે પગલા ભરવા માંગ કરાઈ હતી.

## બોરસદમાં દશામાના વિસર્જનમાં બે જણાનું ડુબી જતાં મોત

આણંદ : માં દશામાંના વ્રતની પુર્ણાહુતિ પ્રસંગે દશામાંની મૂર્તિનું વિસર્જન કરવા માટે બોરસદ તાલુકાના વાલવોડ ગામ નજીકથી પસાર થતી મહી કાંઠે ગયેલ ખેડાસા ગામના બે વ્યક્તિઓને વિસર્જન દરમ્યાન નદીના પાણીમાં ડુબી જવાના કારણે કરૂણ મોત નીપજતા નાનકડા ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. ખેડાસા ગામના બે યુવકોના કરૂણ મોત નીપજતા આણંદ ફાયરબ્રિગેડની ટીમ તુરંત જ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીમાંથી બંને યુવકોના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

# કરજણના દેથાણ ગામે પરિણીતા પર બળાત્કાર બાદ હત્યા : છ ધરપકડ

### 48 કલાકમાં સામુહિક બળાત્કાર અને ખૂનનો ગુનો ઉકેલવામાં સફળ

**વડોદરા**

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના નાનકડા ગામ દેથાણ ગામના અમેરિકન ઘાસના ખેતરમાં કામ કરતી પરિણીતાને જકડી લઈ છ પરપ્રાંતિઓએ ગેંગરેપ ગુજારી હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી છે. ઘટનાના 48 કલાકમાં જ જિલ્લા પોલીસ વડા સુધીરકુમાર દેસાઈની સૂચનાથી પોલીસે હવસખોર છ પરપ્રાંતિઓની ધરપકડ કરી હોવાનું જાણવા મળે છે. ફરિયાદીના ભત્રીજાના અમેરિકન ઘાસના વાવેતરવાળા ખેતરમાં ઘાસ કાપવા માટે તા.16 ના સાંજે છ વાગે ગઈ હતી. પરંતુ તે પરિણીતા રાતે 9 સુધી ઘરે પરત નહીં આવતાં ઘરના સદસ્યો તપાસ કરવા માટે ખેતરમાં ગયા હતા. ત્યારે પરિણીતાએ ગળે દુપટ્ટાથી ટુંપો દઈ આત્મહત્યા કરી હોવાનું જાણમાં આવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આ અંગે પોલીસ ફરિયાદ કરતા પ્રાથમિક તપાસમાં આત્મહત્યા નહીં પરંતુ ગેંગ રેપ થયાનું જાણવા મળ્યું હતું. આ કેસમાં પોલીસે દિલીપ શ્રીમુખ લાલ ચૌધરી, લાલ બહાદુર ગિરજા રામ બિહાર, જગુ પ્રસાદ સુભાષચંદ્ર પંડુ, પ્રમોદ રામચરણ પંડુ, રામ સુરત સુભાષચંદ્ર પંડુ તથા અર્જુન લાલચંદ્ર પંડોરને ઝડપી પાડ્યા છે.

## ઉમરેઠના ધારાસભ્યના પી.એ.ને ગોળી મારી જાનથી મારી નાખવાની ધમકી મળી

**આણંદ**

ઉમરેઠના ધારાસભ્યના પી.એ. વિમલભાઈ પટેલ આણંદની ચિખોદરા ચોકડી નજીકથી પસાર થતાં હતા ત્યારે સુંદલપુરાના રહીશ અને જિલ્લા પંચાયતના સભ્ય રમેશ ઉર્ફે ઝાલાએ તેઓને ફોન કરી ઉમરેઠના ધ્વજવંદન કાર્યક્રમમાં મારું સન્માન કેમ કરવામાં ન આવ્યું તેમ કહી ગમે તેમ અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. જેથી આ કાર્યક્રમ સરકાર આયોજીત અને મામલતદારની અધ્યક્ષતામાં યોજાયેલ હોવાનું વિમલભાઈએ જણાવતા રમેશભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને તું ધારાસભ્યનો ચમચો છું, ગોળી મારી દઈશ તેવી ધમકી આપી હતી. જેથી વિમલભાઈ પટેલે તુરંત જ આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ આપી છે.

## બોરસદમાં વૃદ્ધ દંપતિએ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી : પત્નીનું મોત

**બોરસદ**

બોરસદ શહેરની આશિષ સોસાયટીમાં રહેતા ધીરૂભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉ.વ.૭૬) અને તેમના પત્ની કાન્તાબેન (ઉ.વ.૭૬)એ આજે સવારના લગભગ ૬:૦૦ કલાકની આસપાસના સુમારે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી આયખુ ટુંકાવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાને લઈને પરિવારજનો તુરંત જ દોડી આવ્યાં હતા અને આ દંપતિને બેહોશીની હાલતમાં નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતા. સારવાર દરમિયાન આજે શનિવારે બપોરે કાન્તાબેનનું મૃત્યુ નિપજ્યું હતું. સમગ્ર બનાવને કારણે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અમેરિકા અને કેનેડાના દાતાઓ દ્વારા ચરોતર વિસ્તારમાં નનામી અને શબવાહિકાનું દાન



તારાપુર : આણંદ જિલ્લાના પેટલાદ, સોજિત્રા, ખંભાત અને તારાપુર એમ ચાર તાલુકાના ૧૫૦ ગામોને સ્ટેનલેશ સ્ટીલની નનામી-શબવાહિકાનું દરેક ગામની ગ્રામ પંચાયતોને અર્પણ કરવામાં આવી હતી. નાર ગોકુલધામના સાધુ શુકદેવપ્રસાદદાસ તથા સાધુ હરિકેશવદાસના વિચારોને દેશ-વિદેશના દાતાઓ દ્વારા સાકાર કરવામાં આવે છે. દાતા શૈલેષભાઇ કાન્તિભાઇ પટેલ, (યુ.એસ.એ.), મનનભાઇ કિરીટભાઇ શાહ (યુ.એસ.એ.), રાજેશભાઇ રસિકભાઇ લાખાણી-તરવડા(યુ.એસ.એ.), ભઇલાલભાઇ વાઘજીભાઇ પટેલ (કેનેડા), મનિષભાઇ કિશોરભાઇ શેઠ-મલેશિયા, સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ-અમદાવાદ તરફથી રૂ. ૭,૧૧,૭૧૬નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.

### કપડવંજમાં પત્ની બની હેવાન, ચારિત્રય પર શંકા રાખતા પતિને દંડા મારીને પતાવી દીધો

**ખેડા :** કપડવંજમા સુલતાનપુરામાં પતિ વહેમ રાખી અવારનવાર ઝઘડા કરતો હોવાથી પત્નીએ તેની હત્યા કરીને મૃતદેહને દફનાવી દીધો હોવાની ઘટના સામે આવી છે. હાલ તો પોલીસે આરોપી પત્નીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી કરી છે. પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, હીના પરમાર નામની યુવતીએ આજથી આશરે એકાદ-બે વર્ષ પહેલા કપડવંજ તાલુકાના સુલતાનપુરામાં રહેતા મુકેશ પરમાર સાથે પ્રેમલગ્ન કર્યા હતા. તેઓને સંતાનમાં દોઢ વર્ષનો એક દીકરો પણ છે. જો કે પતિ મુકેશ પત્ની હીનાના ચારિત્ર પર શંકા રાખતો હતો, જેના કારણે બન્ને વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. જો કે રવિવારે સુલતાનપુરાની સીમમાં આવેલા ઘરે હીના અને મુકેશ વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. આ દરમિયાન આવેશમાં આવીને હીનાએ પતિના માથાના ભાગે દંડાથી ફટકો મારીને તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

### પંચમહાલમાં ઉલટી ગંગા : લાભી ગામે વહુના ત્રાસથી કંટાળી સાસુએ આપઘાત કરી લીધો

**પંચમહાલ :** પંચમહાલના શહેરા તાલુકાના લાભી ગામ ખાતે રહેતા 50 વર્ષીય ધનીબેન કાળુભાઈ વણકરને તેમના છોકરાની વહુ જ્યોત્સના ગિરીશ વણકર સાથે કઈને કઈ બાબતે અવારનવાર તકરાર થતી હતી. ઘરે મહેમાન આવ્યા હોવાથી ધનીબેને છોકરાની વહુને ગાળો બોલવા માટે ના પાડતા બંને વચ્ચે બોલાચાલી સાથે ઝઘડો થયો હતો. વહુના ત્રાસથી 50 વર્ષીય સાસુ ધનીબેન વણકરે પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી દીધું હતું. પોલીસ મથક ખાતે આ બનાવની જાણ થતા પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર એચ.સી રાઠવા સહિતનો પોલીસ સ્ટાફ બનાવ સ્થળ ખાતે આવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વહુએ સાસુની હત્યા કરી હોવાનો આક્ષેપ મરણ જનારની દીકરીએ કરતા પોલીસે આ બનેલા બનાવની ઝીણવટભરી તપાસ ચક્રો ગતિમાન કર્યા હતા.

### ઉમરેઠ મામલતદાર કચેરીમાં ધ્વજવંદન કાર્યક્રમ સમયે એડવોકેટ દ્વારા આત્મવિલોપનનો પ્રયાસ

**વલ્લભવિદ્યાનગર :** ઉમરેઠમાં રહેતા કિરીટ ચંપકલાલ ગાભાવાળા કે જેઓ બોગસ ખેડૂત બન્યા હોવાના આક્ષેપ સાથે અરજદાર જયેન્દ્ર-જગદીશ પટેલ-એડવોકેટે અનેક વખત અને વખતો વખત કલેક્ટરાલય, પોલીસ, મામલતદાર સહિતની કચેરીઓમાં રજુઆત કરીને બોગસ ખેડૂતના મુદ્દે છેલ્લા ૭ વર્ષથી સતત પુરાવા સાથે રજુઆત કરતા આવ્યા હોવા છતાં તંત્ર દ્વારા કોઇ જ નક્કર કાર્યવાહી કરવામા ન આવી હોવાના આક્ષેપ સાથે તેઓએ ૧૬ જુલાઇના રોજ આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારી હતી. ૧૫મી ઓગષ્ટના સ્વતંત્રતા દિને મામલતદાર કચેરી ખાતે ધ્વજવંનના કાર્યક્રમ સમયે અચાનક અરજદાર કેરોસીન લઇ આવી પોતાના શરીર ઉપર છાંટીને જાત જલાવવાનો પ્રયાસ કરતા પોલીસ જવાનોએ તેઓને ઘેરી લઇ કેરોસીનનો કેરબો ખેંચી લઇ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.

### આણંદના બોરીયાવી નજીક ટેન્કરની ટક્કરે પિતા-પુત્ર અને પૌત્રનું ઘટના સ્થળે જ મોત

**આણંદ :** કણજરી તાબે લક્ષ્મીપુરા ખાતે રહેતા હરેશભાઈ ચંદુભાઈ પરમાર (ઉ.વ.૧૮) પિતરાઈ ભાઈ જયેશ રઈજીભાઈ પરમાર (ઉ.વ.૨૫) તથા તેઓના પાંચ વર્ષીય પુત્ર હર્ષને મોટરસાયકલ ઉપર બેસાડી આણંદ પાસેના સામરખા ગામે આવેલ ખોડિયાર માતાના મંદિરે દર્શનાર્થે આવ્યા હતા. દર્શન કર્યા બાદ તેઓ મોટરસાયકલ ઉપર સવાર થઈ કણજરી પરત જવા નીકળ્યા હતા. દરમ્યાન બપોરના બારેક વાગ્યાના સુમારે તેઓની મોટરસાયકલ બોરીઆવી ગામ નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે પાછળથી પુરપાટ ઝડપે આવી ચઢેલ એક ટેન્કરના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી હંકારી મોટરસાયકલને ટક્કર મારતા મોટરસાયકલ ઉપર સવાર ત્રણેય ઉછળીને રોડ ઉપર પટકાયા હતા. જેમાં ત્રણેયને ગંભીર ઈજાઓ પહોંચતા તેમના ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યાં હતા.

# સ્ટુડન્ટ વિઝા પર કેનેડા જતાં ગુજરાતના અનેક વિદ્યાર્થીઓ વિદેશમાં ફસાઈ ગયા

**અમદાવાદ**

કેનેડા સરકારે ભારત સાથેની ડાયરેક્ટ ફ્લાઈટ બંધ રાખતાં સ્ટુડન્ટ વિઝા પર કેનેડા જતા ભારતના સેંકડો વિદ્યાર્થીઓ કફોડી સ્થિતિમાં મૂકાઇ રહ્યા છે. ગુજરાતના અનેક વિદ્યાર્થીઓ સ્પેશિયલ ફ્લાઈટ દ્વારા કેનેડા પહોંચવાનું આયોજન કરી રહ્યા છે તેઓ પણ અન્ય દેશમાં ફસાઇ જતાં હાલાકીમાં મૂકાયા છે.

કોરોનાના કેસને પગલે કેનેડાએ ભારત સાથેની ડાયરેક્ટ ફ્લાઈટ બંધ રાખેલી છે. જેના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓ વાયા માલદિવ્સ, કેરો, મેક્સિકો થઈને કેનેડા પહોંચી રહ્યા છે. જેના માટે વિદ્યાર્થીઓ એક વર્ષની કોલેજ ફીની ૨૦ ટકા જેટલી રકમ માત્ર ગુજરાતથી કેનેડા પહોંચવા માટે ખર્ચી રહ્યા છે. આવું જ વિદ્યાર્થીઓનું જૂથ ૩૬ કલાકથી મેડ્રિડ ખાતે ફસાયું છે. મેડ્રિડ એરપોર્ટ ખાતે ફસાયેલા ગુજરાતના એક વિદ્યાર્થીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી છે કે, ‘ચાર્ટર એરલાઈન્સથી ફ્લાઈટ બૂક નહીં કરાવો તેવો અનુરોધ છે. અમે ૧૪ કલાકથી મેડ્રિડ એરપોર્ટ પર ફસાયા હોવા છતાં અમે જેના મારફતે ટિકીટ બૂક કરાવી તે ટ્રાવેલ એજન્ટ અને એરલાઈન્સ દ્વારા કોઈ જવાબ અપાઇ રહ્યો નથી.

અમે દિલ્હી એરપોર્ટમાં ૧૬ કલાક રાહ જોઈ હતી અને હવે ૧૪ કલાકથી મેડ્રિડ એરપોર્ટમાં ફસાયા છીએ. મેડ્રિડ ખાતે અમારા માટે હોટેલમાં રોકાણ તો દૂર ભોજનની વ્યવસ્થા પણ કરાઇ નથી. અમારું ટિકીટ પેકેજ રૂપિયા ૨ લાખથી ૩ લાખનું છે. ‘ આ વિદ્યાર્થીઓ મેડ્રિડથી મેક્સિકો થઈને ટોરન્ટો પહોંચવાના હતા. પરંતુ મેક્સિન સરકાર તરફથી મંજૂરી નહીં મળતાં આ વિદ્યાર્થીઓ મેડ્રિડ ખાતે ફસાયા હતા. અનેક વિદ્યાર્થીઓએ વડાપ્રધાન કાર્યાલયના ટ્વિટર હેન્ડલમાં પણ પોતાની વ્યથા રજૂ કરી હતી.

# ‘લવ જેહાદ’ના કાયદાની કેટલીક કલમોની અમલવારી પર કોર્ટનો સ્ટે

## લોકોને બિનજરૂરી હેરાનગતિ ન થાય તે જરૂરી : કોર્ટ

**અમદાવાદ**

‘લવ જેહાદ’ રોકવાના કાયદા તરીકે ઓળખાતા ગુજરાત ધર્મ સ્વતંત્રતા અધિનિમયના સુધારાની આઠ કલમોની અમલવારી પર ગુજરાત હાઈકોર્ટે વચગાળાનો સ્ટે ફરમાવ્યો છે. જેથી હવે છેતરપિંડી, લાલચ કે બળજબરી વિના પરસ્પર સહમતીથી થતાં આંતરધર્મીય લગ્નો પર આ કાયદાની જોગવાઈઓ લાગુ નહીં પડે. સુધારાને પડકારનારા અરજદાર અને રાજ્ય સરકારની પ્રાથમિક દલીલો સાંભળ્યા બાદ ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ બિરેન વૈષ્ણવની ખંડપીઠે વચગાળાનો આદેશ આપ્યો છે કે કોર્ટમાં આ અરજી પેન્ડીંગ છે તે દરમિયાન આ સુધારાઓની કેટલીક જોગવાઈઓની અમલવારી પર સ્ટે આપવામાં આવે છે. છેતરપિંડી, લાલચ કે બળજબરી વિના થતાં આંતરધર્મીય લગ્નો પર જોગવાઈ લાગુ નહીં પડે અને આવાં લગ્નો ગેરકાયદે ધર્માંતરણ માટે થાય છે તેવું કહી શકાય નહીં. હાઈકોર્ટની ખંડપીઠે આજે કહ્યું હતું કે આંતરધર્મીય લગ્નો કરનારા લોકોને બિનજરૂરી હેરાનગતિથી રક્ષણ આપવા આ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

# ધંધુકા હાઈવે પર અકસ્માતમાં એક જ પરિવારનાં ત્રણનાં મોત

**બગોદરા**


અમદાવાદ જિલ્લાના હાઈવે પર અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. આજે બગોદરા-ધંધુકા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બાઈક પર જઈ રહેલા પતિ, પત્ની અને ત્રણ બાળકોને અજાણયા વાહન ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી બાઈક સવારે ને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. બનાવમાં બાઈકસવાર પતિ, પત્ની અને એક પુત્રનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બાળકોને નાની મોટી ઈજા પહોંચી હતી.

ઘટનાની જાણ થતાં ફેદરા ૧૦૮ની ટીમ તરત જ ઘટના સ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને બગોદરા આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડાયા હતા. જોકે એક બાળકીની સ્થિતિ ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં બગોદરા અને કોઠ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહોનો કબજો લઈ પી.એમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. મૃતકોમાં વિક્રમ ફલજીભાઈ જાદવ, ભાવનાબેન વિક્રમભાઈ જાદવ, પાર્થ વિક્રમભાઈ જાદવનો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં પ્રથમવાર એન્ટી કોવિડ ડ્રગ્સ 2-DGનું ઉત્પાદન કરવા સરકારની મંજૂરી

**અમદાવાદ**

ગુજરાતમાં કોવેક્સિન રસીના ઉત્પાદ માટે કેન્દ્ર સરકારે લીલીઝંડી આપી છે. હવે ગુજરાતમાં પ્રથમવાર એન્ટી કોવિડ ડ્રગ્સ ૨- ડીજીનું ય ઉત્પાદન થવા જઈ રહ્યુ છે. ભારતીય લશ્કરની પાંખ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને શોધેલી દવાની ફોર્મ્યુલા આધારે કોરોનાના માઈલ્ડ લક્ષણો ધરાવતા દર્દીઓ માટે ૨-ડીજી દવાનું ગુજરાતમાં ઉત્પાદન થશે.પહેલીવાર એવુ થશે કે, કોરોનાની દવા પાવડર સ્વરુપે મળશે. ટૂંક જ




સમયમાં ગુજરાતમાં કોરોનાની આ દવાનુ ઉત્પાદન શરૂ થઈ જશે.

ટુ ડીઓક્સી-ડી ગ્લુકોઝ જેને ટુ-ડીજીના નામે ઓળખાય છે.એન્ટીવાયરલ ડ્રગ્સ તરીકે ઓળખ ધરાવતા ડ્રગ્સ ટુ-ડીજીનો ઘણો ઓછો વપરાશ થતો હતો પરિણામે આ કેમિકલને ૨૦૧૮ની યાદીમાંથી બાદબાકી કરી દેવામાં આવી હતી. પણ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનને ટુ ડીજીનો પુઃન ઉપયોગ કરવા નક્કી કર્યુ હતું અને વધુ સંશોધન કરતાં માલુમ પડયુ કે, ટુ ડીજી કોરોનાની સારવાર ઉપયોગી સાબિત થઈ શકે છે. ડીઆરડીઓએ પ્રથમ તબક્કામાં હેદરાબાદની ડો.રેડ્ડી લેબોરેટરીને દવાની ફોર્મ્યુલા આપી હતી.

# ભૂમાફિયા સામે લાલઆંખ, 750 કરોડના લેન્ડ ગ્રેબિંગના કિસ્સામાં 1178 સામે FIR

## 28 કરોડ 61 લાખ 80 હજાર ચો.મી. જમીન પર ભૂમાફિયાઓનો કબજો

**અમદાવાદ**

સરકારી-ખાનગી જમીનો પચાવી પાડતા ભૂમાફિયાઓ સામે રાજ્ય સરકારે લાલ આંખ કરી છે. રાજ્ય સરકારે ગરીબ-મધ્યમ વર્ગ ઉપરાંત નાના સિંમાત ખેડૂતોની જમીન પચાવી પાડનારાં ભૂમાફિયાઓ સામે કડક કાર્યવાહી કરી છે. ગુજરાતમાં ભૂમાફિયાઓએ અંદાજિત રૂ.750 કરોડની સરકારી-ખાનગી જમીનો પચાવી પાડી હતી. સરકારે આ મામલે તપાસ કરી 345 લોકો સામે પોલીસ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજ્યમાં જમીનો પચાવી પાડવાની વધતી જતી ઘટનાઓ પર કાબૂ મેળવવા રાજ્ય સરકારે વિધાનસભામાં લેન્ડગ્રેબિંગ એક્ટ પસાર કર્યો હતો. રાજ્ય સરકારે ભૂમાફિયાઓની શાન ઠેકાણે લાવવા લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ અમલી કર્યો છે. આ કાયદો અમલમાં આવતાં છેલ્લા એક વર્ષમાં રાજ્ય મહેસૂલ વિભાગને ભૂમાફિયાઓ વિરૂધ્ધ કુલ મળીને 6884 અરજીઓ મળી હતી. જેમાં 4489 અરજીઓની તપાસ પૂર્ણ કરવામાં આવી છે. આ અરજીઓની તપાસ કરતાં એવુ માલુમ પડયું કે, રાજ્યમાં કુલ મળીને 28 કરોડ 61 લાખ 80 હજાર ચોમી જમીન પર ભૂમાફિયાઓએ ગેરકાયદેસર રીતે કબજો કર્યો છે. અંદાજિત રૂા.750 કરોડની સરકારી-ખાનગી જમીન પચાવી પાડી છે. જમીન પર દબાણ હોવાનુ સાબિત થતા 1178 લોકો સામે 345 પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. જયારે 190 લોકો સામે ચાર્જશીટ દાખલ કરાઈ છે.

# રોગચાળાને અટકાવવા AMC દ્વારા 1200ને નોટિસ, 31 લાખની વસૂલાત

**અમદાવાદ**

શહેરમાં ચોમાસા દરમિયાન ફેલાતા રોગચાળાને અટકાવવા માટે અમદાવાદ કોર્પોરેશન હરકતમાં આવ્યું છે. જે અંતર્ગત શહેરના 1200 જેટલા એકમોને નોટિસ આપી 31 લાખથી વધુનો દંડ વસુલ કરાયો છે. તે છતા રોગચાળો યથાવત છે.

ચોમાસુ આવતા મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો માઝા મૂકે છે. ત્યારે આ વર્ષે પણ રોગચાળાની માઝા યથાવત રહી છે. કોર્પોરેશનની કામગીરી હોવા છતાં પણ રોગચાળો યથાવત રહેતા તંત્ર સાથે લોકોની ચિંતા વધી છે. કેમ કે શહેરમાં પશ્ચિમ વિસ્તારમાં રોગચાળો વધુ નોંધાયો છે. અને તેમાં પણ શાહપુર, દુધેશ્વર, દરિયાપુર, જમાલપુર, બહેરામપુરા, સરખેજ સહિત ચાલી ધરાવતા વિસ્તારમાં કેસ વધુ માનવામાં આવી રહ્યા છે. મચ્છરજન્ય રોગચાળો અટકાવવા AMCના હેલ્થ મલેરિયા વિભાગે 7 ઝોનમાં કરેલી કાર્યવાહી જોઈએ તો શહેરમાં 2300 ઉપર વિવિધ કન્સ્ટ્રકશન કોમર્શિયલ હોટેલ અને રેસ્ટોરન્ટ જેવા એકમોને ચેક કરી 1200 જેટલાને નોટિસ અપાઈ છે તેમજ 31 લાખ ઉપર દંડ વસુલ કરવામાં આવ્યો છે. તો 3 લાખ ઉપર ઘરમાં ફોગીંગ કર્યું છે.

# સાબરમતી જેલ ભજિયા હાઉસમાં હવે ‘ગાંધી થાળી’ અને આઝાદી મ્યુઝિયમ

**અમદાવાદ**

અમદાવાદની સાબરમતી જેલનું ભજીયા હાઉસ વિખ્યાત છે. કેદીઓના હાથ બનેલા ભજીયાં ઉપરાંત હવે લોકો શુધ્ધ અને સાત્વિક ગાંધી થાળી ઉપરાંત આઝાદી મ્યુઝિયમની મજા માણી શકશે. ભજીયા હાઉસને હેરિટેજ લૂક આપીને ત્રણ માળનું બિલ્ડિંગ બનાવનાની પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. પહેલા માળે ભજીયા હાઉસ, બીજા માળે આઝાદીના લડવૈયાઓના યાદગાર ફોટોગ્રાફ્સ ઉપરાંત દસ્તાવેજી ઈતિહાસની ઝાંખી આપતું આઝાદી મ્યુઝિયમ તૈયાર કરવામાં આવશે. જ્યારે, ત્રીજા માળે રેસ્ટોરન્ટ બનાવવામાં આવશે. એકસાથે ૧૦૦ માણસો જેલના કેદીઓએ બનાવેલી ગુજરાતી થાળી માણી શકશે.

# પેપરલેસ પોલીસ : બધી કામગીરી ઈ-ગુજકોપમાં હવે ઓનલાઈન કરાશે

**અમદાવાદ**

અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત પોલીસ આધુનિક બની રહી છે. હવે, પોલીસ સ્ટેશનોને પેપરલેસ બનાવવાની દિશામાં ગતિ વધારવામાં આવી રહી છે. ડીજીપીએ આદેશ કર્યા પછી હવે અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે શહેરના તમામ પોલીસ સ્ટેશનોને પેપરલેસ કામગીરી કરવા તાકીદ કરી છે. પોલીસ સ્ટેશનમાં સ્ટેશન ડાયરી, એફઆઈઆર અને અરજીઓ સહિત કુલ ૨૦ જેટલા રજીસ્ટરો ઓનલાઈન કરી ઈ-ગુજકોપમાં અપલોડ કરવા તાકીદ કરાઈ છે. પોલીસ સ્ટેશનોમાં લખાણપટ્ટી બંધ કરી દઈ ઓનલાઈન કામગીરીની પ્રિન્ટો કાઢીને રજીસ્ટરોની નિભાવણી કરવાના આદેશ કરવામાં આવ્યાં છે. જો કે, નેટવર્ક સહિતની સમસ્યા પોલીસને સતાવે છે. પોલીસ કમિશનરે પોલીસ સ્ટેશનોને પરિપત્ર થકી મેન્યુઅલ રજીસ્ટરો બંધ કરવા તાકીદ કરી છે. સ્ટેશન ડાયરી, એફઆઈઆર, ધરપકડ રજીસ્ટર, અરજી રજીસ્ટર, ગુપ્ત રજીસ્ટરો, ખાટીયાન રજીસ્ટર સહિત ૧૫-૨૦ રજીસ્ટરો નિભાવવામાં આવે છે. અલગ-અલગ પ્રકારના રજીસ્ટર માટે પ્રોગ્રામ્સ આપવામાં આવ્યાં છે.

# ગુજરાતમાં ભણતા અનેક અફઘાની વિદ્યાર્થીએ વિઝા વધારવા માંગણી કરી

**અમદાવાદ**

ગુજરાતની યુનિ.ઓમાં ભણતા અનેક અફઘાની વિદ્યાર્થીઓ હાલની સ્થિતિમાં પોતાના દેશ પાછા જવા માંગતા નથી.જેથી ઘણા વિદ્યાર્થીઓએ આઈસીસીઆરની ગુજરાત રિજનલ ઓફિસમાં વિઝા વધારી આપવા માટે રજૂઆત પણ કરી છે. અફઘાનિસ્તાનમાં હાલ લોકો મોત સામે ઝઝૂમી રહ્યા છે ત્યારે ભારતની યુનિ.ઓમાં ભણી રહેલા અફઘાની વિદ્યાર્થીઓ પણ ભારે ચિંતિત બન્યા છે. ભારત સરકારની ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન હેઠળ દર વર્ષે મોટી સંખ્યામાં અફઘાની વિદ્યાર્થીઓ ભારતની યુનિ.ઓમાં સ્કોલરશિપ લઈને ભણવા આવે છે.

# નેતાઓને ઍમ્બ્યુલન્સમાં બેસાડી ઘેર મોકલ્યા : માણેક ચોકમાં કોંગ્રેસી નેતાઓનાં ધોતિયાં ખેંચી નાખવામાં આવ્યાં

મહાગુજરાતના આંદોલનની આગ પજવળી ઊઠતાં મોરારજી દેસાઈ તરફી અમદાવાદ શહેરના કેટલાક કૉંગ્રેસી આગેવાનોએ અમદાવાદમાં માણેકચોકમાં સભા ભરી લોકોને દ્વિભાષી રાજ્યનું મહત્ત્વ સમજાવવાનું આયોજન કર્યું. કેટલાક મોરારજી પરસ્ત કૉંગ્રેસી નેતાઓ માણેકચોકમાં સભા સ્થળે આવ્યા પણ ઉશ્કેરાયેલા લોકોએ શહેર કૉંગ્રેસના ત્રણેક આગેવાનોનાં ધોતિયાં ખેંચી નાંખ્યાં. નિર્વસ્ત્ર થઈ ગયેલા કૉંગ્રેસી નેતાઓને નજીકની દુકાનમાં લઈ જવાયા. કાપડની દુકાનના તાકા ફાડી નેતાઓને શરીરે વીંટાળવા કાપડ આપ્યું, તે પછી ઍમ્બ્યુલન્સ બોલાવી, તેમાં બેસાડી કૉંગ્રેસના નેતાઓને લોકોનાં ટોળાંથી બચાવવા પોલીસ પ્રૉટેક્શન હેઠળ તેમના ઘેર રવાના કરી દીધા.

**આગના બનાવો**

કૉંગ્રેસ ભવન પરથી વિદ્યાર્થીઓ પર ગોળીબાર બાદ શહેરના તમામ વિસ્તારોમાં પોળોના નાકે, સોસાયટીના નાકે, ચાલીના નાકે, સ્ત્રી-પુરુષોનાં ટોળાં જામવા લાગ્યાં હતાં. આ બનાવ બાદ તરત જ રાતના સભા-સરઘસ પર પ્રતિબંધ જારી કર્યો અને રાતના ૯થી સવારના ૭ સુધી કર્ફ્યુ જાહેર થયો. પરંતુ મધરાત સુધી લોકોનાં ટોળાં ઘૂમતાં જ રહ્યાં. ઠેકઠેકાણે આગ લગાડવાના બનાવો ચાલુ જ રહ્યા. ગુજરાત ક્લબના દરવાજે મોટરકારોને આગ લગાડી દેવાઈ. મહાગુજરાતની લડત વખતે ગુજરાતના લોકોનો પ્રચંડ વિરોધ કૉંગ્રેસના સત્તાધીશો સામે ફાટી નીકળ્યો હતો. હવે કૉંગ્રેસીઓ વધુ ખિજાયા હતા. મોરારજી દેસાઈને કોઈકે કહ્યું કે તમને સાંભળવા આવતા માણસોને રોકવામાં આવે છે. આ જાણ્યા બાદ મોરારજીભાઈ ઉપવાસ પર ઊતરી ગયા. આ જાહેરાતથી સન્નાટો મચી ગયો. મોરારજી દેસાઈની સભા રદ કરવામાં આવી.

**હું ઉપવાસ કરીશ**

કૉંગ્રેસ હાઉસમાં ચાલતી બેઠકમાં મોરારજીભાઈએ કહ્યું કે, જ્યાં સુધી અમદાવાદના લોકો મને સાંભળશે નહીં ત્યાં સુધી હું ઉપવાસ કરીશ. તેમણે કહ્યું કે, સભામાં આવતા લોકોને બળપૂર્વક રોકેલા છે. તેમની એવી જાહેરાતથી ત્યાં હાજર રહેલા કૉંગ્રેસ પ્રમુખ ઢેબરભાઈએ દુઃખ વ્યક્ત કર્યું. તેઓ પ્રજાને સમજાવવાનો પ્રયાસ કરશે તેવી ખાતરી આપી. ઠાકોરભાઈ દેસાઈએ શહેરીઓને શાંતિ જાળવવા અપીલ કરી. મોરારજીભાઈએ કહ્યું કે હું ગુજરાતને હિંદસ્તાનના ભલા માટે હોડમાં મૂકવા તૈયાર છું, પરંતુ હિંદુસ્તાનને ગુજરાતના ભલા માટે હોડમાં મૂકવા તૈયાર નથી. મેં મારા વિચારો ખાનગી રાખ્યા નથી. હું અમદાવાદ આવ્યો ત્યારે જ મેં કહ્યું હતું કે હું દ્વિભાષી રાજ્યમાં માનું છું. મુંબઈ ધારાસભામાં જ બિલ રજૂ કર્યું ત્યારે પણ મેં કહ્યું કે, આ કામગીરી મારા માટે કરુણ છે. તેમણે આશા વ્યક્ત કરી કે, ગુજરાત કૉંગ્રેસના નિર્ણયનો અમલ કરશે. જો લોકશાહી જ એમ કહે છે કે, દ્વિભાષી રાજ્ય સ્વીકારવું તો આપણે શું કરી શકીએ ? ભલે આપણે ચૂંટણીમાં હારી જઈશું.




**રાતના સભા-સરઘસ પર પ્રતિબંધ જારી કર્યો અને રાતના 9થી સવારના 7 સુધી કર્ફ્યુ જાહેર થયો. પરંતુ મધરાત સુધી લોકોનાં ટોળાં ઘૂમતાં જ રહ્યાં. ઠેકઠેકાણે આગ લગાડવાના બનાવો ચાલુ જ રહ્યા.**

સભામાં જ તેમણે ગોળીબાર અંગે માત્ર એટલું જ કહ્યું કે ગોળીબાર કરવાનો કોઈ શોખ નથી. મને પોતાને તો નથી જ પરંતુ ગોળીબાર વગર આ બધી વસ્તુ કેમ અટકાવવી ? મોરારજીભાઈને કરસનદાસ પરમાર અને બ્રહ્મકુમાર ભટ્ટની નેતાગીરી હેઠળ કેટલાક વિદ્યાર્થી પ્રતિનિધિઓ મળ્યા. તેમને જણાવવામાં આવ્યું કે, દ્વિભાષીની રચના દેશના હિતમાં છે અને તોફાનીઓ કૉંગ્રેસને ઊથલાવવા માગે છે. આવા સમાજ વિરોધી તત્ત્વોને અટકાવવા પગલાં લેવાં પડશે. વિદ્યાર્થીઓએ મોરારજીભાઈ સાથે દોઢ કલાક ચર્ચા કરી.

**સોપો પડી ગયો**

મોરારજીભાઈના ઉપવાસની જાહેરાતથી અને પોતાને સાંભળે નહીં ત્યાં સુધી અમદાવાદ નહીં છોડવાના નિર્ધારથી અમદાવાદના ઉદ્યોગપતિઓમાં તો સોપો પડી ગયો. અંદરખાને કૉંગ્રેસી મોવડીઓના આગ્રહથી આ ઉપવાસ છોડાવવાના ચક્રો ગતિમાન થઈ ગયા. વિદ્યાર્થી સમિતિના અગ્રણી હરિહર ખંભોળજા, પ્રબોધ રાવળ, જી. આઈ. પટેલ પણ તેમને મળ્યા. તેમણે મોરારજીભાઈએ કહ્યું કે, શહેરમાં કર્ફ્યુ નાંખી અને પરમિટ કાઢી સમાંતર સરકાર રચવી છે તેની સામેનું મારું આ પગલું છે. **(ક્રમશઃ આવતા અંકે)**

**દેવેન્દ્ર પટેલ**
**સંપર્ક**
+91 98792 07102

# ઇસ્લામ ધર્મમાં શુક્રવાર(જુમ્આ)ના દિવસની મહત્વતા

**ઈસ્લામની આરસી**
કાસિમ અબ્બાસ

જગતના દરેક ધર્મમાં કોઈ માસ કે કોઈ દિવસ કે કોઈ તહેવારની ખાસ અગત્યતા તથા મહત્વતા હોય છે. તે દિવસે કે તે માસમાં ધાર્મિક પ્રવૃત્તિઓ રોજીંદા ધાર્મિક પ્રવૃત્તિઓ કરતાં કંઈક વધુ પ્રમાણમાં હોય છે. ઉદાહરણ તરીકે ખ્રિસ્તીઓમાં રવિવાર તથા યહુદીઓમાં શનિવારના દિવસની મહત્વતા છે અને તેઓ આ દિવસે ખાસ સ્તુતિ (બંદગી) કરે છે.

ઈસ્લામ ધર્મમાં જેમ અમુક ઈસ્લામી માસની અગત્યતા તથા મહત્વતા છે, તેવી જ રીતે અઠવાડિયાના સાત દિવસોમાં શુક્રવારના દિવસની મહત્વતા છે. શુક્રવારના દિવસને અરબી ભાષામાં ‘‘યૌમુલ જુમ્આ’’ અથવા ‘‘જુમ્આ’’ કહેવામાં આવે છે. આ દિવસે દૈનિક (રોજીંદા) બપોરની બંદગી (નમાઝ) મુસ્લિમોના પ્રાર્થના સ્થાન મસ્જીદમાં મોટા પાયે સમુહગત બજાવવા (અદા કરવા)માં આવે છે.

શુક્રવાર (જુમ્આ)ના દિવસે બપોરની સમુહગત બંદગી (નમાઝ)માં રોજીંદાની બપોરની બંદગી (નમાઝ)કરતાં થોડાક ફેર હોય છે, તથા તે દિવસે બંદગી(નમાઝ)પહેલા વ્યાખ્યાન (વાએઝ અને ખુત્બો) જરૂરી હોય છે. પહેલાં સ્થાનિક ભાષામાં આજના પ્રશ્નો પર વ્યાખ્યાન(વાએઝ) આપવામાં આવે છે અને તે પછી અરબી ભાષામાં વ્યાખ્યાન(ખુતબો) આપવામાં આવે છે, જેમાં પ્રાર્થના (દુઆ) પણ કરવામાં આવે છે.

શુક્રવાર(જુમ્આ)ની બંદગી (નમાઝ)ની અગત્યતા તથા મહત્વતા વિષે કુરાન મજીદમાં ત્રણ બોધવચનો (આયતો) આ પ્રમાણે છે :-

‘‘એ શ્રધ્ધાળુઓ (મોમીનો-ઈમાનવાળાઓ), જ્યારે જુમ્આના દિવસે નમાઝ માટેનો સાદ દેવામાં (અઝાન કહેવામાં) આવે, તો તમે પાલનહાર અલ્લાહના સ્મરણ (ઝીક્ર-વ્યાખ્યાન તથા નમાઝ) તરફ ઉતાવળે ચાલી નીકળો અને વેપાર ધંધો (લે-વેચ) છોડી દો. આ કાર્ય તમારા માટે શ્રેષ્ઠ છે, જો તમે સમજતા હો. પછી જ્યારે નમાઝ પુર્ણ થઈ જાય,



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

તો પછી ધરતી પર ફેલાય જાવ અને અલ્લાહ તરફની આજીવિકા (રીઝક-રોઝી) મેળવવાની શોધમાં લાગી જાવ (પાછા વેપાર ધંધામાં પરોવાઈ જાવ), અને (ત્યારે પણ) અલ્લાહનું સ્મરણ (ઝીક્ર) વિશેષ કરતા રહો, જેથી તમે સફળ થાવ. પણ કેટલાક લોકો એવા પણ છે કે જ્યારે તેઓ વેપાર ધંધા કે રમતગમત(ખેલ તમાશા)ને જુએ છે,તો તેઓ તેના તરફ જવા માટે વીખરાય જાય છે.(ત્યાં દોડી જાય છે)અને તમને(પયગંબર સાહેબને) ઉભેલો જ છોડી જાય છે. તમે તેમને (તે લોકોને) કહી દો કે જે કંઈ (પુણ્ય) અલ્લાહની પાસે છે, તે આવા રમતગમત (ખેલ તમાશા) તથા વેપાર ધંધા કરતા વધુ શ્રેષ્ઠ છે.અને અલ્લાહ સૌથી શ્રેષ્ઠ આજીવિકા(રીઝક-રોઝી) આપનાર છે.’’

(પ્રકરણ ૬૨, શ્લોક ૯, ૧૦ અને ૧૧)

(આ પ્રકરણ ૬૨ (સુરાહ ૬૨)નું નામ ‘‘સુરાહ અલ જુમ્આ’’ છે.)

ઉપરના ત્રણ બોધવચનોમાં શુક્રવાર(જુમ્આ) ની બપોરની સમુહગત બંદગી(નમાઝ)નું વર્ણન બોધવચન ૯ અને ૧૦માં છે. તેના પછીના બોધવચન ૧૧માં જે કહેવામાં આવેલ છે તેની પાશ્ચાદભુમિકા એ છે કે એક સમયે અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.) શુક્રવાર (જુમ્આ) ની બપોરની બંદગી (નમાઝ) ના પહેલા વ્યાખ્યાન (ખુત્બો) આપી રહ્યા હતા. તેજ સમયે કોઈએ સાદ દીધો કે ફલાણી જગ્યાએથી વેપારીઓનો કાફલો હમણા જ આવ્યો છે. આ સાદ સાંભળીને અમુક લોકો, જેઓ બંદગી (નમાઝ)માટે બેઠા હતા અને વ્યાખ્યાન સાંભળી રહ્યા હતા, તેઓ તરત જ વેપાર ધંધાની લાલચમાં બંદગી(નમાઝ) અને વ્યાખ્યાન (ખુત્બો) છોડીને તથા પયગંબર સાહેબ (સ.અ.વ.) ને વ્યાખ્યાન આપતા ઉભા જ છોડીને વેપારીઓના કાફલા તરફ દોડી ગયા. તે જ સમયે અલ્લાહ તરફથી શ્લોક (આયત) ઉતારવામાં આવેલ. આયત ૧૧ (પ્રકરણ ૬૨)નો ખુલાસો એ જ છે કે જે પુણ્ય અલ્લાહની બંદગી (નમાઝ)માં અલ્લાહ તરફથી છે, તે વ્યાપાર ધંધા અને ખેલ તમાશા કરતા વધુ શ્રેષ્ઠ છે અને અલ્લાહ જ સૌથી શ્રેષ્ઠ આજીવિકા (રીઝક-રોઝી) આપનાર છે.

જેવી રીતે શનિવારનો દિવસ યહુદીઓ માટે પવિત્ર છે, તે અનુસાર વધુમતિના યહુદીઓ શનિવારના દિવસે પોતાનો કામ ધંધો બંધ રાખે છે. મુસલમાનો માટે શુક્રવાર(જુમ્આ),જે એમનો પવિત્ર દિવસ છે, તેના વિષે કુરાન મજીદમાં એ આદેશ છે કે શુક્રવાર(જુમ્આ)ના દિવસે બપોરની સમુહગત બંદગી (નમાઝ)ના સમયે એટલે કે નમાઝ પહેલાના સાદ (અઝાન)ના આરંભથી લઈને બંદગી (નમાઝ) ના પુર્ણ થવા સુધી જ વેપાર ધંધાનો ત્યાગ કરી દેવો જોઈએ. અને એ આદેશ પણ છે કે બંદગી (નમાઝ) પુર્ણ થઈ ગયા પછી વેપાર ધંધો પાછો શરૂ કરી દેવામાં આવે એટલે કે આજીવિકા(રીઝક-રોઝી) મેળવવા માટે ધરતી પર પાછા ફેલાય જવું જોઈએ, પરંતુ અલ્લાહના સ્મરણ (ઝીક્ર)ને ન ભુલવું જેઈએ.

શુક્રવાર(જુમ્આ)ની સમુહગત બંદગી (નમાઝ) ની પાછળ એક મહિમા એ પણ છે કે પાંચ સમયની બંદગી (નમાઝ)રહેણાંક વિસ્તારના પ્રાર્થના સ્થાન મસ્જીદમાં થાય છે, પણ શુક્રવાર (જુમ્આ)ની બપોરની સમુહગત બંદગી (નમાઝ)વિસ્તારની મોટી મસ્જીદમાં થાય છે. આનું એક કારણ એ છે કે વિસ્તારની મોટી મસ્જીદમાં પુરા વિસ્તારના લોકો સમાઈ શકે, એક બીજાનો મેળાપ થઈ શકે અને એક બીજાના સમાચાર તથા દુઃખ દર્દ પણ જાણી શકાય. આ કાર્યથી અલ્લાહની બંદગી(નમાઝ)ઉપરાંત સામાજીક કે સમુહગત મિલન કાર્યનો ઉદ્દેશ પણ પાર પડી જાય છે.

# 24 કલાકમાં દેશમાં વધુ 36401 લોકો કોરોના પોઝિટિવ

## 500થી વધુ લોકોના મોત, અત્યાર સુધીમાં 4,33,049 લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા

**નવી દિલ્હી**

દેશમાં કોરોના સંક્રમણનો કહેર ફરીથી વધી રહ્યો હોય એવા સંકેત મળી રહ્યા છે. ગુરુવારે મૃત્યુઆંક ૫૦૦ને પાર કરી ગયો છે. પાંચ દિવસ બાદ મૃત્યુનો આંકડો ૫૦૦ને પાર ગયો છે. ભારતમાં કોવિડ સામે લડતાં અત્યાર સુધીમાં ૪ લાખ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને આ આંકડામાં સતત વૃદ્ધિ થવી તે ચિંતાનું કારણ છે. બીજી તરફ, કોરોના વેક્સીનેશન અભિયાન પણ વેગવંતુ બન્યું છે બુધવારના ૨૪ કલાકમાં વધુ ૫૬,૩૬,૩૩૬ લોકોને રસી આપવામાં આવી છે. ગુજરાતમાં પણ સંક્રમણના કેસોમાં આંશિક વધારો નોંધાયો છે, અને આંકડો ૨૦ને પાર કરી ગયો છે.

ગુરૂવાર સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૬,૪૦૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૩૦ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૨૩,૨૨,૨૫૮ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૫૬,૬૪,૮૮,૪૩૩ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે.

### ભારતીયોએ ત્રીજો ડોઝ લેવો જરૂરી : સાયરસ

કોરોના વેક્સિન બનાવનાર સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ચેરમેન સાયરસ પૂનાવાલાએ જણાવ્યું હતું કે કોરોના વેક્સિનનો બીજો ડોઝ લીધા પછી છ મહિનામાં ત્રીજો બૂસ્ટર ડોઝ પણ લઈ લેવો જોઈએ. ખાસ કરીને જેમની રોગપ્રતિકારશક્તિ નબળી હોય તેમના માટે તો આ અનિવાર્ય છે. વધુમાં પૂનાવાલાએ કહ્યું હતું કે તેમણે અને સીરમ ઈન્સ્ટિટ્યૂટના ૭,૦૦૦ કર્મચારીઓએ ત્રીજો ડોઝ લઈ લીધો છે.

### ભારતમાં બાળકો માટેની કોરોના વેક્સિન સપ્ટેમ્બર સુધીમાં ઉપલબ્ધ બનશે : ICMR

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અંતર્ગત કામ કરતી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (પૂણે)ના ડિરેક્ટર પ્રિયા અબ્રાહમે બુધવારે જણાવ્યું હતું કે, ભારતમાં સપ્ટેમ્બર સુધીમાં બાળકો માટેની કોરોના રસી ઉપલબ્ધ થઇ જશે. હાલ ભારત બાયોટેક દ્વારા નિર્મિત દેશની પહેલી સ્વદેશી કોરોના રસીની બે થી ૧૮ વર્ષના બાળકો પર બીજા અને ત્રીજા તબક્કાની ક્લિનિકલ ટ્રાયલ ચાલી રહી છે. અબ્રાહમે જણાવ્યું હતું કે, આશા રાખીએ છીએ કે બાળકો પર ચાલી રહેલી ક્લિનિકલ ટ્રાયલના પરિણામ ટૂંકસમયમાં ઉપલબ્ધ બની જશે. આ પરિણામ ડ્રગ્સ રેગ્યુલેટર સમક્ષ રજૂ કરી દેવાશે તેથી સપ્ટેમ્બર મહિના સુધીમાં આપણી પાસે બાળકો માટેની કોરોના રસી ઉપલબ્ધ બની જશે. તે ઉપરાંત ઝાયડસ કેડિલાની ટ્રાયલના પરિણામની ચકાસણી પણ ચાલી રહી છે.

# સિદ્ધુના સલાહકારે કાશ્મીરને ગણાવ્યો અલગ દેશ ગણાવતા જ વિપક્ષનો વિરોધ

**નવી દિલ્હી**

પંજાબ કોંગ્રેસના ચીફ નવજોત સિંહ સિદ્ધુના સલાહકાર મલવિંદર સિંહ માલીએ ફરી એક વખત વિવાદિત નિવેદન આપ્યું છે. મુખ્યમંત્રી અમરિંદર સિંહ પર સાંપ્રદાયિક તણાવ ફેલાવવાનો આરોપ લગાવ્યા બાદ તેમણે દાવો કર્યો છે કે, કાશ્મીર એક અલગ દેશ હતો, ભારત અને પાકિસ્તાને તેના પર ગેરકાયદેસર કબજો જમાવ્યો હતો. કાશ્મીર, કાશ્મીરના લોકોનું છે. માલીએ આ વાતો ટ્વીટમાં લખી હતી.

અકાલી દળના નેતા બિક્રમ મજીઠિયાએ માલીની ટ્વીટ પર નિશાન સાધ્યું છે. તેમણે જણાવ્યું કે, માલીનું આ નિવેદન શહીદોના પરિવારોનું અપમાન છે. વધુમાં જણાવ્યું કે, રાહુલ ગાંધીએ જવાબ આપવો જોઈએ કે, માલીનું આ નિવેદન શહીદોના પરિવારોનું અપમાન છે કે નહીં? જો રાહુલ ગાંધી તેનાથી સહમત નથી તો પછી કોંગ્રેસનો સાચો ચહેરો સૌના સામે આવી જશે અને જો એવું નથી તો તેઓ સિદ્ધુ વિરૂદ્ધ શું એક્શન લેશે. અમરિંદર સિંહ પર પંજાબમાં પાકિસ્તાન મુદ્દે અશાંતિ ફેલાવવાનો આરોપ લગાવી રહ્યા છે પરંતુ સિદ્ધુ પાકિસ્તાનના આર્મી ચીફને ગળે લગાવતા નજર આવ્યા હતા.

# ચીનની LAC પર ફરી અવળચંડાઈ, પેંગોંગ ત્સો લેકમાં સૈન્ય બળ વધારાયું

**લદાખ**



પેંગોંગ ત્સો સરોવરના ઉત્તર કિનારે ચીને સૈન્ય હિલચાલ અને સર્વેલન્સ પ્રવૃત્તિ વધારી દીધી છે. ગયા વર્ષે મે મહિનામાં પૂર્વ લદાખમાં આ સ્થાને જ મડાગાંઠની સ્થિતિ સર્જાવાની શરૂઆત થઈ હતી. તેમાં ૯૨૮ સી અને ૯૨૮ડી હાઈસ્પીડ પેટ્રોલિંગ બોટ્સનો સમાવેશ થાય છે. ૯૨૮સી બોટ્સ મહત્તમ પ્રતિકલાક ૬૦ કિ.મી.ની ઝડપ ધરાવે છે અને તે ૬૦ વ્યક્તિના વહનની ક્ષમતા ધરાવે છે. હથિયાર અને દારૂગોળાની ક્ષમતા પણ ઊંચી છે.

ચીને આ વિસ્તારમાં સૈન્યની હિલચાલ માટે અત્યાર સુધી ૯૨૮બી ટાઈપ પેટ્રોલિંગ બોટ્સ તૈનાત કરી હતી. પરંતુ ચીને હવે પર્વ લદાખના સામે કાંઠે પેંગોંગ ત્સો સરોવરમાં જે ફ્લિટ તૈનાત કરી છે તેને ચીની પશ્ચિમી કમાન્ડ પશ્ચિમી સી ફ્લિટ તરીકે ઓળખે છે. આ ફ્લિટ સ્કોડ્રોનમાં ૨૦૦ વ્યક્તિ અને ૨૦થી વધુ બોટ્સ સામેલ છે. ચીનનો પશ્ચિમ કમાન્ડ ૩,૪૮૮ કિ.મી.ની બનેલી સમગ્ર એલએસીની સુરક્ષાની જવાબદારી ધરાવે છે.

# વિશ્વના ૧૦૦ ધનિકોમાં ડીમાર્ટના રાધાકિશન સામેલ, નેટવર્થ 19.2 અબજ ડોલર પહોંચી

**મુંબઈ**



ડીમાર્ટના પ્રમોટર રાધાકિશન દામાણીએ દુનિયાના ૧૦૦ ટોચના ધનિકોમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. ડીમાર્ટના શેર્સના ભાવમાં સતત થઈ રહેલા વધારાથી દામાણીની નેટવર્થ ૧૯.૨ અબજ ડોલર એટલે કે ૧.૪ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં તેઓ હાલ ૯૮મા સ્થાન પર છે. ગત વર્ષે માર્ચમાં તેમની નેટવર્થ ૧૨ બિલિયન ડોલર હતી, જેમાં ૧૮ મહિનામાં ૭ અબજ ડોલર એટલે કે ૫૦ હજાર કરોડનો જંગી વધારો થયો છે. દામાણી હાલ ડીમાર્ટમાં ૭૪.૯ ટકા હિસ્સો ધરાવે છે. નિયમો અનુસાર, કોઈપણ લિસ્ટેડ કંપનીમાં પ્રમોટરનો હિસ્સો ૭૫ ટકાથી વધુ ના હોવો જોઈએ. આ નિયમનો ભંગ ના થાય તે રીતે દામાણીએ તેમાં ૭૪.૯ ટકા હિસ્સો રાખ્યો છે. આ સિવાય દામાણી ઈન્ડિયા સિમેન્ટ્સમાં ૧૧.૩ ટકા, વીએસટી ઈન્ડસ્ટ્રીઝમાં ૨૬ ટકા, સુંદરમ ફાઈનાન્સમાં ૨.૪ ટકા તેમજ અન્ય કંપનીઓમાં પણ હિસ્સો ધરાવે છે. છેલ્લા ૧૮ મહિનામાં ડીમાર્ટનું સંચાલન કરતી એવેન્યુ સુપરમાર્ટના શેરમાં ૬૪ ટકાનો ઉછાળો આવ્યો છે. બુધવારે માર્કેટ બંધ થયું ત્યારે આ શેર ૩,૬૫૨ રૂપિયાની સપાટી પર હતો. ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં માર્ચ ૨૦૨૦માં જે કડાકો બોલાયો હતો, તે દરમિયાન આ શેર ૧૮૦૦ રૂપિયા પર આવી ગયો હતો.

# સુનંદા પુષ્કર મૃત્યુ કેસઃ શશિ થરૂર તમામ આરોપમાં નિર્દોષ જાહેર થયા

**નવી દિલ્હી**

કોંગ્રેસી સાંસદ શશિ થરૂરને પત્ની સુનંદા પુષ્કરના મૃત્યુ મામલે દિલ્હીની કોર્ટમાંથી રાહત મળી ગઈ છે. દિલ્હીની રાઉજ એવન્યુ કોર્ટે સુનંદા પુષ્કરના મૃત્યુ કેસમાં શશિ થરૂરને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કરી દીધા છે. કોર્ટમાંથી રાહત મળ્યા બાદ શશિ થરૂરે કોર્ટનો આભાર માન્યો હતો અને પોતે 7.5 વર્ષથી આ ટોર્ચર અને દુખમાંથી પસાર થઈ રહ્યા હતા તેમ જણાવ્યું હતું.

સુનંદા પુષ્કરનું મૃત્યુ 17 જાન્યુઆરી, 2014ના રોજ દિલ્હીની એક મોટી હોટેલમાં થયું હતું. મૃત્યુના થોડા દિવસો પહેલા સુનંદા પુષ્કરે આરોપ લગાવ્યો હતો કે, તેમના પતિ થરૂરના એક પાકિસ્તાની પત્રકાર સાથે સંબંધ છે. આ કેસમાં દિલ્હી પોલીસે શશિ થરૂર વિરૂદ્ધ કલમ 307, 498 A અંતર્ગત કેસ નોંધ્યો હતો. થરૂર પર પત્નીને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવાનો અને તેમના સાથે ક્રૂરતાથી વર્તવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. સુનંદા પુષ્કરના મૃત્યુનો કેસ તે સમયે ખૂબ હાઈપ્રોફાઈલ કેસ ગણાયો હતો. 29 સપ્ટેમ્બર, 2014ના રોજ એઈમ્સના મેડિકલ બોર્ડે સુનંદના મૃતદેહનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ દિલ્હી પોલીસને સોંપ્યો હતો.

# હરિયાણામાં ખટ્ટર સરકારે 'ગોરખધંધા' શબ્દના ઉપયોગ પર મુક્યો પ્રતિબંધ

**નવી દિલ્હી**

ખોટા કામોને વ્યાખ્યાયિત કરવા માટે વપરાતા 'ગોરખધંધા' શબ્દના ઉપયોગ પર હરિયાણાની સરકારે પ્રતિબંધ મુકી દીધો છે. મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે આ શબ્દના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાનું કારણ પણ આપ્યું છે. તેમના કહેવા પ્રમાણે ગોરખનાથ એક સંત હતા અને આ શબ્દના ઉપયોગથી તેમના અનુયાયીઓની લાગણીને ઠેસ પહોંચતી હતી. ગોરખનાથ સંપ્રદાયના લોકોએ તાજેતરમાં જ મુખ્યમંત્રી ખટ્ટરની મુલાકાત લીધી હતી અને ગોરખધંધા શબ્દના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા તેમના સમક્ષ માંગણી કરી હતી.

# ભારતીય હવામાન ખાતા સામે MPના ખેડૂતોની અદાલતમાં જવાની ધમકી

**ભોપાલ**

મધ્ય પ્રદેશના માળવા વિસ્તારના ખેડૂતોએ ખોટી આગાહી કરીને ગેરમાર્ગે દોરવા બદલ ભારતીય હવામાન ખાતા વિરૂદ્ધ કોર્ટમાં જવાની ધમકી આપી હતી. ખેડૂતોએ દાવો કર્યો હતો કે હવામાન ખાતા દ્વારા કરવામાં આવેલી ખોટી આગાહીના પગલે તેઓ યોગ્ય સમયે પાકની વાવણી કરી શક્યા નહી, અથવા તો પાકની વાવણી કર્યા બાદ આગાહી મુજબ વરસાદ ન પડયો જોના કારણે તેઓના પાક બળી ગયા છે.

જો કે ભારતીય હવામાન ખાતાના એક વૈજ્ઞાનિકે કહ્યું હતું કે ભારતીય હવામાન ખાતાએ ચોમાસા અંગે જે આગાહી કરી હતી તેની વિરૂદ્ધમાં હવામાનની આગાહી કરતી કોઈ ખાનગી એજન્સી દ્વારા વહેલુ ચોમાસુ શરૂ થવાની આગાહી કરવામાં ર્વી હતી જેના કારણે ખેડૂતો ગેરમાર્ગે દોરાયા હતા. તેમણે તો વળી ખેડૂતોનો દોષ કાઢતા એમ કહ્યું હતું કે ખેડૂતોએ પાકની વાવણી કરતા પહેલાં હવામાન અંગેની તમામ વિગતો અગાઉથી મેળવી લેવી જોઈએ ભારત સરકારના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી મોટાભાગની આગાહી ખોટી પડી છે.

# કોલેજિયમે સુપ્રીમમાં નિમણૂક માટે 3 મહિલા ન્યાયમૂર્તિ સહિત 9 નામને આપી મંજૂરી

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી.રમન્નાના નેતૃત્વ હેઠળ બનેલા સુપ્રીમ કોર્ટના કોલેજિયમે દેશની સર્વોચ્ચ અદાલતમાં જજ તરીકે નિમણૂક માટે સરકારને ૯ નામ સૂચવ્યા હતા. યાદીમાં ત્રણ મહિલા ન્યાયમૂર્તિઓનો પણ સમાવેશ થાય છે. એક ભારતના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયમૂર્તિ બની શકે છે. કોલેજિયમે આમ પહેલી જ વાર ત્રણ મહિલા ન્યાયમૂર્તિના નામની બઢતી સાથે સુપ્રીમ કોર્ટમાં નિમણૂક માટે ભલામણ કરી છે. તેમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ બેલા ત્રિવેદી, કર્ણાટક હાઈકોર્ટના ન્યાયમૂર્તિ બી.વી.નાગરથના તેમ જ તેલંગણા વડી અદાલતના વડા ન્યાયમૂર્તિ હિમા કોહલીના નામનો સમાવેશ છે.

# અમેરિકા-બ્રાઝિલમાં કોરોનાથી 1 હજારનાં મોત, રશિયામાં 799 લકોએ જીવ ગુમાવ્યા

## ન્યુઝીલેન્ડમાં કોરોનાના છ નવા કેસ મળતાં આખા દેશમાં માસ્ક પહેરવો ફરજિયાત

વોશિંગ્ટન : કોરોના મહામારી હવે દુનિયાભરમાં ફરી એકવાર ઘાતક બનતી જણાઈ છે. છેલ્લા 24 કલાકમાં યુએસએ અને બ્રાઝિલમાં કોરોનાને કારણે 1017 અને 1106 જણના મોત થયા છે. રશિયામાં પણ કોરોનાને કારણે 799 જણાના મોત નોંધાયા હતા. વર્લ્ડોમીટર વેબસાઈટ પર જારી કરવામાં આવેલા કોરોનાના આંકડા અનુસાર દુનિયામાં કોરોનાના કુલ 2,73,146 નવા કેસો નોંધાવાને પગલે કોરોનાના કુલ કેસોની સંખ્યા 209,619,484 થઈ છે. જ્યારે 5495 જણાના મોત થવાને પગલે કુલ કોરોના મરણાંક 43,99,007 થયો છે.

દરમ્યાન ન્યુઝીલેન્ડમાં આજે કોરોનાના નવા છ દર્દીઓ નોંધાવાને પગલે સમગ્ર દેશમાં માસ્ક પહેરવાનું ફરજિયાત બનાવી દીધું છે. ન્યુઝીલેન્ડમાં છેલ્લા છ મહિનાથી કોરોનાનો એક પણ દર્દી નોંધાયો હતો.

બ્રાઝિલમાં છેલ્લા 24 કલાકમાં કોરોનાના નવા 37,613 કેસો નોંધાવાને પગલે કોરોનાના કુલ કેસોની સંખ્યા 20,416,183 થઈ ગઈ છે. જ્યારે 1106 જણાના મોતને પગલે કોરોનાનો કુલ મરણાંક 5,70,598 થઈ ગયો છે.

રશિયામાં પણ રોજ કોરોનાના સરેરાશ 20,000 નવા કેસો નોંધાઈ રહ્યા છે. બુધવારે 20914 કેસો નવા નોંધાવા સાથે રશિયામાં કોરોનાના કુલ કેસોની સંખ્યા 66,63,473 થઈ ગઈ છે. માત્ર મોસ્કોમાં જ કોરોનાના નવા 1590 કેસો નોંધાયા હતા. 799 જણાના મોત થવા સાથે રશિયામાં કોરોનાનો કુલ મરણાંક 1,72,909 થયો છે.

# કેઈર્નનો 1.2 અબજ ડોલરનો દાવો ફગાવવા US કોર્ટને ભારતનું સૂચન

**વોશિંગ્ટન**

ભારત સરકારે વોશિંગ્ટનની ફેડરલ કોર્ટને બ્રિટનની કેઈન એનર્જીના કેસને ફગાવી દેવા સૂચન કર્યુ છે, જેમાં કંપનીએ ૧.૨ અબજ ડોલરના આર્બિટ્રલ એવોર્ડનો અમલ કરવાની માંગણી કરી છે અને એવું જણાવ્યુ કે તેને યુએસ કાયદા હેઠળ સોવરિન સુરક્ષા પ્રાપ્ત છે.

કેઈર્ન કંપનીએ મે મહિનામાં અમેરિકાની ફેડરલ કોર્ટને એર ઈન્ડિયાને ૧.૨૬ અબજ ડોલરનો આર્બિટ્રેશન એવોર્ડ ચૂકવવા માટે દબાણ કરવા કહ્યું હતું જેમા કંપનીએ ડિસેમ્બરમાં જીત મેળવી હતી. સરકારે ૧૩ ઓગસ્ટના રોજ યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ઓફ કોલંબિયા ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં 'મોશન ટુ ડિસમિસ' પિટિશન દાખલ કરીને કહ્યું કે કેઈર્ન અને ભારતીય ટેક્સ ઓથોરિટી વચ્ચેના વિવાદમાં વિષય ક્ષેત્રાધિકારત્રનો અભાવ છે. ભારત સરકારે વિવાદીત રેસ્ટ્રોસ્પેક્ટિવ ટેક્સને નાબૂદ કરવા માટેનો કાયદો બનાવ્યા બાદ આ સૂચન કર્યુ છે. ઉલ્લેખનિય છે કે, રેસ્ટ્રોસ્પેક્ટિવ ટેક્સ ઘણો વિવાદીત રહ્યો છે, જેણે કર વિભાગને ૫૦ વર્ષ પાછળ જવાની સત્તા આપી હતી જ્યાં વિદેશમાં માલિકી બદલાઈ હોય અને કેપિટલ ગેઈન્સ મેળવ્યો હોય, પરંતુ વ્યવસાયિક સંપત્તિ ભારતમાં હોય.

# મોદી સરકાર વિરૂદ્ધ વ્યૂહરચના ઘડવા સોનિયા ગાંધીએ મિટિંગ બોલાવી

**ન્યૂયોર્ક**

નવી દિલ્હી : કેન્દ્રની મોદી સરકાર વિરૂદ્ધ એક સર્વસામાન્ય વ્યૂહરચના ઘડી કાઢવા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંદીએ શુક્રવારે એક વર્ચ્યુલ મિટિંગ બોલાવી છે જેમાં એનસીપીના સર્વેસર્વા શરદ પવાર ઉપરાંત કેટલાંક રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ ભાગ લે એવી સૂત્રોએ શક્યતા વ્યક્ત કરી હતી. સોનિયા ગાંધીના કાર્યાલયે એનસીપીના નેતા શરદ પવાર, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અને તામિલનાડુના મુખ્યમંત્રી એમ.કે સ્ટાલિનને આ મિટિંગમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપતાં સોનિયા ગાંધી સહિતના નેતાઓએ આમંત્રણનો સ્વિકાર પણ કર્યો હતો.

# અમેરિકા વિનાશ વેરવામાં નિષ્ણાત પણ પુનઃનિર્માણમાં રસ નથી : ચીન

**બેજિંગ**

ચીને તાલિબાનના વખાણ કર્યા છે જ્યારે બીજી તરફ અમેરિકાની ટીકા કરતા કહ્યું છે કે અમેરિકાને માત્ર વિનાશ વેરવામાં જ રસ છે, તેને પુનઃનિર્માણમાં કોઈ જ રસ નથી. ચીને આ નિવેદન અમેરિકાએ અફઘાનિસ્તાનમાંથી સૈનિકો પરત લઈ લેતા તાલિબાને સત્તા મેળવી લીધી તને ધ્યાનમાં રાખીને આપ્યું છે. બીજી તરફ અફઘાનિસ્તાન તાલિબાની આતંકીઓના હાથમાં જતુ રહેતા હવે પાકિસ્તાનના આતંકી સંગઠનો ખુશ થવા લાગ્યા છે. નિષ્ણાતોના મતે તાલિબાની આતંકીઓની સાથે મળીને પાકિસ્તાનના આતંકી સંગઠનો ગમે ત્યારે કાશ્મીરમાં ઘુસણખોરી કરી શકે છે. જે ભારત માટે ખતરાની ઘંટડી સમાન છે. એક રિપોર્ટ અનુસાર તાલિબાન સાથે મળીને પાકિસ્તાનના આતંકીઓ પાકિસ્તાન અને ચીનનો જે બિઝનેસ કોરિડોર છે તે રસ્તે થઈને કાશ્મીરમાં ગમે ત્યારે હુમલો કરે તેવી ભીતિ છે. જેથી હાલ અફઘાનિસ્તાનમાં જે કઈ થઈ રહ્યું છે તેના પર ભારતની પણ ચાંપતી નજર છે. બીજી તરફ જુદા જુદા દેશો તાલિબાનના હાથમાં સત્તા આવી ગઈ તેને લઈને અલગ અલગ અભિપ્રાયો વ્યક્ત કરી રહ્યા છે.

# ૩૩૧૬ કરોડની ઠગાઈના કેસ: હૈદરાબાદની કંપનીના મેનેજિંગ ડિરે.ની ધરપકડ

**નવી દિલ્હી**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)એ સરકારી બેંકોના જૂથ સાથે ૩૩૧૬ કરોડ રૂપિયાની છેતરપિંડી સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં હૈદરાબાદ સ્થિત કંપનીના મેનેજિંગ ડાયરેક્ટરની ધરપકડ કરી છે. પ્રિથ્વી ઈન્ફરમેશન સોલ્યુશન લિમિટેડ ના મેનેજિંગ ડાયરેક્ટર વુપ્પાલાપતિ સતીશ કુમારની ૧૨ ઓગસ્ટે ધરપકડ કરવામાં આવી હતી.સ્પેશિયલ પીએમએલએ(પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ) કોર્ટે કંપનીના એમડીને દસ દિવસ માટે ઈડીની કસ્ટડીમાં મોકલી દીધો છે. ઉલ્લેખનીય છે કે આ કેસમાં બીજી ધરપકડ કરવામાં આવી છે. આ અગાઉ સતીશ કુમારના બહેન વી હિમા બિંદુની ધરપકડ કરવામાં આવી હતી.

# ભારતમાં સૂકો મેવો મોંઘો થયો, પંજાબમાં ૨૯૦૦ કરોડના વેપાર પર સંકટ સર્જાયું

## વેપાર અટકતા બદામ, કિસમિસ, અખરોટ સહિત સૂકા મેવાની આયાત બંધ થઈ

**નવી દિલ્હી**

અફઘાનિસ્તાન પર તાલિબાનોના કબજાને કારણે પંજાબમાં કરોડો રૂપિયાનો વેપાર અટકી પડયો છે અને દેશમાં સૂકા મેવા (ડ્રાય ફ્રૂટ) ના ભાવ વધી ગયા છે. પંજાબમાં અફઘાનિસ્તાનથી આવતા સૂકા મેવાનો ભાવ બમણો થઈ ગયો છે. જોકે, આશા છે કે તાલિબાનોએ અફઘાનિસ્તાન પર કબજો કરવા છતાં વેપાર ચાલતો રહેશે. જોકે, હાલમાં ખોરવાઈ ગયેલો વેપાર પાછો ટ્રેક પર ક્યારે આવશે તે અંગે



વેપારીઓ ચિંતિત છે.

અફઘાનિસ્તાનમાંથી ભારતમાં સૂકા મેવાની આયાત થાય છે અને વાયા પંજાબ દેશના અન્ય ભાગોમાં સપ્લાય થાય છે. જોકે, તાલિબાનો સાથેના સંઘર્ષને કારણે હાલ અફઘાનિસ્તાન સાથેનો વેપાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે અને સૂકા મેવાનો સપ્લાય થઈ શક્યો નથી. અફઘાનિસ્તાનથી અટારી સરહદ મારફત સૂકા મેવાનો અંદાજે રૂ. ૨,૯૦૦ કરોડનો વેપાર થાય છે. અફઘાનિસ્તાનમાંથી સૂકા મેવામાં બદામ, અંજીર, અખરોટ, કાજૂ, પિસ્તા, દાડમ, મુલેઠી, સફરજન, દ્રાક્ષ, હીંગ, કેસર, કિસમિસ, તજ સહિત અનેક વસ્તુઓની આયાત થાય છે.

# કાશ્મીરમાં ભાજપના વધુ 1 નેતાની હત્યા કરીને આતંકવાદીઓ ફરાર

## કુલગામના ભાજપના અધ્યક્ષને આતંકીએ ગોળી મારી

**શ્રીનગર**

જમ્મુ કાશ્મીરના કુલગામમાં આતંકીઓએ ભાજપના એક નેતાની ગોળી મારીને હત્યા કરી નાખી છે. હાલમાં જ ભાજપના એક સરપંચ અને તેમની પત્નીની પણ ગોળી મારીને આતંકીઓએ હત્યા કરી હતી ત્યારે હવે આ ઘટના સામે આવી છે. જેને પગલે નેતાઓની સુરક્ષા વધારી દેવામાં આવી છે અને હુમલાખોર આતંકીઓની શોધખોળ ચાલી રહી છે. નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ નારાજગી વ્યક્ત કરી છે સાથે જ આતંકી હુમલાની નિંદા કરી હતી અને માર્યા ગયેલા નેતાના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. ભાજપે જણાવ્યું હતું કે કુલગામમાં હોમશાલિબાગના સ્થાનિક અધ્યક્ષ જાવેદ અહમદ ડારની આતંકીઓએ હત્યા કરી દીધી છે. આ ઘટનાની અમે નિંદા કરીએ છીએ. હાલ કાશ્મીરમાં ભાજપના નેતાઓ આતંકીઓના નિશાના પર વધુ છે. થોડા દિવસ પહેલા જ ભાજપના નેતા અને સરપંચ ગુલામ રસૂલ ડાર અને તેમના પત્નીની આતંકીઓએ ગોળી મારીને હત્યા કરી નાખી હતી.

# રેપના ખોટા કેસમાં ખતરનાક વધારો, કડક પગલાં લેવા ખૂબ જરૂર : દિલ્હી હાઈકોર્ટ

**નવી દિલ્હી**

બળાત્કારના કેસમાં જૂઠો આરોપ લગાવનારા સામે દિલ્હી હાઈકોર્ટે કડક વલણ અખત્યાર કર્યું છે. બળાત્કારના કેસમાં બે પક્ષ વચ્ચે સમજૂતીની અપીલને ફગાવી દેતાં દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું હતું કે આ પ્રકારના ગંભીર બળાત્કાર અને છેડછાડના ખોટા આરોપોને કડક હાથે ડામી દેવાની જરૂર છે. આ પ્રકારના કેસમાં ખોટા આરોપો લગાવનારા સામે કડક પગલાં ભરવાં જોઈએ. જસ્ટિસ સુબ્રમણિયમ પ્રસાદે જણાવ્યું હતું કે ખોટા આરોપો એટલા માટે લગાવવામાં આવી રહ્યા છે કે બીજો પક્ષ શરમ અને ડરના કારણે માગણીઓનો સ્વીકાર કરી લે છે. દિલ્હીના અમનવિહાર પોલીસ સ્ટેશનમાં પ્રારંભે એક વકીલે બીજા વકીલ પર બળાત્કારનો આરોપ મૂક્યો હતો જ્યારે બીજા કેસમાં બીજા વકીલની પત્નીએ પહેલાં વકીલ ઉપર બળાત્કારનો આરોપ મૂક્યો હતો.

# બંગાળમાં હિંસા અંગે સીબીઆઈ તપાસ કરવા હાઈકોર્ટનો આદેશ

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પછીની હિંસા મુદ્દે મમતા સરકારને ગુરુવારે ફટકો પહોંચ્યો છે. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસના ભવ્ય વિજય પછી રાજ્યમાં ફાટી નિકળેલી હિંસામાં ભોગ બનેલાઓની ફરિયાદો પણ નોંધાઈ નહીં હોવાના આક્ષેપો પૂરવાર થયેલા છે તેમ નોંધતા કલકત્તા હાઈકોર્ટે ગુરુવારે બળાત્કાર અને હત્યા સહિતના બધા જ જઘન્ય ગૂનાઓના કથિત કેસમાં સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો હતો. વધુમાં ચૂંટણી પછીની કથિત હિંસાના બધા જ કેસની સ્વતંત્ર તપાસ માટે થયેલી એક પીઆઈએલની સુનાવણીમાં પાંચ જજોની બેન્ચે સર્વાનુમતે એસઆઈટીની તપાસનો આદેશ આપ્યો છે. બંગાળમાં ચૂંટણી પછીની હિંસા મુદ્દે કલકત્તા હાઈકોર્ટે રાષ્ટ્રીય માનવાધિકાર પંચની પેનલની બધી જ ભલામણો પણ સ્વીકારી લીધી છે. વધુમાં કલકત્તા હાઈકોર્ટ દ્વારા નિયુક્ત ત્રણ સભ્યોની એસઆઈટીમાં પશ્ચિમ બંગાળ કેડરના આઈપીએસ અધિકારીઓ સુમન બાલા સાહૂ, સૌમેન મિત્રા અને રણવીર કુમારનો સમાવેશ થાય છે. આ એસઆઈટી હિંસા દરમિયાન લૂંટ, આગજની, તોડફોડ, હુમલા અને અન્ય કેસોની તપાસ કરશે.

# યુપીમાં અલીગઢનું નામ હવે હરિગઢ કરાશે, મેનપુરી જિલ્લાનુ નામ પણ બદલાશે

**લખનૌ**

યુપીમાં જિલ્લા પંચાયતની સત્તા બદલતા જ નામ બદલવાની કવાયત પણ શરૂ થઈ ગઈ છે. અલીગઢ જિલ્લાનુ નામ હરિગઢ રાખવાનો પ્રસ્તાવ પાસ થઈ ગયો છે. આ સાથે મેનપુરીનુ નામ પણ મયન ઋષિના નામે રાખવાનો પ્રસ્તાવ જિલ્લા પંચાયતમાં પાસ કરવામાં આવ્યો છે. જિલ્લા પંચાયતની થયેલી બેઠકમાં અલીગઢનુ નામ હરિગઢ રાખવાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો હતો. જેને સર્વસંમતિથી પાસ પણ કરી દેવાયો છે. સાથે જ મેનપુરી જિલ્લાપંચાયતે પણ જિલ્લાનુ નામ બદલવાનો પ્રસ્તાવ પાસ કરી દીધો છે. અલીગઢમાં જિલ્લા પંચાયત બોર્ડની થયેલી મીટિંગમાં કેહરી સિંહ અને ઉમેશ યાદવે અલીગઢનુ નામ બદલીને હરિગઢ રાખવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને તમામ સદસ્યોએ સર્વસંમિતિથી પાસ કરી દીધો હતો.

# અફઘાની ઝંડો ફરકાવાતા ગોળીબાર, 3નાં મોત

## કાબુલ એરપોર્ટ પર નાસભાગ, 3 દિવસમાં 40નાં મોતઃ USએ 3200 લોકોને અફઘાનિસ્તાનમાંથી બહાર કાઢ્યા, ફ્રાંસે 21 ભારતીયોને બચાવ્યા

કાબુલ

અફઘાનિસ્તાન પર કબજો કરી લીધા બાદ તાલિબાન દાવા કરી રહ્યું છે કે તે પહેલા જેવું કટ્ટર બનીને સત્તા નહીં ચલાવે. જોકે તાલિબાન જે બોલી રહ્યું છે તેનાથી વિપરીત સ્થિતિ સ્થાનિક સ્તરે જોવા મળી રહી છે.

અફઘાનિસ્તાનના જલાલાબાદમાં કેટલાક લોકોએ અફઘાનિસ્તાનનો ઝંડો ફરકાવતાં જ તાલિબાની આતંકીઓએ તેમના પર ગોળીબાર કરી દીધો હતો. જેમાં ત્રણ વ્યક્તિના મોત નિપજ્યા અને અનેક લોકો ઘાયલ થઇ ગયા હતા. આ ઘટનાનો વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે.

જલાલાબાદના નાગરિકોએ અફઘાનિસ્તાનના સ્વતંત્રતા દિન પૂર્વે એક રેલી કાઢી હતી અને પોતાના દેશનો ઝંડો હાથમાં લહેરાવ્યો હતો જ્યારે તાલિબાની ઝંડાઓને ફગાવી દીધા હતા. જેને પગલે ત્યાં હાજર તાલિબાની આતંકીઓએ તેમના જ દેશના નાગરિકો પર ગોળીબાર કરી દીધો અને બે લોકોની હત્યા કરી નાખી હતી. સાથે જ રેલીમાં જે પણ લોકો હાજર હતા તેમને ઢોર માર પણ મારવામાં આવ્યો હતો. દરમિયાન કાબુલમાં કેટલીક મહિલાઓએ તેમની સ્વતંત્રતા માટે ધરણા કર્યા હતા અને તાલિબાની શાસનને સ્વિકારવાની ના પાડી દીધી હતી, જેની તસવીરો પણ વાઈરલ થઈ રહી છે.

બીજી તરફ તાલિબાને પોતાના દેશના નાગરિકોને આદેશ આપ્યો છે કે તેમની પાસે જે પણ હિથયાર, દારૂગોળો હોય તે તેમને સોંપી દેવામાં આવે અને ખાતરી આપી છે કે કોઈ પણ નિર્દોશ નાગરિકને હાની નહીં પહોંચાડાય અને દેશની સુરક્ષા કરવામાં આવશે.

## ભયંકર અત્યાચાર, વિદેશીને જ બહાર જવાની મંજૂરી

અફઘાનિસ્તાન પર કબજો કર્યા બાદ તાલિબાન દાવો કરી રહ્યું છે કે આ વખતે તેનું શાસન પહેલા જેવું રહેશે નહીં પરંતુ વાસ્તવિક્તા સામે આવી રહી છે. ત્રણ દિવસ પહેલા કાબુલ કબજે કર્યા બાદ તાલિબાને કહ્યું હતું કે જે લોકો અફઘાનિસ્તાન છોડવા માગે છે તેમને રોકવામાં આવશે નહીં પરંતુ હવે તાલિબાનીઓએ કાબુલ એરપોર્ટને ઘેરી લીધું છે અને લોકોને એરપોર્ટ સુધી પહોંચતા અટકાવી રહ્યા છે. માત્ર વિદેશીઓને જવાની મંજૂરી આપવામાં આવી રહી છે.

## તાલિબાને પહેલા મહિલા ગર્વનરને બંધક બનાવ્યા

તાલિબાનની કરની અને કથનીમાં કેટલો ફરક છે તે હવે બહાર આવવા માંડ્યુ છે. અફઘાનિસ્તાન પર કબ્જો જમાવ્યા બાદ તાલિબાનના પ્રવક્તાએ ગઈકાલે મહિલાઓને સરકારમાં ભાગીદારી આપવાની અને તેમને કામ કરવાની છુટ આપવા જેવી સૂફિયાણી વાતો કરી હતી અને આજે તાલિબાને પોતાનો અસલી ચહેરો બતાવ્યો છે. તાલિબાને અફઘાનિસ્તાનના બલ્ખ પ્રાંતના મહિલા ગર્વનર સલીમા મજારીને બંધક બનાવ્યા છે. એવુ મનાઈ રહ્યુ છે કે, તાલિબાન સામે અવાજ ઉઠાવવા બદલ સલીમા મજારીને કેદ કરવામાં આવ્યા છે. સલીમા મજારી અફઘાનિસ્તાનના પહેલા મહિલા ગર્વનરો પૈકીના એક છે.

## અફઘાનીઓ માટે ભારતે ઇ-વિઝાનો પ્રારંભ કર્યો

અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા બાદ વણસેલી પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં ભારત આવવા ઇચ્છતા અફઘાન નાગરિકોની વિઝા અરજીઓના ઝડપથી નિકાલ માટે ભારત સરકારે મંગળવારે નવા ઇ-ઇમર્જન્સી એક્સ-મિસેલેનિયસ વિઝાનો પ્રારંભ કર્યો છે. આ પહેલાં અફઘાન નાગરિકોને ભારતના વિઝા માટે ઇ-વિઝા કેટેગરીમાં સામેલ કરાયા નહોતા અને તેમણે ભારતનો વિઝા હાંસલ કરવા માટે ભારતીય દૂતાવાસમાં રૂબરૂ હાજર થવું પડતું હતું. પરંતુ હવે કાબુલમાં ભારતીય દૂતાવાસ બંધ થઇ જતાં કેન્દ્ર સરકારે અફઘાન નાગરિકોને ઇ-વિઝા જારી કરવાનો નિર્ણય લીધો છે.

## USએ અફઘાનની 10 અબજ ડોલરની સંપત્તિ ફ્રીઝ કરી

અમેરિકાએ અફઘાનિસ્તાનમાંથી ભલે પોતાના સૈનિકોને પાછા બોલાવી લીધા હોય પરંતુ તાલિબાનો માટે કાબુલ ઉપરનો વિજય આર્થિક રીતે ફળદાયી રહેવા દેશે નહીં કેમ કે તેણે અફઘાનિસ્તાનની સેન્ટ્રલ બેન્કની લગભગ ૧૦ અબજ ડોલરની સંપત્તિને ફ્રીઝ કરી દીધી છે. એટલું જ નહીં દેશના નાણા તાલિબાનોના હાથમાં જતા રહે નહીં તેના માટે અમેરિકાએ હાલના તબક્કે અફઘાનિસ્તાનને રોકડનો પૂરવઠો પણ રોકી દીધો છે.

## અફઘાનમાં 11-09-2001માં તાલિબાનનાં પતનથી 15-08-2021 સુધીની તવારીખ



**૨૦૦૧:** તાલિબાનોએ ૧૯૯૬માં ઓસામા બિન લાદેનને શરણ આપી અમેરિકા ઉપર ૯-૧૧ના વિખ્યાત હુમલા કરાવ્યા. બદલામાં અમેરિકન રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યૂ બુશે ૭ ઓક્ટોબરે આતંકવાદ સામે યુદ્ધના નામે અફઘાનિસ્તાન ઉપર આક્રમણ કર્યું. તાલિબાનો ભાગી ગયા.

**૨૦૦૮ :** તાલિબાની બળવા પછી વધારે અમેરિકી સૈનિકો અફઘાનિસ્તાનમાં ઉતારવામાં આવ્યા.

**૨૦૦૯ :** ૨૦ ઓગસ્ટે ફરી ચૂંટણી થઈ. અનેક ગરબડો અને ઓછા મતદાન છતાં હામિદ કરઝઈ ફરી રાષ્ટ્રપતિ બન્યા, બરાક ઓબામાએ સત્તામાં આવ્યા પછી અફઘાનિસ્તાનમાં સૈનિકો ડબલ (૬૮,૦૦૦)કરી દીધા

**૨૦૧૦ :** બરાક ઓબામાએ વધુ ૩૨,૦૦૦ સૈનિકો મોકલ્યા.

૨૦૧૧ : બીજી મેના દિવસે અમેરિકન સૈન્યના ગુપ્ત ઓપરેશનમાં ઓસામા બિન લાદેન માર્યો ગયો.

**૨૦૧૨ :** ૨૦ જૂને બરાક ઓબામાએ જાહેર કર્યું કે ટૂંકમાં ૩૩,૦૦૦ સૈનિકો પાછા બોલાવાશે. ધીમેધીમે બધું સૈન્ય પાછું બોલાવી લેવાશે.

**૨૦૧૪ :** જૂનમાં ચુંટણીઓ પછી અશરફ ગની રાષ્ટ્રપતિ બન્યા.

**૨૦૨૦ :** ૧૮ ફેબ્રુઆરીએ અશરફ ગનીને બીજી વખત વિજય મળ્યો અને તે રાષ્ટ્રપ્રમુખ બન્યા.

**૨૯ ફેબ્રુઆરી**એ દોહા ખાતે તાલિબાન અને અમેરિકા વચ્ચે ઐતિહાસિક કરાર થયો કે મે ૨૦૨૧ સુધી બધા અમેરિકન અને નાટો દળો અફઘાનિસ્તાન છોડી જશે. તાલિબાનોએ કાબુલ સાથે વાટાઘાટો કરી અહિંસક રીતે સત્તામાં ભાગીદારી કરશે. સપ્ટેમ્બરમાં તાલિબાનોએ વાટાઘાટ ચાલુ કરી. બીજી બાજુ હિંસક હુમલા વધતા ગયા.

**૨૦૨૧ :** મે મહિનામાં કરાર મુજબ અમેરિકન સૈન્યના ૨,૫૦૦ અને નાટો સૈન્યોના ૭,૦૦૦ સૈનિકો અફઘાનિસ્તાન છોડી ગયા. અમેરિકનોએ કંદહાર એરપોર્ટ છોડી દીધું.

**૬ ઓગસ્ટે** તાલિબાનોએ દક્ષિણ-પશ્ચિમમાં રાજધાની જરાંજ ઉપર કબજો કર્યો.

**૧૩ ઓગસ્ટ** સુધી અફઘાનિસ્તાનના ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણના મોટાભાગના વિસ્તારો તાલિબાનોએ કબજે કરી લીધા.

**૧૫ ઓગસ્ટે** પૂર્વના જલાલાબાદ પર કબજો કર્યા પછી તાલિબાનોએ કાબુલ ઘેરી લીધું. તાલિબાની વડો કાબુલ આવી પહોંચ્યો. રાષ્ટ્રપતિ અશરફ ગની સાથે વાતો કરી. અશરફ ગની દેશ છોડી સત્તા તાલિબાનોને સોંપી અજ્ઞાત સ્થળે ભાગી ગયા.

## સુપ્રીમ લીડર-કાઉન્સિલ ચલાવશે તાલિબાન શાસન

જ્યાં સુધી તાલિબાન અફઘાનિસ્તાનમાં પોતાની નવી સરકારની રચના ન કરી લે ત્યાં સુધી એક કાઉન્સિલ દ્વારા આખા દેશને ચલાવવામાં આવશે. તાલિબાનીઓ હાલ અફઘાનિસ્તાનના નેતાઓ, સેનાના ઓફિસર્સ સાથે ચર્ચા ચાલુ રાખશે અને નવી સરકારના ફ્રેમવર્ક પર કામ કરવામાં આવશે. એક તાલિબાની નેતાએ જણાવ્યું કે, તાલિબાન તમામ નેતાઓ ઓફિસર્સ સાથે વાત કરી રહ્યું છે અને બધા સાથે વાત કર્યા બાદ નવી સરકારની રચના કરવામાં આવશે.

## તાલિબાનોનું મહિલાઓને સરકારમાં જોડાવા આમંત્રણ

કાબુલ : તાલિબાનોએ કાબુલમાં સત્તા કબ્જે કર્યા પછી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હજારો લોકોના પલાયનના ભયાનક દ્રશ્યો સર્જાયા પછી તાલિબાનોએ મંગળવારે પોતાની છબીનું મેકઓવર કરતા હોય તેમ પોતાના વિરોધીઓ સહિત બધા જ લોકોને માફી આપવાની જાહેરાત કરી હતી. એટલું જ નહીં તાલિબાનોના અગાઉના શાસનમાં મહિલાઓની અત્યંત દયનીય હાલત થઇ હતી તેને ભૂલાવવા માગતા હોય તેમ તાલીબાનના એક નેતાએ ઈસ્લામિક કાયદા મુજબ મહિલાઓને સરકારમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું છે તેવો દાવો મીડિયા સમક્ષ કર્યો હતો.

## અફઘાનિસ્તાનમાં ફસાયેલા છે 1650થી વધુ ભારતીય

અફઘાનિસ્તાનમાં તાલિબાની શાસનની શરૂઆત થયા બાદથી જ ભારતનું ફોકસ ત્યાં અટવાયેલા ભારતીય નાગરિકોને બચાવવા પર રહ્યું છે. અત્યાર સુધી ભારતીય દૂતાવાસના અધિકારીઓ, સ્ટાફ, સુરક્ષા કર્મચારીઓને પાછા લાવવામાં આવ્યા છે. હવે અન્ય ભારતીયોને પાછા લાવવા પર ફોકસ છે. જાણકારી પ્રમાણે લગભગ 1650 ભારતીયોએ કાબુલ સ્થિત ભારતીય દૂતાવાસમાં મદદ માંગી છે. રિપોર્ટ પ્રમાણે વિદેશ મંત્રાલય દ્વારા અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીયો માટે હેલ્પલાઇન નંબર, ઈ-મેલ આઇડી જારી કરવામાં આવ્યા હતા. આ દરમિયાન લગભગ 1650 ભારતીયોએ વતન વાપસી માટે અપ્લાય કર્યું છે.

## તાલિબાને ભારત સાથેની આયાત-નિકાસ રોકી દીધી

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા સાથે જ હવે તેના પાડોશી કે અન્ય દેશો સાથેના સંબંધ પણ બદલાવા લાગ્યા છે. ભારત અને અફઘાનિસ્તાન ગાઢ મિત્રો રહી ચુક્યા છે પરંતુ તાલિબાનના સત્તા પરના કબજા સાથે જ ભારત સાથેની આયાત અને નિકાસ બંને બંધ કરી દેવામાં આવ્યા છે. ફેડરેશન ઓફ ઇન્ડિયા એક્સપોર્ટ ઓર્ગેનાઇઝેશનના ડો. અજય સહાયે આ વાતની પુષ્ટિ કરી હતી.

## અફઘાન સેનાના 3.5 લાખ સૈનિકો સામે 70,000 તાલિબાનીઓ ભારે પડયા

હવે અફઘાનિસ્તાનમાં તાલિબાનનું રાજ કાયમ થઇ ગયું છે અને તેમનો ઝંડો કાબુલના રાષ્ટ્રપતિ ભવન પર લહેરાઇ રહ્યો છે. ખુદ તાલિબાનને પણ આટલી સરળતા અને ઝડપથી અફઘાનિસ્તાન તેઓના તાબામાં આવી જશે તેની કલ્પના નહોતી.

આંતરરાષ્ટ્રીય બાબતોના જાણકાર માને છે કે, અમેરિકાએ અફઘાનિસ્તાન છોડયું તેથી તાલિબાન જીતી રહ્યું છે. આ સિવાય તાલિબાન જે ઝડપે આગળ વધ્યું તેના કારણમાં અફઘાન સેનાનું નબળું મનોબળ પણ જવાબદાર છે જેના કારણે ૩.૫ લાખની સેના સામે ૭૦,૦૦૦ તાલિબાની લડવૈયાઓએ જીત મેળવી. અફઘાન સૈન્ય પાસે વાયુસેના પણ હતી જ્યારે તાલિબાન પાસે વાયુસેના નહોતી. અફઘાન સૈન્યના મુકાબલે તાલિબાન પાસે હથિયાર અને દારૂગોળો પણ ઓછો હતો. તાલિબાનની આ ઝડપ સચોટ રણનીતિનું પણ પરિણામ છે. અમેરિકન સેનાની હાજરી સમયે પણ તાલિબાને ચુપચાપ જમીન પર હોમવર્ક ચાલુ રાખ્યું હતું અને ઘણા નેતાઓ, અધિકારીઓ અને અફઘાનિસ્તાનની સૈન્યના કમાન્ડરોના તેમના સંપર્કમાં હતા. સરકારની રજેરજની માહિતી તેઓ સુધી પહોંચતી હતી.

આ સિવાય કાબુલની સરકાર બહુ ભ્રષ્ટ હતી અને સરકારને એ પણ ખબર નહોતી કે કાબુલની બહારના લોકો તેમની સરકાર અંગે શું વિચારી રહ્યા છે. અધૂરામાં પૂરું સરકારે ગયા વર્ષોમાં દેશભરમાં સ્થાનિક નેતાઓ અને મિલિશિયા કમાન્ડરોને નિશાન બનાવ્યા હતા અને હવે તેઓ ઇચ્છતા હતા કે આ બધા તેમને તાલિબાન વિરુદ્ધની લડાઇમાં તેમનો સાથ આપે. તજજ્ઞાો માને છે કે અફઘાન સેનાનું મનોબળ તૂટવાનું કારણ અમેરિકન સેનાનું વલણ છે.

# ICC દ્વારા ટી-૨૦ વર્લ્ડકપનો કાર્યક્રમ જાહેર ૨૪ ઓકટોબરે ભારત-પાકિસ્તાન ટકરાશે

**દુબઈ**

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલે (ICC) એ ઓકટોબર મહિનામાં શરૂ થનાર ટીર૦ વિશ્વકપના કાર્યક્રમની જાહેરાત કરી દીધી છે. આઈસીસીએ ગ્રુપની પહેલા જ જાહેરાત કરી દીધી હતી.

આજે આઈસીસીએ સત્તાવાર કાર્યક્રમ પણ જાહેર કરી દીધો છે. આઈસીસી ટીર૦ વિશ્વકપનો પ્રારંભ ૧૭ ઓકટોબરથી કવોલિફાઈ રાઉન્ડ સાથે થવાનો છે. ત્યારબાદ ૨૩ ઓકટોબરથી ટીર૦ વિશ્વકપનો મહત્વના મુકાબલાની શરૂઆત થવાની છે. ભારત અને પાકિસ્તાન ૨૪ ઓકટોબરે દુબઈમાં આમને-સામને હશે. આ ટૂર્નામેન્ટની ફાઈનલ ૧૪ નવેમ્બરે રમાશે.

## આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ગ્રુપ

**રાઉન્ડ-૧ ગ્રુપ A:** શ્રીલંકા, આયરલેન્ડ, નેધરલેન્ડ, નામ્બિયા,

**ગ્રુપ: B** બાંગ્લાદેશ, સ્કોટલેન્ડ, પપુઆ ન્યૂ ગિની, ઓમાન

**સુપર ૧૨**

**ગ્રુપ A:** ઑસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, વેસ્ટઈન્ડિઝ, A1, B2

**ગ્રુપ B:** ભારત, પાકિસ્તાન, ન્યૂઝીલેન્ડ, અફઘાનિસ્તાન, B1, A2

### 14 નવેમ્બરે રમાશે ફાઇનલ જંગ

આઈસીસી ટીર૦ વિશ્વકપના મુખ્ય રાઉન્ડમાં કુલ ૧૨ ટીમ ભાગ લેવાની છે. ટૂર્નામેન્ટની પ્રથમ સેમિફાઇનલ મેચ ૧૦ નવેમ્બરે અને બીજી સેમિફાઇનલ ૧૧ નવેમ્બરે રમાશે. જ્યારે ફાઇનલ જંગ ૧૪ નવેમ્બરે રમાશે.

## નવા રેકોર્ડ સાથે ભારતીય મિક્સ રિલે ટીમ ફાઈનલમાં

**નૈરોબી**

કેન્યાની રાજધાની નૈરોબીમાં યોજાયેલી વર્લ્ડ એથ્લેટિક્સ અંડર-૨૦ ચેમ્પિયનશિપના પ્રથમ દિવસે બુધવારે જ ભારતન મિક્સ રિલે ટીમે નવા રેકોર્ડ સાથે ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. અંડર-૨૦ વર્લ્ડ એથ્લેટિક્સમાં પ્રથમ વખત મિક્સ રિલે ટીમ ઈવેન્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. અબ્દુલ રઝાક, પ્રિયા મોહન, સમ્મી અને કપિલની ભારતીય મિક્સ ટીમે પ્રથમ હિટમાં ત્રણ મિનિટ ૨૩.૩૬ સેકન્ડના સમય સાથે પોતાની હિટમાં પ્રથમ સ્થાન મેળવવા ઉપરાંત જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ મીટનો નવો રેકોર્ડ પણ નોંધાવ્યો હતો.

## બોલરોના ઝંઝાવત સામે અંગ્રેજો ઘુંટણીયેઃ ટીમ ઈન્ડિયાનો વિજય

**નવી દિલ્હી**



ભારતે લાજવાબ બોલિંગ અને બેટિંગ પ્રદર્શન કરતા લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમાયેલી બીજી ટેસ્ટ ક્રિકેટ મેચમાં શાનદાર વિજય નોંધાવ્યો છે. આ સાથે જ ભારતે પાંચ મેચની સીરિઝમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. લોર્ડ્સમાં ભારતનો આ ફકત ત્રીજો વિજય છે. સાત વર્ષે પહેલા ભારતે ૨૦૧૪માં લોર્ડ્સમાં વિજય નોંધાવ્યો હતો. ભારતે ઈંગ્લેન્ડ સામે જીતવા ૨૭૨ રનનો સ્કોર નોંધાવ્યો હતો. જેના જવાબમાં ઈંગ્લિશ બેટ્સમેનોએ ભારતીય બોલર્સ સામે હથિયાર હેઠા મૂકી દીધા હતા. ઈંગ્લેન્ડની ટીમ ૧૨૦ રનમાં જ તંબૂ ભેગી થઈ જતા તેને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. એક સમયે ઈંગ્લેન્ડના પૂંછડિયા બેટ્સમેનોએ વળતી લડત આપવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ભારતીય ઝડપી બોલર્સે તેમના પ્રયાસને સફળ થવા દીધો ન હતો. ભારતે ૨૦૯ રનમાં પોતાની આઠ વિકેટ ગુમાવી દીધી હતી. જેમાં અજિંક્ય રહાણે ૬૧, ચેતેશ્વર પૂજારાએ ૪૫, રિશભ પંતે ૨૨, રોહિત શર્માએ ૨૧ અને સુકાની વિરાટ કોહલીએ ૨૦ રનનું યોગદાન આપ્યું હતું.

## ટેસ્ટ રેન્કીંગમાં જો રૂટને ફાયદોઃ વિલિયમ્સન ટોચ પર

ICC એ તાજેતરમાં ટેસ્ટ રેન્કિંગ જાહેર કરી છે. જો રૂટ હવે રેન્કિંગમાં ટોચના ક્રમાંકિત કેન વિલિયમ્સનની નજીક આવી ગયો છે. વિલિયમ્સનના રેન્કિંગમાં ૯૦૧ પોઇન્ટ છે જ્યારે જો રૂટના ૮૯૩ પોઇન્ટ છે. જ્યારે હિટમેન રોહિત શર્માએ કારકિર્દીની શ્રેષ્ઠ ટેસ્ટ રેટિંગ ૭૭૩ મેળવી છે. રોહિત અને વિરાટની રેટિંગમાં માત્ર ત્રણ પોઇન્ટનો તફાવત છે. લોર્ડ્સ ટેસ્ટ મેચના પ્રથમ દાવમાં સદી ફટકારનાર કેએલ રાહુલ રેન્કિંગમાં ૩૭ માં સ્થાને પહોંચી ગયો છે. બુમરાહ બોલરોની યાદીમાં ૧૦ માં સ્થાને પહોંચી ગયો છે. તેના સિવાય સ્પિનર રવિચંદ્રન અશ્વિન ટોપ -૧૦ માં સામેલ છે, જે હજુ બીજા નંબર પર છે.

## વિન્ડીઝે ભારે રસાકસી બાદ પાક.ને એક વિકેટે હરાવ્યું

વેસ્ટ ઇન્ડિઝે ભારે રસાકસી બાદ પાકિસ્તાનને એક વિકેટે હરાવીને પોતાના આઇસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના અભિયાનનો પ્રારંભ કર્યો હતો. આ સાથે વિન્ડીઝે બે ટેસ્ટની શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી હતી. પાકિસ્તાનનો બીજો દાવ ૨૦૩ રનમાં સમેટાતા વિન્ડીઝને ટેસ્ટ જીતવા માટે ૧૬૮ રનનો ટાર્ગેટ મળ્યો હતો. એક સમયે વિન્ડીઝની ૧૫૧ રનના સ્કોરે નવ વિકેટ પડી ગઇ હતી અને યજમાન ટીમનો પરાજય નિૃતિ જણાતો હતો પરંતુ ૧૯ વર્ષીય જેડન સિલેસે ૧૧મા ક્રમે બેટિંગ કરીને ટીમને વિજય અપાવ્યો હતો. તેણે કેમર રોચ (અણનમ ૩૦) સાથે છેલ્લી વિકેટ માટે મહત્ત્વપૂર્ણ ૧૭ રનની ભાગીદારી નોંધાવી હતી.

## સ્ટીવ સ્મિથ IPLથી ક્રિકેટમાં પુનરાગમન કરવા તૈયાર



નવી દિલ્હીઃ ઓસ્ટ્રેલિયાનો ટોચનો બેટ્સમેન સ્ટીવ સ્મિથ ચાલુ વર્ષે યોજાનારી આઇપીએલથી ક્રિકેટમાં પુનરાગમન કરશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. સ્મિથને કોણીની ઈજા સતાવી રહી છે અને આ જ કારણે તે છેલ્લા કેટલાક સમયથી ક્રિકેટથી દૂર જોવા મળી રહ્યો હતો. જોકે, ૩૨ વર્ષીય ઓસ્ટ્રેલિયન બેટ્સમેને ફરી પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. બાયોબબલમાં કોરોનાના કેસ વધતાં મે મહિનામાં આઇપીએલને સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી.

## થિયમ ઈજાના કારણે યુએસ ઓપનમાંથી બહાર

પેરિસઃ ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રીયન ટેનિસ સ્ટાર ડોમિનિક થિયમે યુએસ ઓપનમાંથી ખસી જવાનો નિર્ણય જાહેર કર્યો છે. થિયમને જુન મહિનામાં કાંડામાં ઈજા થઈ હતી. જેના કારણે હવે તે વર્ષ ૨૦૨૧ની ટેનિસ સિઝનની બાકીની કોઈ ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકે તેમ નથી. ૨૭ વર્ષના ઓસ્ટ્રીયન ખેલાડીએ સોશિયલ મીડિયામાં આ અંગેની જાહેરાત કરતાં કહ્યું હતુ કે, તેની હાલતમાં સુધારો થઈ રહ્યો હોય તેમ લાગતું હતુ. જોકે ગત સપ્તાહે ફરી વખત અચાનક દર્દ વધી ગયું હતુ. જેના કારણે ડોક્ટરોએ તેને બાકીની ટુર્નામેન્ટમાંથી ખસી જવાની સલાહ આપી છે.




CLUB CERAMIC
Lapoto Finish
Matt Fiish
પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી
Porcelain tiles starting from $0.89 per square feet only
Ceramic tiles starting from $0.50 per square feet only
સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે
-: Available Size :-
24" * 24" I 12" * 24" I 24" * 48" I 4" * 8" I 4" * 12"
MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
https://clubceramic.com Email : sales@clubceramic.com


PANCHVATI SUPERMARKET
www.panchvatisupermarket.ca
સર્વે ભાઈ અને બહેનોને રક્ષાબંધનની શુભકામના
રક્ષાબંધન નિમિત્તે રાખડી, મીઠાઈઓ, ગીફ્ટ બોક્સ તેમજ પૂજાની સામગ્રી મળશે તો આજે જ લાભ ઉઠાવો
MISSISSAUGA
169 Dundas St. E, Unit# 1 to 4, Mississauga, ON L5A 1W8
Call : 905-232-3955
BRAMPTON
8814 The Gore Road, Unit 4-8, Brampton, ON L6P 0B1
Call : 905-794-5372
SCARBOROUGH
2141 Ellesmere Road, Behind Scotia Bank Scarborough, ON M1G 3M6
Call : 416-439-9393
ETOBICOKE
3-45 Woodbine Downs Blvd, Etobicoke, ON M9W 6N5
Call : 416-213-9394
AJAX
18, Harwood Ave. South, Ajax, ON L1S 6N2
Call : 905 426 2499
SCARBOROUGH
1255 Markham Rd, Scarborough, ON M1H 2Z5 · Call : 416-289-6988